# VIVEKANAND ACADEMY

## SECTOR-22 GANDHINAGAR

**DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-10-2020**




## ૧. ગુજરાત સરકાર: રમતગમત વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ત્રણ નવી યોજનાઓનું ઈ-લોન્ચિંગ

ગાંધીનગરથી મુખ્યમંત્રીશ્રી દ્વારા ત્રણ નવી યોજનાઓનો શુભારંભ

**(૧) મોબાઈલ ટુ સ્પોર્ટ્સ**

**(૨) ગ્રામ્ય રમતગમત વિકાસ યોજના**

**(૩) પદક વિજેતા રમતવીરો માટે રોજગાર માર્ગદર્શન કેન્દ્ર**

Sports Authority of Gujarat
Sports, Youth and Cultural Activities Department.
Government of Gujarat

**(૧) મોબાઈલ ટુ સ્પોર્ટ્સ : ઘરમાં જ રમીએ (Play at Home) અભિયાન :**

**હેતુ :**

- ✓ યુવાનોને રમતગમત પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત કરવા તેમજ રમતગમત માટે પ્રોત્સાહિત કરવા.
- ✓ યુવાનોનું શારીરિક અને માનસિક આરોગ્ય તંદુરસ્ત રહે અને તેઓ રમતગમત પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત થાય તે હેતુથી વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન MOBILE TO SPORTS નામની નવી યોજના

**શું છે Play at Home ?**

- ✓ અત્યારની પરિસ્થિતિમાં યુવાનો ઘરે રહીને રમતો રમી શકે અને પોતાની તંદુરસ્તી જાળવી શકે તે માટે "ઘરમાં જ રમીએ" (Play at Home) પધ્ધ્તિ વિકસિત કરવાના હેતુથી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના કોચીઝ દ્વારા તૈયાર કરવામાં આવેલ જુદા જુદા વિડિયો મારફતે યુવાનોને ઘરમાં જ રમવાની પધ્ધતિઓ શીખવવામાં આવશે.
- ✓ રેડિયોમાં Sports Quiz અને ટીવીમાં ટૂંકી જાહેરાતો દ્વારા યુવાનોને શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે રમતગમત તરફ આકર્ષિત કરવાના હેતુથી MOBILE TO

SPORTS : PLAY AT HOME અભિયાન હાથ ધરવા નક્કી કરવામાં આવ્યું છે.

**ઈનામ :**

- ✓ FM રેડિયો ઉપર સ્પોર્ટ્સને લગતી ક્વીઝનું આયોજન કરી સાચા જવાબ આપનાર વિજેતાને રૂ.૧૦૦૦/-નો પુરસ્કાર.
- ✓ મોબાઈલ ટુ સ્પોર્ટ્સ યોજના અંતર્ગત કોઈ પણ વ્યક્તિ પોતાનો ત્રણ મિનિટનો હોમ ફીટનેસ વિડિયો બનાવી મોબાઈલ ટુ સ્પોર્ટ્સના ફેસબુક પેજ પર અપલોડ કરી શકશે.
- ✓ જેમાંથી બેસ્ટ હોમ ફીટનેસ વિડિયોની પસંદગી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની નક્કી કરવામાં આવેલ સમિતિ દ્વારા કરવામાં આવશે. બેસ્ટ હોમ ફીટનેસ વિડિયોના વિજેતાને રૂ.૨૫૦૦/-નો પુરસ્કાર.

**ફિટનેસ ચેલેન્જ**

- ✓ મોબાઈલ ટુ સ્પોર્ટ્સ યોજના અંતર્ગત દર મહીને ફિટનેસ ચેલેન્જનું આયોજન.
- ✓ જે અંતર્ગત કોઈ પણ વ્યક્તિ ફીટનેસ ચેલેન્જ વિડિયો બનાવી દર મહિનાની ૨૭ તારીખે મોબાઈલ ટુ સ્પોર્ટ્સના ફેસબુક પેજ પર અપલોડ કરી શકશે.
- ✓ જેમાંથી બેસ્ટ ફીટનેસ ચેલેન્જ વિડિયોની પસંદગી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની નક્કી કરવામાં આવેલ સમિતિ દ્વારા કરવામાં આવશે.
- ✓ બેસ્ટ ફીટનેસ ચેલેન્જ વિડિયોના વિજેતાને રૂ.૨૫૦૦/-નો પુરસ્કાર અપાશે.

## (૨) ગ્રામ્ય રમતગમત વિકાસ યોજના:

**હેતુ :**

- ✓ આ યોજના અંતર્ગત ગુજરાત રાજયના ૫૦૦ ગામોમાં વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષમાં બાસ્કેટબોલ, ફૂટબોલ, વોલીબોલ, ખો-ખો, કબડ્ડી, એથ્લેટીક્સ વગેરે જેવી રમતો માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના કોચીઝ દ્વારા સ્થળ પસંદ કરી રમતગમતના મેદાન તૈયાર કરાશે.

**યોજનાનો વ્યાપ :**

- ✓ જેમાં ગુજરાત રાજયના કુલ ૨૫૨ તાલુકામાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના તાબાના ડીસ્ટ્રીક/સિનિયર કોચ દ્વારા તાલુકાઓની મુલાકાત કરી તાલુકા દીઠ બે ગામોમાંથી રમતગમતના મેદાનો વિકસીત કરવા માટે જમીન પસંદગી કરવામાં આવનાર છે.

**રકમ :**

- ✓ પસંદ કરેલ દરેક ગામને આશરે રૂ.૬૦,૦૦૦/- (અંકે રૂપિયા સાઈઠ હજાર પુરા) ફાળવવામાં આવશે. ગુજરાત રાજય યુવક બોર્ડ હેઠળના સ્વામી વિવેકાનંદ કેન્દ્રના તાલિમ મેળવેલા સભ્યશ્રીઓ દ્વારા આ કાર્યક્રમની દેખરેખ તથા સંચાલન કરવામાં આવનાર છે.

**લાભ :**

- ✓ આ કાર્યક્રમ થકી યુવાનો નિયમિત રીતે ખેલ પ્રવૃત્તિઓમાં ભાગ લેશે અને તેમની શારીરિક-માનસિક તદુંરસ્તી વધશે અને ખેલ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે.

✓ ગુજરાત રાજયના અંતરીયાળ ગામોના યુવાનોમાં છુપાયેલી પ્રતિભાને બહાર લાવવા માટે આ યોજના થકી યુવાનોને એક તક મળી રહેશે.

✓ ગુજરાતના અંતરીયાળ ગામોના યુવાનો પણ રાજયકક્ષાએ, રાષ્ટ્રીયકક્ષાએ અને આંતરાષ્ટ્રીયકક્ષાએ રમતગમતની સ્પર્ધામાં ભાગ લઈ તેમના ગામનું, જિલ્લાનું, ગુજરાત રાજયનું અને ભારત દેશનું ગૌરવ વધારે તે હેતુ

**(3) રમતવીરો માટે રોજગાર માર્ગદર્શન કેન્દ્ર**

**હેતુ :**

✓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતવીરો પાસે નોકરી ન હોય તો તેઓને આ યોજના અંતર્ગત નોકરી મેળવવા માટે મદદ કરવામાં આવશે.

**પ્રક્રિયા :**

✓ દરેક જિલ્લામાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરીમાં સ્પોર્ટ્સપર્સન એપ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર બનાવવામાં આવ્યા છે.

✓ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ખેલાડીઓની માહિતી મેળવી એક યાદી તૈયાર કરશે અને એક ડેટા બેઈઝ મેન્ટેન કરશે.

✓ જ્યારે પણ ખેલાડીઓની ભરતી માટેની જાહેરાત આવે ત્યારે આવેલ જાહેરાતની માહિતી ડેટા એન્ટ્રી ઓપરેટર દરેક ખેલાડીને પહોંચાડશે જેથી ખેલાડીઓને તેમનીનોકરીની અરજી કરવા માટે મદદ મળી શકે.

**લાભ :**

✓ આ યોજના ભારત સરકાર, ગુજરાત સરકાર, બેંકીંગ ક્ષેત્ર તથા બોર્ડ કોર્પોરેશનમાં નોકરી માટે રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીયકક્ષાએ પદક મેળવેલ ખેલાડીઓને સ્પોર્ટ્સ ક્વોટા અંતર્ગત ભરતી માટે મદદરૂપ થશે.

**યોજનાનો વ્યાપ**

✓ રાજયના 33 જિલ્લામાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરીમાં રમતવીરો માટે રોજગાર માર્ગદર્શન કેન્દ્ર શરૂ કરાશે.

✓ **એજન્સી** : આ કાર્યક્રમનું મોનીટરીંગ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સ્પોર્ટ્સપર્સન એપ્લોયમેન્ટ સેલ દ્વારા કરાશે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. એર ઈન્ડિયા વન બોઈંગ 777-300 : ભારતમાં VVIP મહાનુભાવોના પ્રવાસ માટે તૈયાર કરાયેલું આધુનિક વિમાન (સુવિધા-સુરક્ષા)



**વિશેષતા :**

**રૂપિયા ૮૪૫૮ કરોડને ખર્ચે તૈયાર થયો ઉડતો અભેદ કિલ્લો**

- ✓ વિમાન સ્ટેટ ઓફ આર્ટ મિસાઇલ ડિફેન્સ સિસ્ટમથી સજ્જ છે. તે સિસ્ટમ લાર્જ એરક્રાફ્ટ ઇન્ફ્રારેડ કાઉન્ટર મેજરને નામે ઓળખાય છે.
- ✓ તેમાં બેસાડવામાં આવેલ સેલ્ફ પ્રોટેક્શન સ્યૂટ શત્રુની રડાર ફ્રીક્વન્સીને જામ કરવાની ક્ષમતા ધરાવે છે.
- ✓ વિમાન માત્ર હુમલો ખાળવાની ક્ષમતા જ નથી ધરાવતું પરંતુ વળતા પગલાં લેવાની પણ ક્ષમતા ધરાવે છે.

**વાયુસેનાના પાઇલટ સંભાળશે સંચાલન**

- ✓ વિમાન સિક્યુર્ડ કોમ્યુનિકેશન સિસ્ટમથી સજ્જ છે. રેકોર્ડ કે ટેપ ના થઇ શકે તે રીતે વિમાનમાંથી સંદેશા વ્યવહાર થઇ શકે છે.
- ✓ વિમાન બે જીઇ ૯૦-૧૧૫ બીએલ એન્જિનથી સંચાલિત છે.
- ✓ વિમાન મિનિ મેડિકલ સેન્ટર પણ ધરાવે છે. વિમાન ફરી ઇંધણ ભર્યા વિના ૧૭ કલાકની ઉડાન ભરી શકે છે.

**વિગત :**

- ✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ એર ઇન્ડિયા વનનો ઉપયોગ કરશે. સ્ટેટ ઓફ આર્ટ ટેકનોલોજીથી સજ્જ એર ઇન્ડિયા વન બોઇંગ ૭૭૭-300 ઇઆર વિમાન ભારત આવી પહોંચ્યું છે.
- ✓ આ વિમાન છેલ્લા ૨૫ વર્ષથી વીવીઆઇપી સેવામાં તૈનાત થયેલા ૭૪૭-૪૦૦ વિમાનનું સ્થાન લેશે.
- ✓ અમેરિકી પ્રમુખના એર ફોર્સ વનના મોડલ આધારે એર ઇન્ડિયા વન પણ આધુનિક ટેકનોલોજીથી સજ્જ છે.
- ✓ એર ઇન્ડિયા વન મિસાઇલનો સામનો કરવાની પણ ક્ષમતા ધરાવે છે. ભારતીય વાયુસેના એર ઇન્ડિયા વનની જાળવણી કરશે.
- ✓ બનાવનાર કંપની : બોઈંગ, USA
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. દિન વિશેષ : 01 ઓક્ટોબર

### (૧) રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ

### ખાસ: ૧૮ થી ૬૫ વર્ષની વય ધરાવતા તંદુરસ્ત વ્યક્તિ દર ત્રણ-ચાર મહિને નિયમિત રક્તદાન કરી શકે છે




- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

### (૨) વિશ્વ વૃદ્ધજન દિવસ

- ✓ થીમ-૨૦૨૦:“Pandemics: Do They Change How We Address Age and Ageing?”.




✓ પ્રથમ પ્રારંભ તા. ૦૧-૧૦-૧૯૯૧થી

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## (3) યુ.એસ.એના નાણાકીય વર્ષનો પ્રથમ દિવસ




✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## (૪) ચીનનો રાષ્ટ્રીય દિવસ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૧૦-૨૦૨૦)

1. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રમત ગમત વિભાગ અંતર્ગત કઈ ત્રણ નવી યોજનાઓ લોન્ચ કરી- . **(૧) મોબાઈલ ટુ સ્પોર્ટ્સ (૨) ગ્રામ્ય રમતગમત વિકાસ યોજના અને (3) પદક વિજેતા રમતવીરો માટે રોજગાર માર્ગદર્શન કેન્દ્ર**
2. ગુજરાતના યુવાનોને રમતગમત પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત કરવા કઈ નવી યોજના લોન્ચ કરી - **mobile to sports**
3. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા યુવાનો ઘરમાં રહીને જ રમતો રમી શકે તે માટે કઈ નવી પદ્ધતિ વિકસાવી છે - **ઘરમાં જ રમીએ- પ્લે એટ હોમ**
4. મોબાઈલ 2 સ્પોર્ટ્સ અંતર્ગત બેસ્ટ હોમ ફિટનેસ વીડિયો વિજેતાને કેટલું ઇનામ આપવામાં આવશે- **રૂ.2500/-**
5. mobile to sports યોજના અંતર્ગત દર મહિને ફિટનેસ ચેલેન્જને કેટલું ઇનામ અપાશે - **રૂ.2500/-**
6. તાજેતરમાં કઈ નવી યોજના અંતર્ગત ગુજરાતના 500 ગામોમાં રમતના મેદાન તૈયાર કરાશે - **ગ્રામ્ય રમતગમત વિકાસ યોજના**
7. ગ્રામ્ય રમત ગમત વિકાસ યોજના અંતર્ગત કઈ રમતના મેદાનો ગ્રામ્ય સ્તરે તૈયાર કરાશે- **કબડી, બાસ્કેટબોલ, ફૂટબોલ, વોલીબોલ, ખો ખો અને એથ્લેટીક્સ**
8. ગ્રામ્ય રમત ગમત વિકાસ યોજના અંતર્ગત તાલુકા દીઠ કેટલા ગામમાં રમતના મેદાનો તૈયાર કરાશે -**02**
9. ગ્રામ્ય રમત ગમત વિકાસ યોજના અંતર્ગત પસંદ કરાયેલ ગામને મેદાન તૈયાર કરવા અંદાજે કેટલી રકમ ફાળવવામાં આવશે - **રૂ.60,000/-**
10. રાષ્ટ્રીય અને વૈશ્વિક કક્ષાએ પદક વિજેતા ગુજરાતી ખેલાડીઓને સરકારી કોટામાં નોકરી મેળવવા ગુજરાત સરકારે કયું નવું માળખું લોન્ચ કર્યું છે - **રોજગાર માર્ગદર્શન કેન્દ્ર**
11. ગુજરાતમાં પદક વિજેતા રમતવીરો માટે દરેક જિલ્લામાં કઈ કચેરીમાં રોજગાર માર્ગદર્શન કેન્દ્ર શરૂ કરાશે - **જિલ્લા રમતગમત અધિકારીની કચેરી**
12. તાજેતરમાં ભારતના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ જેવા VVIP મહાનુભાવો માટે કયું નવું

વિમાન ખરીદવામાં આવ્યું છે - **એર ઇન્ડિયા વન બોઈંગ 777-300**

13. એર ઇન્ડિયા વન બોઈંગ 777-300 કઈ સિસ્ટમથી સજ્જ છે - **સ્ટેટ ઓફ આર્ટ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ**
14. એર ઇન્ડિયા વન બોઈંગ 777-300 વિમાન કયા મોડેલને આધારે તૈયાર કરાયું છે - **એરફોર્સ વન-યુએસ પ્રમુખનું સૌથી ખાસ વિમાન**
15. એર ઇન્ડિયા વન વિમાન કયા દેશની કઈ કંપની દ્વારા તૈયાર કરાયું છે - **બોઈંગ, યુએસએ**
16. રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ કયારે મનાવવામાં આવે છે – **૧લી ઓક્ટોબર**
17. ૧૮ થી ૬૫ વર્ષની વય ધરાવતા તંદુરસ્ત વ્યક્તિ દર કેટલા મહિને નિયમિત રક્તદાન કરી શકે છે - **ત્રણ-ચાર**
18. વિશ્વ વૃદ્ધજન દિવસ કયારે મનાવવામાં આવે છે - **૧લી ઓક્ટોબર**
19. વિશ્વ વૃદ્ધજન દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **"Pandemics: Do They Change How We Address Age and Ageing?"**
20. વિશ્વ વૃદ્ધજન દિવસ મનાવવાનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો - **તા. ૦૧-૧૦-૧૯૯૧થી**
21. યુ.એસ.એના નાણાકીય વર્ષનો પ્રથમ દિવસ જણાવો - **૧લી ઓક્ટોબર**
22. ચીનનો રાષ્ટ્રીય દિવસ કયારે ઉજવવામાં આવે છે - **૧લી ઓક્ટોબર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




## ૧.બેલ્જિયમ: ડેલ્ફીન બોએલ બેલ્જિયમની સત્તાવાર રાજકુમારી (વૈશ્વિક બાબતો)

✓ ડેલ્ફીનને રોયલ ટાઈટલનો અધિકાર મળ્યો



**સમગ્ર વિવાદ શું છે :**

✓ બેલ્જિયમના પુર્વ રાજવી આલ્બર્ટ દ્વિતીયની અનૌરસ દિકરી ડેલ્ફીન બોએલ સત્તાવાર રાજકુમારી તરીકે ઓળખાશે.

✓ બ્રસેલ્સની કોર્ટ ચુકાદો આપ્યો છે કે બોએલ રોયલ ટાઇટલનો અધિકાર ધરાવે છે.

✓ આલ્બર્ટ દ્વિતીયના ડીએનએ ટેસ્ટે પુરવાર કર્યું હતું કે બોએલ તેમની જ દીકરી છે.

✓ બોએલે વર્ષ ૨૦૧૩માં કાનૂની લડત આપવાનું શરૂ કર્યું હતું.

✓ બેલ્જિયમના રાજવી સાત વર્ષ સુધી બોએલના દાવાને નકારતા રહ્યા હતા.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. ખાદી ઉત્સવ : ગુજરાતમાં ખાદી ઉપર ૨૦ ટકા વળતર (સ્વદેશી)




✓ આગામી તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૨૦ સુધી વળતરનો લાભ મળશે

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૩. શિપિંગ મંત્રાલય - હીરક જયંતિ વર્ષ : ભારત સરકાર (બંદરો)

✓ SCIના સ્થાપનાના ૫૯ વર્ષ પૂર્ણ : હીરક જયંતિ વર્ષ નિમિતે લોગાનું અનાવરણ



**વિગત :**

✓ શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાની સ્થાપનાને ૫૯ વર્ષ પૂર્ણ થતાં રાજ્ય કક્ષાના કેન્દ્રીય જહાજ તથા રસાયણ અને ખાતર મંત્રી મનસુખ માંડવિયાએ શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એસસીઆઈ)ના સ્થાપના દિન પ્રસંગે હીરક જયંતિની ઉજવણીની વર્ચ્યુઅલી શરૂઆત કરી હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૪. PMJVK – MCA : ગુજરાતમાં લઘુમતી મુસ્લિમ વિસ્તારોની કાયાપલટ માટે રૂ.૨૦૦ કરોડ (માળખાગત સુવિધા)




**વિગતવાર માહિતી :**

✓ કેન્દ્ર અને રાજ્ય સરકારે, પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ (PMJVK) અંતર્ગત લઘુમતી મુસ્લિમ વસતી ધરાવતા વિસ્તારોના વિકાસ કામગીરી માટે ગુજરાતના ૨૪ માઈનોરિટી કોન્સન્ટ્રેશન એરિયા (MCA) પસંદ કર્યા છે.

✓ PMJVK-MCA સ્કીમ અંતર્ગત આ રકમ પૈકી ૬૦ ટકા એટલે કે રૂ. ૧૨૦ કરોડ કેન્દ્ર સરકાર ફાળવશે અને બાકીની ૪૦ ટકા એટલે કે રૂ. ૮૦ કરોડની રકમ રાજ્ય સરકાર ફાળવશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. એલેક્સ વાવાઝોડુ-બ્રિટન

✓ પવનની ઝડપ -૧૦૦ કિ.મી. પ્રતિ કલાક

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૬. વૈશ્વિક સન્માન : યુક્રેનની રાજધાની કિવમાં મહાત્મા ગાંધીજીની બોન્ઝાની પ્રતિમાનું અનાવરણ



✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૭. ભારત-બાંગ્લાદેશ : તા. ૩જી ઓક્ટોબરથી બંને દેશોના નૌકાદળની ત્રિદિવસીય લશ્કરી કવાયતનો પ્રારંભ (વૈશ્વિક સંબંધો)

**કવાયતની વિગત :**

✓ બંગાળના અખાતમાં ભારત અને બાંગ્લાદેશની નૌકાદળના ત્રણે દિવસીય લશ્કરી કવાયત શરૂ કરાશે

**સંયુક્ત મેરિટાઈમ પેટ્રોલિંગ**

✓ બંને દેશો વચ્ચેના દળોમાં સહકાર વધારવા બે દિવસીય સંયુક્ત મેરિટાઇમ પેટ્રોલિંગ કરાશે.

✓ ચોથી અને પાંચમી ઓકટોબરે ઉત્તરીય બંગાળી આખાતમાં કોઓર્ડિનેટેડ પેટ્રોલની ત્રીજી આવૃત્તિ યોજાશે

✓ ગયા વર્ષે ઓકટોબરમાં પહેલી કવાયત ‘બોન્ગોસાગર’ યોજાઇ હતી જેમાં મેરિટાઇમ ડ્રીલ અને ઓપરેશન્સ કરાયા હતા.

✓ ભારતીય નૌકા દળ ‘બોન્ગોસાગર’ કવાયતમાં એન્ટી સબમરિન વોરફેર કિલ્લતાન અને ગાઇડેડ મિસાઇલ બુખારીને ઉતારશે

✓ બાંગ્લાદેશ પોતાની ગાઈડેડ મિસાઇલ ‘અબુ બક્ર’ સબમરિન ઉતારશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૮. ગુજરાત સરકાર : તા. ૨જી ઓકટોબરે વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ

**(૧) નલ સે જલ યોજના**

✓ સૌપ્રથમ ગુજરાતના ચાર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ ટકા પીવાના પાણીના નળ જોડાણની જાહેરાત




✓ ગુજરાતમાં વર્ષ-૨૦૨૨ સુધી તમામને નળ દ્વારા પાણી અપાશે.

નલ સે જલ યોજનામાં 12.89 લાખ ઘર આવરાયાં

જિલ્લાનું નામ - ઘરની સંખ્યા

✓ ગાંધીનગર - 3,10,000

✓ મહેસાણા - 5,11,000

✓ આણંદ - 4,01,000

✓ પોરબંદર - 67000

(૨) મહિલા અને બાળ કલ્યાણ વિભાગની વિવિધ પ્રક્લ્પોનું લોકાર્પણ



- ✓ <u>પાંચ લાખ બહેનોનું ૩૮૦૦ સ્થળોએ હેન્ડ વોશિંગ સેનેટાઈઝ કેમ્પેઈન</u>
- ✓ તા.૨ ઓક્ટો.- સ્વચ્છતા દિનની હેન્ડ વોશીંગ ડે તરીકે ઉજવણી
- ✓ રાજ્યકક્ષાનો માતા યશોદા એવોર્ડ – કુલ બે બહેનોને અપાયો.




- ✓ ગાંધી જયંતિ નિમિતે મહાત્મા ગાંધી મ્યુઝિયમ-રાજકોટના સ્પેશિયલ ડાક કવરનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઈ-લોન્ચિંગ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૯. દિન વિશેષ : 2 ઓક્ટોબર</u>

### <u>(૧) વિશ્વ અહિંસા દિવસ</u>




- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

### <u>(૨) રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ</u>

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

### <u>(૩) નશાબંધી સપ્તાહ :</u>

- ✓ <u>**તા.૨ થી ૮ ઓકટોબર**</u>
- ✓ <u>**હેતુ: સમાજને વિવિધ વ્યસનની બદિઓમાંથી મુક્ત કરાવવા**</u>
- ✓ <u>**નશાબંધીને આબકારી ખાતુ ગુજરાત સરકાર**</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

### <u>(૪) વન્યજીવ સપ્તાહ :</u>




- ✓ તા. ૨થી ૮મી ઓક્ટોબર-૨૦૨૦
- ✓ <u>**હેતુ – વન્ય જીવોના જતન-સંરક્ષણ માટે**</u>
- ✓ <u>**વન વિભાગ – ગુજરાત સરકાર**</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

### <u>(૫) ભારતમાં પંચાયતી રાજનો પ્રથમ અમલ</u>

- ✓ 2 જી ઓકટોબર 1959માં પંચાયતી રાજનો ભારતમાં પ્રથમ અમલ થયેલો
- ✓ <u>રાજસ્થાનના નાગોર જિલ્લામાં પંચાયતી રાજનો પ્રયોગ શરૂ થયો હતો</u>

- ✓ બંધારણના 73માં સુધારા અંર્તગત પંચાયતીરાજને બંધારણીય દરજ્જો છે
- ✓ ૨૪ એપ્રિલ ૧૯૯૩માં બંધારણમાં ૭૩માં સુધારા અંર્તગત પંચાયતીરાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૧૦. જન્મ દિન વિશેષ : ૨ ઓક્ટોબર</u>

### <u>(૧) મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતિ</u>




- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

### <u>(૨) લાલ બહાદૂર શાસ્ત્રીજીની જન્મજયંતિ</u>

<u>જન્મ : ૨ ઓક્ટોબર ૧૯૦૪</u>

<u>અવસાન : ૧૧ જાન્યુઆરી ૧૯૬૬</u>




- ✓ તેમની જન્મ જયંતી 2 ઓક્ટોબરના રોજ ઉજવાય છે. તેમણે પોતાનું સમગ્ર જીવન ગરીબો અને દેશની સેવામાં સમર્પિત કર્યુ.
- ✓ <u>પૂર્વ વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મ 2 ઓક્ટોબર 1904 માં ઉત્તર પ્રદેશના મુગલસરાયમાં થયો હતો. જ્યારે શાસ્ત્રી 2 વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું હતું.</u>
- ✓ વર્ષ 1920માં શાસ્ત્રીજી આઝાદીની પહેલી લડાઈમાં જોડાઈ ગયા હતા. સ્વાધીનતા સંગ્રામમાં તેમની ભૂમિકા મહત્વની હતી. 1930 દાંડી માર્ચ અને 1942ના ભારત છોડો આંદોલનમાં પણ તેમનો સહયોગ રહ્યો હતો.
- ✓ લાલ બહાદુર શાસ્ત્રીને કાકા સાથે રહેવા મોકલી દેવામાં હતા જેથી તેઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે. ઘરના બધા જ તેમને નન્હે કહેતા હતા. પરંતુ તેમને શાળાએ જવા માટે ઘણા કિલોમીટર ખુલ્લા પગે ચાલવું પડતું.
- ✓ લાલ બહાદુર શાસ્ત્રી જ્યારે માત્ર 11 વર્ષના હતા ત્યારથી દેશ માટે તેમને કંઈક કરવાનું મન બનાવ્યું હતું. 16 વર્ષની ઉંમરે તેમણે પોતાનો અભ્યાસ છોડી દીધો અને ગાંધીજીના અસહકાર આંદોલનમાં જોડાયા.
- ✓ લાલ બહાદુર કાશી વિદ્યાપીઠમાં જોડાયા. વિદ્યાપીઠ દ્વારા તેમને આપવામાં આવેલી સ્નાતકની ડીગ્રી બાદ તેમને 'શાસ્ત્રી' નામ મળ્યું હતું, ત્યારથી તેમનું પૂરૂં નામ લાલ બહાદુર શાસ્ત્રી બન્યું.

- ✓ મહાત્મા ગાંધી સાથે આંદોલનમાં ભાગ લેવાના કારણે તેઓ કુલ સાત વર્ષ બ્રિટીશ જેલોમાં રહ્યા હતા.
- ✓ આઝાદી પછી તેઓ 1951માં દિલ્હી ગયા અને કેન્દ્રીય મંત્રીમંડળના ઘણા વિભાગોનો હવાલો સંભાળ્યો. તેમણએ રેલ્વે મંત્રી, પરિવહન અને સંચાર વિભાગ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી, ગૃહમંત્રી વિભાગના પ્રધાન હતા.
- ✓ 1964 માં જ્યારે લાલ બહાદુર શાસ્ત્રી વડાપ્રધાન બન્યા. ત્યારે તેમના શાસનકાળ દરમિયાન 1965માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું હતું. તે સમયે દેશમાં ભયંકર દુષ્કાળ હતો અને ખાદ્ય ચીજોની અછત સર્જાઈ હતી. આ સંકટને ટાળવા માટે તેમણે દેશવાસીઓને એક દિવસના ઉપવાસ કરવાની અપીલ કરી. તેમજ કૃષિ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા માટે તેમણે 'જય જવાન જય કિસાન' નો નારો લગાવ્યો હતો.
- ✓ તેમણે એકવાર તેમના માર્ગદર્શક એવા મહાત્મા ગાંધીના સ્વરમાં કહ્યું હતું કે, "સખત મહેનતએ પ્રાર્થના કરવા સમાન છે." મહાત્મા ગાંધી જેવા જ વિચાર ધરાવતા લાલ બહાદુર શાસ્ત્રી ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠ ઓળખ છે.
- ✓ 11 જાન્યુઆરી 1966ના રોજ તેમણે તાશકંદમાં અંતિમ શ્વાસ લીધા. 10 જાન્યુઆરી 1966 ના રોજ પાકિસ્તાન સાથે શાંતિ અંગેના કરારના કર્યાના માત્ર 12 કલાક પછી તાશકંદમાં અચાનક તેમનું અવસાન થયું. તેમનું મૃત્યુ આજે પણ એક રહસ્ય સમાન છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ............જય હિન્દ............

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૧૦-૨૦૨૦)**

1. સ્વદેશીને બળ આપવા તાજેતરમાં ગાંધીજયંતી નિમિત્તે ગુજરાત સરકારે ખાદી ઉપર કેટલા ટકા વળતર આપવાની જાહેરાત કરી છે - **20%**
2. ગુજરાત સરકાર દ્વારા ખાદી ઉપર કયાં સુધી ડિસ્કાઉન્ટ આપવામાં આવશે - **31 ડીસેમ્બર 2020**
3. તાજેતરમાં બેલ્જિયમના સત્તાવાર રાજકુમારી તરીકે કોની નિમણૂક કરાઇ છે - **ડેલ્ફીન બોએલ (આલ્બર્ટ દ્વિતીય અનૌરસ દીકરી)**
4. ચાલુ વર્ષે ભારતીય શિપિંગ કોર્પોરેશનની કેટલામી જન્મ જયંતી ઉજવાઈ રહી છે - **60મી**
5. ભારતીય શિપિંગ કોર્પોરેશનની હીરક જયંતી નિમિત્તે કોના દ્વારા ખાસ લોગોનું અનાવરણ કરાયું - **શિપિંગ રાજ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા**
6. ગુજરાતમાં લઘુમતી વિસ્તારોમા માળખાગત સુવિધા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમ ફાળવવામાં આવી - **રૂ. 200 કરોડ**
7. કેન્દ્ર સરકારની કઈ યોજના અન્વયે લઘુમતી વિસ્તારોમાં માળખાગત સુવિધા માટે નાણાં ફાળવવામાં આવે છે - **PMJVK-MCA**
8. PMJVK-MCAનું વિસ્તૃત નામ જણાવો - **પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ- માઈનોરીટી કોન્સન્ટ્રેશન એરીયા**
9. તાજેતર ઓક્ટોબર 2020માં કયા દેશમાં ભયાનક એલેક્સ વાવાઝોડું ફૂંકાયું હતું - **બ્રિટન**
10. ગાંધીજીની 151 જન્મ જયંતી નિમિત્તે તાજેતરમાં કયા દેશની રાજધાનીમાં ગાંધીજીની બ્રોન્ઝની પ્રતિમાનું અનાવરણ કરાયું - **યુક્રેન**

11. તા. ૩ થી ૫ ઓક્ટોબર-૨૦૨૦ દરમિયાન કયા બે દેશોના નૌકાદળની ત્રિદિવસીય લશ્કરી કવાયત યોજાઈ - **ભારત-બાંગ્લાદેશ**
12. તા. ૩ થી ૫ ઓક્ટોબર-૨૦૨૦ દરમિયાન ભારત-બાંગ્લાદેશ વચ્ચે કયા સ્થળે નૌકાદળની ત્રિદિવસીય લશ્કરી કવાયત યોજાઈ - **બંગાળનો અખાત**
13. ભારત-બાંગ્લાદેશ વચ્ચેના દળોમાં સહકાર વધારવા ચોથી અને પાંચમી ઓકટોબરે બે દિવસીય કયુ પેટ્રોલિંગ યોજાયુ - **સંયુક્ત મેરિટાઇમ**
14. ભારત-બાંગ્લાદેશ વચ્ચે ઉત્તરીય બંગાળી આખાતમાં કોઓર્ડિનેટેડ પેટ્રોલની કેટલામી આવૃત્તિ યોજાઈ- **ત્રીજી**
15. ઓકટોબર-૨૦૧૯માં ભારત-બાંગ્લાદેશ વચ્ચે કોઓર્ડિનેટેડ પેટ્રોલની પહેલી કવાયત કયા યોજાઇ હતી - **'બોન્ગોસાગર'**
16. બાંગ્લાદેશની ગાઈડેડ મિસાઇલ સબમરિનનું નામ જણાવો - **'અબુ બક્ર'**
17. ગુજરાત સરકાર દ્વારા ૨જી ઓક્ટોબર-૨૦૨૦ના રોજ સૌપ્રથમ ગુજરાતના કયા ચાર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ ટકા પીવાના પાણીના નળ જોડાણની જાહેરાત કરાઈ – **ગાંધીનગર, મહેસાણા, આણંદ તથા પોરબંદર**
18. ગુજરાતમાં કયા વર્ષ સુધી તમામ ઘરને નળ દ્વારા પાણી અપાશે – **વર્ષ ૨૦૨૨**
19. ગુજરાત સરકાર દ્વારા નલ સે જલ યોજનામાં રાજ્યના કયા જિલ્લાના કેટલા ઘર આવરી લેવાની જાહેરાત કરવામાં આવી - **ગાંધીનગર - 3,10,000, મહેસાણા - 5,11,000, આણંદ- 4,01,000 તથા પોરબંદર - 67000 ઘર (કુલ 12.89 લાખ ઘર)**
20. મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા તા. ૨જી ઓકટોબર-૨૦૨૦ના રોજ ૫ લાખ બહેનોનું કેટલા સ્થળોએ હેન્ડ વોશિંગ સેનેટાઈઝ કેમ્પેઈન યોજાયુ – **૩૮૦૦**
21. મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા તા.૨ ઓક્ટોબર-૨૦૨૦ના રોજ કયા દિનની હેન્ડ વોશીંગ ડે તરીકે ઉજવણી કરવામાં આવી - **સ્વચ્છતા**
22. વર્ષ-૨૦૨૦ના રાજ્યકક્ષાનો માતા યશોદા એવોર્ડ કુલ કેટલી બહેનોને અપાયો - **બે**
23. બે બહેનોને વર્ષ-૨૦૨૦ના રાજ્યકક્ષાનો માતા યશોદા એવોર્ડ કોના હસ્તે અપાયો – **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**
24. તા.૨જી ઓકટોબર-૨૦૨૦, ગાંધી જયંતિ નિમિતે મહાત્મા ગાંધી મ્યુઝિયમ-રાજકોટના કયા ડાક કવરનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઈ-લોન્ચિંગ કરાયું - **સ્પેશિયલ**
25. વિશ્વ અહિંસા દિવસ કયારે મનાવવામાં આવે છે - **૨ ઓક્ટોબર**
26. રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ કયારે મનાવવામાં આવ્યો - **૨ ઓક્ટોબર**
27. નશાબંધી સપ્તાહ ક્યારે મનાવવામાં આવે છે - **તા.૨ થી ૮ ઓકટોબર**
28. ગુજરાત સરકાર દ્વારા કયા હેતુસર તા.૨ થી ૮ ઓકટોબર દરમિયાન નશાબંધી સપ્તાહ મનાવવામાં આવે છે - **સમાજને વિવિધ વ્યસનની બદિઓમાંથી મુક્ત કરાવવા**
29. ગુજરાત વન વિભાગ દ્વારા વન્યજીવ સપ્તાહ ક્યારે મનાવવામાં આવે છે - **તા.૨ થી ૮ ઓકટોબર**
30. ગુજરાત સરકાર દ્વારા કયા હેતુસર તા.૨ થી ૮ ઓકટોબર દરમિયાન વન્યજીવ સપ્તાહ મનાવવામાં આવે છે - **વન્ય જીવોના જતન-સંરક્ષણ માટે**
31. ભારતમાં પંચાયતી રાજનો પ્રથમ અમલ કયારથી કરવામાં આવ્યો – **તા.૨જી ઓકટોબર ૧૯૫૯**
32. ભારતમાં ક્યા સ્થળે સૌપ્રથમ પંચાયતી રાજનો પ્રયોગ શરૂ થયો હતો - **રાજસ્થાનના નાગોર જિલ્લામાં**
33. બંધારણના કયા સુધારા અંર્તગત પંચાયતીરાજને બંધારણીય દરજ્જો મળેલો છે - **૭૩માં**
34. કયારે બંધારણમાં ૭૩માં સુધારા અંર્તગત પંચાયતીરાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો – **તા.૨૪ એપ્રિલ ૧૯૯૩**
35. તા. ૨જી ઓક્ટોબર-૨૦૨૦ના રોજ મહાત્મા ગાંધીજીની કેટલામી જન્મજયંતિ મનાવવામાં આવી - **૧૫૧મી**
36. પૂર્વ વડાપ્રધાન લાલ બહાદૂર શાસ્ત્રીજીનો જન્મ દિવસ જણાવો - **૨ ઓક્ટોબર ૧૯૦૪**
37. પૂર્વ વડાપ્રધાન લાલ બહાદૂર શાસ્ત્રીજીનું જન્મસ્થળ જણાવો – **મુગલસરાય(ઉત્તર પ્રદેશ)**
38. આઝાદી બાદ લાલ બહાદૂર શાસ્ત્રીએ કેન્દ્રીય મંત્રીમંડળના કયા-કયા વિભાગોનો હવાલો સંભાળ્યો

હતો - **<u>રેલ્વે, પરિવહન અને સંચાર વિભાગ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી, ગૃહમંત્રી</u>**

39. વર્ષ-૧૯૬૫માં ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું ત્યારે ભારતના વડાપ્રધાનપદે કોણ હતુ – **<u>લાલ બહાદૂર શાસ્ત્રી</u>**
40. વર્ષ-૧૯૬૫માં ભારત-પાકિસ્તાન યુદ્ધ વેળાએ ખાદ્યાન્ન સંકટને ટાળવા શાસ્ત્રીજીએ દેશવાસીઓને એક દિવસના ઉપવાસ કરવાની અપીલ કરી તેમજ કૃષિ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા માટે તેમણે કયો નારો આપ્યો હતો - **<u>'જય જવાન જય કિસાન'</u>**
41. 10 જાન્યુઆરી 1966ના રોજ પાકિસ્તાન સાથે શાંતિ અંગેના કરારના કર્યાના માત્ર 12 કલાક પછી 11 જાન્યુઆરી 1966ના રોજ શાસ્ત્રીજીનું કયા સ્થળે રહસ્યમય અવસાન થયુ હતુ - **<u>તાશકંદ</u>**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




## ૧. ૭મી વેસ્ટર્ન રિજીયન પોલીસ કો-ઓર્ડિનેશન કમિટીની ઈ-બેઠક (આંતરિક સલામતી)



- ✓ **હેતુ :** પડોશી રાજ્યો વચ્ચે ક્રાઈમ ડિટેકશન ઇન્વેસ્ટિગેશન અને કન્વીકશન રેટ વધારવા ટેકનોલોજી થકી આદાન-પ્રદાન જરૂરી
- ✓ **બેઠકનો એજન્ડા :** રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આંતરિક સલામતીને વધુ મજબૂત બનાવવા અપનાવેલી બેસ્ટ પ્રેક્ટિસિઝનું આદાન-પ્રદાન કરાયું
- ✓ ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા ઈ-માધ્યમથી જોડાયા
- ✓ જોડાયેલા રાજ્યો-UT : ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગોવા, દિવ, દમણ અને દાદરા નગર હવેલી
- ✓ આ તમામ રાજ્યો-UTના ગૃહમંત્રી અને સંરક્ષણ અધિકારીઓ જોડાયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. વન્યજીવ સપ્તાહ

## તારીખ ૨ થી ૮ ઓક્ટોબર




**ગુજરાતમાં વન્યજીવોની સ્થિતિ અંગે અહેવાલ :**

**(૧) એશિયાઇ સિંહ :**

- ✓ સમગ્ર ભારતમાં ગીર નેશનલ પાર્ક, ગીર સેન્ચુરી તથા ગીરનાર સેન્ચુરીના જંગલોમાં એશિયાઈ સિંહ આવેલા છે જેની

વસ્તી સને ૨૦૧૫માં ૫૨૩ હતી જે હાલમાં વધીને હાલ ૬૭૪ થઈ છે.

**(૨) દિપડા :**

- ✓ સમગ્ર ગુજરાતમાં જોવા મળતા દિપડાની વસ્તી સને ૨૦૧૧માં ૧૧૬૦ હતી જે વધીને સને ૨૦૧૬માં ૧૩૯૫ થઈ છે

**(૩) કાળિયાર :**

- ✓ ગુજરાતમાં કાળિયારની વસ્તી વેળાવદર નેશનલ પાર્ક ખાતે સને ૨૦૧૫માં ૧૪૨૮ છે

**(૪) ઘુડખર :**

- ✓ સમગ્ર ભારતમાં ઘુડખર ફક્ત ગુજરાતનાં ધ્રાંગધ્રા ઘુડખર અભયારણ્યમાં જોવા મળે છે જેની વસ્તી સને ૨૦૧૪માં ૪૪૫૧થી વધીને સને ૨૦૨૦માં ૬૦૮૨ થઈ છે

**(૫) સાંભર :**

- ✓ ગુજરાતમાં ગીરનેશનલ પાર્કમાં સાંભરની વસ્તી સને ૨૦૧૧માં ૪૪૯૭ હતી જે વધીને સને ૨૦૧૫માં ૭૧૭૬ થઈ છે

**(૬) રીંછ :**

- ✓ ગુજરાતમાં બાલારામ, અંબાજી, જેસોર, શૂલપાણેશ્વર અને રતનમહાલ અભયારણ્યમાં રીંછની વસ્તી સને ૨૦૧૧માં ૨૯૩ હતી જે વધીને સને ૨૦૨૦માં ૩૯૩ થઈ છે.

**(૭) ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ :**

- ✓ ગુજરાતમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ સેન્ચુરી ખાતે ઘોરાડની વસ્તી સને ૨૦૧૬માં ૨૫ છે
- ✓ અહેવાલ : વન વિભાગ-ગુજરાત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. વિશ્વની સૌથી લાંબી હાઈવે ટનલ : અટલ ટનલ




**વડાપ્રધાન શ્રી મોદી દ્વારા તા.3જી ઓક્ટોબર ૨૦૨૦ના રોજ અટલ ટનલ દેશને અર્પણ કરાઈ**




**અટલ ટનલની વિશેષતાઓ :**

- ✓ **સ્થાન :** મનાલી-લેહ હાઈવે, રોહતાંગ, હિમાચલ પ્રદેશ
- ✓ **લંબાઈ :** ૯.૦૨ કિમી
- ✓ **કયા સ્થાનને જોડશે :** મનાલી નજીકની સોલાંગ વેલી અને લાહોલ સ્પિતિ જિલ્લાના સિસ્સુને જોડશે
- ✓ પ્રથમ શિલાન્યાસ : વર્ષ ૨૦૦૨માં પૂર્વ પીએમ અટલ બિહારી વાજપેયીના હસ્તે
- ✓ જમીનથી ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈ પર ટનલ

✓ <u>બદલાવ :</u> મનાલી અને લેહનું અંતર ૪૬ કિમી ઘટશે જેના પરિણામે હવે મનાલીથી ૪ કલાકના સ્થાને માત્ર ૧૫ મિનિટમાં પહોંચી શકાશે

✓ <u>વહન ક્ષમતા :</u> પ્રતિ દિન 3,000 કાર અને ૧૫૦૦ ટ્રક

✓ <u>કુલ ખર્ચ :</u> રૂ. ૩૨૦૦ કરોડ

✓ <u>મુખ્ય મંત્રી :</u> શ્રી જયરામ ઠાકોર

✓ <u>રાજધાની :</u> મનાલી (હિમાચલ પ્રદેશ)

**<u>અટલ ટનલ - ઇજનેરી અજાયબી :</u>**

✓ દસ હજાર ફીટ કરતા વધારે ઊંચાઈ પર બની હોય એવી હાઈવે ટનલ જગતમાં ઘણી છે, તેમાં આ સૌથી લાંબી છે. લંબાઈ ૯.૦૨ કિલોમીટર છે.

✓ ટનલનો દક્ષિણ છેડો મનાલીથી ૨૫ કિલોમીટર દૂર છે. જ્યારે ઉત્તર છેડો લાહોલ વેલી નામની ખીણના સિસ્સુ ગામ પાસે આવેલો છે. લાહોલ અને સ્પિતિ વેલી સુધી હવે મનાલીથી માત્ર એક કલાકમાં પહોંચી શકાશે, જે પહેલા ચાર-છ કલાકનો સમય લાગતો હતો.

✓ સવા અઢાર ફીટ ઊંચાઈ ધરાવતી ટનલ પાછળ ૩૨૦૦ કરોડનો ખર્ચો થયો છે.

✓ ટનલમાં વાહન ચલાવવા માટે ૨૬ ફીટ પહોળો હાઈવે છે અને એ ઉપરાંત બન્ને બાજુ ફૂટપાથ છે.

✓ હવાની અવર-જવર માટે વેન્ટિલેશન સિસ્ટમ, સીસીટીવી કેમેરા, મેડિકલ સુવિધા ઉપરાંત ટનલની નીચે એસ્કેપ ટનલ છે. એસ્કેપ ટનલ નાની છે, જેનો ઉપયોગ કટોકટીના સંજોગોમાં ભાગવા માટે કરી શકાશે.

✓ દર ૧૫૦ મિટરના અંતરે ટેલિફોન સુવિધા ફીટ કરેલી છે.

✓ **<u>તૈયાર કરનાર એજન્સી :</u>** BRO-બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૪.'ઓપરેશન સ્નો લિઓપાર્ડ' (દેશ સેવા)</u>

**<u>ગલવાન ઘાટીમાં ૨૦ શહીદ જવાનોની યાદમાં પૂર્વીય લદાખમાં મેમોરિયલની સ્થાપના</u>**

**<u>કોની યાદમાં સ્મારક</u>**

✓ ભારત ચીન સરહદ પર પ્રવર્તતી અશાંતિ વચ્ચે ચીની સૈન્ય સામે હાથોહાથની લડાઇમાં અપ્રિતમ સાહસ દર્શાવીને ૧૫મી જૂન ૨૦૨૦ ગલવાન ઘાટીમાં શહીદ થયેલા જવાનોની યાદમાં સ્મારક નિર્માણ

✓ **<u>ખાસ :</u>** ઓપરેશન 'સ્નો લિઓપાર્ડ' હેઠળ ગલવાનના બહાદુરોની ગાથા રજુ કરાઈ

✓ ચોકી : ૧૨૦મી

✓ સ્થાન : પૂર્વીય લદાખ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૫. શૌર્ય : પરમાણુ મિસાઈલ</u>

**<u>DRDO દ્વારા 'શૌર્ય'ના નવા વર્ઝનનું સફળ પરીક્ષણ (સંરક્ષણ)</u>**




**<u>મિસાઈલની વિશેષતાઓ :</u>**

- ✓ મૂળ નામ : K 15
- ✓ **<u>રેન્જ :</u>** ૭૦૦થી ૧૦૦૦ કિ.મી
- ✓ **<u>ઝડપ:</u>** ૯૦૦૦ કિ.મી પ્રતિ કલાક : ઝડપના કારણે સેટેલાઈટમાં પકડાતું નથી
- ✓ **<u>પરીક્ષણ સ્થળ:</u>** કલામ ટાપુ, ચાંદીપુર, ઓડિશા
- ✓ **<u>કેટેગરી :</u>** જમીનથી જમીન
- ✓ **<u>વૉરહેડ ક્ષમતા :</u>** ૧૦૦૦ કિલોગ્રામ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૬. પ્રજાલક્ષી નિર્ણય : ગુજરાત હાઇકોર્ટના પસંદગીના ચૂકાદા હવે ગુજરાતી ભાષામાં મુકાશે (ન્યાયતંત્ર)</u>




- ✓ પ્રારંભિક તબક્કે રોજનો એક જ હુકમ વેબસાઇટ પર મુકાશે
- ✓ <u>**વિગત:**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કમિટીના જજોની ભલામણ બાદ</u> હાઈકોર્ટના ચીફ જસ્ટિસે નિર્દેશ આપ્યો છે કે હાઈકોર્ટની વેબસાઈટ પર દરરોજ એક આદેશ કે ચુકાદો ગુજરાતીમાં મૂકવામાં આવશે.
- ✓ <u>જેમાં સામાજિક મુદ્દાઓ પર હાઈકોર્ટે આપેલા સારા આદેશ કે ચુકાદાઓની પસંદગી થશે અને પછી તેનું ગુજરાતીમાં ભાષાંતર કરીને મૂકવામાં આવશે.</u>
- ✓ ગુજરાતીમાં મૂકવામાં આવનાર આ આદેશ કે ચુકાદાઓમાં ઓફિશિયલ ઉપયોગ માટે જરૂરી સામાન્ય માહિતીને જણાવવામાં આવશે.
- ✓ હાઈકોર્ટ જે રીતે તેના ચુકાદાઓ અંગ્રેજીમાં આપે છે, તે જ સત્તાવાર રીતે માન્ય ગણાશે

**<u>ચૂકાદા કેવી રીતે જોઈ શકાશે :</u>**

- ✓ ગુજરાતીમાં આદેશ કે ચુકાદાઓ મેળવવા માટે <u>હાઈકોર્ટની વેબસાઈટ પર એક અલગથી પેજની રચના કરાશે.</u> જેનું નામ "Select Orders/Judgements in Gujarati રાખવામાં આવેલુ છે.
- ✓ કોઈએ પણ ગુજરાતીમાં હાઈકોર્ટના આદેશ કે ચુકાદા જોવા હશે તો આ વેબપેજ પર જઈને ક્લીક કરવાનું રહેશે.
- ✓ મહત્વનુ છે કે, ગુજરાત હાઈકોર્ટની તમામ કામગીરી અંગ્રેજીમાં થાય છે. જેના લીધે જે

લોકો અંગ્રેજી જાણતા નથી તેમને બહુ મુશ્કેલીઓ પડતી હતી.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૭. નિમણૂક : NFSUના પ્રથમ VC તરીકે ડૉ. જે.એમ. વ્યાસની નિમણૂક



**GFSUને રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો અપાયા બાદ પ્રથમ વાઇસ ચાન્સેલર તરીકે ડૉ. જે.એમ. વ્યાસ**

NFSU National Forensic Sciences University Knowledge | Wisdom | Fulfilment

An Institute of National Importance
(Ministry of Home Affairs, Government of India)

✓ સ્થાપના : વર્ષ ૨૦૦૯

✓ NFSU : નેશનલ ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સીટી, ગાંધીનગર

✓ વિવેકાનંદ એકેડમી, સે૨૨., ગાંધીનગર મો98721 99256 .નં.

**............જય હિન્દ............**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૧૦-૨૦૨૦)

1. તાજેતર તા.03 ઓક્ટોબરે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની આંતરિક સલામતી માટે "વેસ્ટન રિજિયન પોલીસ કો-ઓર્ડિનેશન કમિટી"ની કેટલામી વર્ચ્યુઅલ બેઠક યોજાઇ - **7 th**
2. તાજેતર તા.03 ઓક્ટોબરે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની આંતરિક સલામતી માટે "વેસ્ટન રિજિયન પોલીસ કો-ઓર્ડિનેશન કમિટી"ની ગૃહમંત્રીઓની વર્ચ્યુઅલ બેઠક યોજાઇ તેમાં ગુજરાતમાંથી કોણ ઉપસ્થિત રહ્યું હતું - **ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા**
3. તાજેતર તા.03 ઓક્ટોબરે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની આંતરિક સલામતી માટે "વેસ્ટન રિજિયન પોલીસ કો-ઓર્ડિનેશન કમિટી"ની કેટલામી વર્ચ્યુઅલ બેઠક યોજાઇ તેમાં કયા કયા રાજ્યો ઉપસ્થિત રહ્યા હતા - **ગુજરાત,મહારાષ્ટ્ર, રાજસ્થાન,મધ્ય પ્રદેશ, ગોવા, દીવ દમણ અને દાદરા નગર હવેલી**
4. વન વિભાગના અહેવાલ મુજબ ગુજરાતમાં ઓક્ટોબર 2020ની સ્થિતિએ એશિયાઇ સિંહોની સંખ્યા જણાવો - **674**
5. વન વિભાગના અહેવાલ મુજબ ગુજરાતમાં 2016ની સ્થિતિએ દિપડાની સંખ્યા જણાવો - **1395**
6. વન વિભાગના અહેવાલ મુજબ ગુજરાતમાં 2015ની સ્થિતિએ કાળિયારની સંખ્યા જણાવો - **1428**
7. વન વિભાગના અહેવાલ મુજબ ગુજરાતમાં 2020ની સ્થિતિએ ઘુડખરની સંખ્યા જણાવો - **6082**
8. વન વિભાગના અહેવાલ મુજબ ગુજરાતમાં 2015ની સ્થિતિએ સાંભરની સંખ્યા જણાવો - **7176**
9. વન વિભાગના અહેવાલ મુજબ ગુજરાતમાં 2020ની સ્થિતિએ રીંછની સંખ્યા જણાવો - **393**
10. વન વિભાગના અહેવાલ મુજબ ગુજરાતમાં 2016ની સ્થિતિએ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડની સંખ્યા જણાવો - **25**
11. તાજેતરમાં 03 ઓક્ટોબર 2020ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વિશ્વની સૌથી લાંબી કઈ ટનલ રાષ્ટ્રને અર્પણ કરાઈ - **"અટલ ટનલ"**
12. "અટલ ટનલ" કયા રાજ્યમાં તૈયાર કરાઈ - **રોહતાંગ, હિમાચલ પ્રદેશ**
13. "અટલ ટનલ" કયા હાઇવે પર આવેલી છે - **મનાલી-લેહ હાઈવે**
14. "અટલ ટનલ"ની લંબાઈ જણાવો - **09.02 કિલોમીટર**

15. "અટલ ટનલ" કયા બે સ્થાનને જોડે છે - **મનાલી નજીકની સોલાંગ વેલી અને લાહોલ સ્પિતિ જિલ્લાના સિસ્સુ**
16. "અટલ ટનલ"નો સૌપ્રથમ શિલાન્યાસ કોને ક્યારે કર્યો હતો- **પૂર્વ પીએમ અટલ બિહારી બાજપેઈ, વર્ષ 2002**
17. "અટલ ટનલ" જમીનની સપાટીથી કેટલા ફૂટ ઊંચાઈ પર આવેલી છે - **10,000**
18. "અટલ ટનલ"નો અંદાજીત ખર્ચ જણાવો- **રૂ.3200 કરોડ**
19. "અટલ ટનલ" કેન્દ્ર સરકારની કઈ એજન્સી દ્વારા તૈયાર કરાઈ - **BRO**
20. BROનું વિસ્તૃત નામ જણાવો - **બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન**
21. હિમાચલ પ્રદેશના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **શ્રી જયરામ ઠાકુર**
22. હિમાચલ પ્રદેશની રાજધાની જણાવો - **મનાલી**
23. તાજેતર જૂન 2020માં ભારતીય સેના અને ચીન વચ્ચે ગાલવાન ઘાટી સંઘર્ષમાં શહીદ થયેલા 20 ભારતીય શહિદ જવાનોની યાદમાં કયા વિસ્તારમાં નવીન સ્મારક-મેમોરિયલ તૈયાર કરાયું - **ચોકી-120, પૂર્વીય લદાખ**
24. તાજેતર જૂન 2020માં ભારતીય સેના અને ચીન વચ્ચે ગાલવાન ઘાટી સંઘર્ષમાં ચીની સેનાને હટાવવા ભારતીય સેના દ્વારા કયું ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું - **"ઓપરેશન સ્નો લિઓપાર્ડ"**
25. ઓક્ટોબર માં૨૦૨૦-DRDO દ્વારા કઈ મિસાઈલના નવા વર્ઝનનું સફળ પરીક્ષણ કરાયુ -**'શૌર્ય'**
26. તાજેતરમાં DRDO દ્વારા પરીક્ષણ કરાયેલી 'શૌર્ય' મિસાઈલનું મૂળ નામ જણાવો -**K 15**
27. 'શૌર્ય' મિસાઈલની રેન્જ જણાવો-**૭૦૦થી ૧૦૦૦ કિ મી.**
28. 'શૌર્ય' મિસાઈલની ઝડપ જણાવો -**૯૦૦૦ કિમી પ્રતિ . કલાક**
29. ઓક્ટોબર માં૨૦૨૦-DRDO દ્વારા કયા સ્થળેથી 'શૌર્ય' મિસાઈલના નવા વર્ઝનનું સફળ પરીક્ષણ કરાયુ - **કલામ ટાપુ, ચાંદીપુર, ઓડિશા**
30. 'શૌર્ય' કઈ કેટેગરીની મિસાઈલ છે -**જમીનથી જમીન**
31. 'શૌર્ય' મિસાઈલની વૉરહેડ ક્ષમતા જણાવો - **૧૦૦૦ કિલોગ્રામ**
32. ગુજરાત હાઇકોર્ટના પસંદગીના ચૂકાદાને કઈ ભાષામાં વેબસાઈટ પર મુકાશે -**ગુજરાતી**
33. કોની ભલામણ બાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસે હાઈકોર્ટની વેબસાઈટ પર દરરોજ એક આદેશ કે ચુકાદો ગુજરાતીમાં મૂકવા નિર્દેશ આપ્યો - **આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કમિટીના જજો**
34. NFSUનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સીટી**
35. NFSUના પ્રથમ વાઇસ ચાન્સેલર તરીકે કોની નિમણૂક કરાઈ -**ડૉવ્યાસ .એમ.જે .**
36. GFSUની સ્થાપના ક્યારે થઈ હતી -**વર્ષ ૨૦૦૯**
37. નેશનલ ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સીટીનું વડુમથક ક્યાં આવેલું છે -**ગાંધીનગર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




## ૧. કોરોના વેક્સિન પ્રોગ્રામ : આરોગ્ય મંત્રાલય-ભારત સરકાર

**ભારતમાં આગામી જુલાઈ ૨૦૨૧ સુધીમાં ૨૫ કરોડ લોકોને કોરોનાની રસી આપવાનો લક્ષ્યાંક**




**કોરોના વેક્સિન પ્રોગ્રામ અંતર્ગત વિતરણ વ્યવસ્થા :**

- ✓ કેન્દ્ર સરકાર માનવ સંસાધનો, તાલીમ, સુપરવિઝન અને અન્ય બાબતોમાં ક્ષમતા વધારવાની યોજના પર કામ કરી રહી છે.
- ✓ જુલાઈ ૨૦૨૧ સુધીમાં ભારત કોરોનાની રસીના ૪૦૦ થી ૫૦૦ મિલિયન ડોઝ મેળવવા અને ૨૫ કરોડ નાગરિકોને રસી આપવાનો અંદાજ.
- ✓ કોરોનાની રસી એકવાર તૈયાર થાય એટલે સમાન વિતરણને સુનિશ્ચિત કરવા સરકાર ૨૪ કલાક કામ કરી રહી છે.
- ✓ નીતિ આયોગના સભ્ય ડો.વી કે પોલના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય નિષ્ણાતોની સમિતિ કોરોના વેક્સિનના તમામ પાસાઓ પર નજર.
- ✓ રાજ્યોએ ઓક્ટોબર મહિના સુધીમાં કોરોનાની રસી માટે પ્રાથમિકતાના વર્ગોની યાદી સોપવાની રહેશે.
- ✓ ઓક્ટોબર સુધીમાં રાજ્યોએ કેન્દ્ર સરકારને કોલ્ડ ચેઇન ફેસિલિટી અને અન્ય સંબંધિત માળખાકીય સુવિધાઓની માહિતી આપી દેવાની રહેશે.
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા વેક્સિનની ખરીદી કરાશે અને દરેક નાગરિકને રસી પહોંચે તે માટે દરેક કન્સાઇનમેન્ટ ચેઈન પર નજર રખાશે.
- ✓ કેન્દ્રીય આરોગ્યમંત્રી : ડો.હર્ષવર્ધન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. ગુજરાત હાઇકોર્ટ નવનિયુક્ત ત્રણ જજની શપથ વિધિ સંપન્ન (ન્યાય તંત્ર)

1. એડવોકેટ વૈભવી નાણાવટી
2. કેન્દ્રના સ્ટેન્ડિંગ કાઉન્સેલ નિર્ઝર દેસાઈ
3. નિખિલ કારિયાલ




- ✓ ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ વિક્રમ નાથ દ્વારા શપથ લેવડાવ્યા
- ✓ વર્તમાનમાં ગુજરાત હાઈકોર્ટના જજની કુલ સંખ્યા - ૩૦
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૩. નિર્ણય : ગુજરાત સરકાર

## ગુજરાતમાં રાહત દરે અનાજનો લાભ વધુ ૧૦ લાખ પરિવારોને મળશે




**શું લાભ અપાશે :**

- ✓ વધુ ૧૦ લાખ પરિવારોને નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ અંતર્ગત રાહત દરે ઘઉં-ચોખા આપવાનો નિર્ણય.
- ✓ જેથી વધુ ૫૦ લાખ લોકો દર મહિને રાહત દરે અનાજ મેળવી શકશે.
- ✓ વ્યક્તિદીઠ પાંચ કિલો અનાજ જેમાં ત્રણ રૂપિયે કિલો ચોખા અને બે રૂપિયે કિલો ઘઉં અપાશે.

**કોને સમાવાશે :**

- ✓ વધુ ૧૦ લાખ કુટુંબોને ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ રાહતભાવે અનાજનો લાભ આપવામાં આવશે જેમાં રોજનું કમાઇને રોજ ખાનારા પરિવારો આવરી લેવાશે.
- ✓ વૃદ્ધ વડીલોને ૬૫ને બદલે ૬૦ વર્ષે પણ યોજનાનો લાભ અપાશે
- ✓ ગુજરાત બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડમાં નોંધણી થયેલા પણ ફૂડ સિક્યોરિટી એક્ટમાં બાકી રહી ગયેલાઓને પણ આમાં લાભ અપાશે.

**અગાઉની વ્યવસ્થા :**

**અત્યારે ૩.૮૨ કરોડ નહીં પણ ૩.૨૫ કરોડને અનાજનો લાભ**

- ✓ હવે NON NFSAએ હેઠળના BPLમાં રહી ગયેલા ૨,૮૨,૫૪૭ APL-૧માં વિભાજિત કુટુંબોના ૨,૫૦,૦૦૦, APL-૧માંના ગ્રામીણ ક્ષેત્રના ઓટોરિક્ષા, છકડા, ટેમ્પા ચલાવનારાઓના ૩ લાખ તેમજ અન્ય મળીને કુલ ૧૦ લાખ પરિવારોને રાહતદરે અનાજ અપાશે.
- ✓ NFSA : નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૪. બાયોડાયવર્સિટી પાર્ક : સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદ

✓ કુલ-120 પ્રકારના 97 હજાર વૃક્ષો ધરાવતા પાર્કનો પ્રારંભ




**પાર્કની વિશેષતા :**

✓ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે રૂ. 2.25 કરોડના ખર્ચે બનાવવામાં આવેલા બાયોડાયવર્સિટી પાર્ક લોકો માટે ખુલ્લો મૂકાયો.

✓ 20 હજાર ચોરસ મીટરમાં બનાવાયેલા આ પાર્કમાં 120 પ્રકારના 7 હજાર જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા.

**મહત્વના વૃક્ષો :**

✓ જેમાં ખાસ કરીને અંજીર, અરીઠા, કૈલાસપતિ, રક્તચંદન, સીસમ, સી-ગ્રેપ, પાઈનેપલ, બાવોબ (રૂખડો), ચરોલી, ઢવ, ખીજડો, ખેર, પીલખન જેવી લુપ્ત વનસ્પતિઓનો પણ સમાવેશ કરાયો છે.

✓ આ ઉપરાંત ચીકુ, કરમદા, મોસંબી, નારંગી, દાડમ, જાંબુ, સેતુર, ગુંદા જેવી ફળાઉ વનસ્પતિઓ પણ વાવવામાં આવી.

✓ જેના ફળનો ઉપયોગ પક્ષીઓ પણ ખોરાક માટે કરી શકશે.

✓ શહેરી વિસ્તારમાં આ પાર્કથી વિદ્યાર્થીઓ જંગલમાં જોવા મળતી વનસ્પતિઓને સરળતાથી ઓળખી શકશે તેમજ પાર્કમાં બનાવેલી વુડન નેમ પ્લેટ જેમાં બોટનીકલ નામ તેમજ લોકલ નામનો પણ સમાવેશ કરાયો છે.

✓ **સ્થાન:** આંબેડકર બ્રિજ, સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. નિધન : આંતરરાષ્ટ્રીય કાર રેલિસ્ટ ભરત દવેનું ૬૮ વર્ષે અવસાન




✓ ઉપનામ : ઝાલાવાડનું રત્ન

✓ વતન : સુરેન્દ્રનગર

**કારકિર્દી**

✓ ઈન્ટરનેશનલ કાર રેલીમાં ભાગ લેનારા પ્રથમ ભારતીય હતા.

✓ વર્ષ 2019માં તેઓ પીએમ નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનની કેન્દ્રવર્તી થીમ સાથે 29 દિવસમાં 29 રાજ્ય અને 29

પાટનગરની મુલાકાત લઈ વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો હતો

**પાંચ ઈન્ટરનેશનલ કાર રેલીમાં ભાગ લેનાર**

- ✓ ભારત સરકારના એકલવ્ય પુરસ્કારથી સન્માનિત ભરત દવે પાંચવાર રાષ્ટ્રીય અને બે વાર આંતરરાષ્ટ્રીય કાર રેલીમાં ચેમ્પિયન બનવાનો વિક્રમ ધરાવે છે.
- ✓ તેઓ હિમાલયન કાર રેલિઇસ્ટ તરીકે વિખ્યાત હતા.
- ✓ તેઓ રોજ 700 કિલોમીટરનો પ્રવાસ કરતા હતા.
- ✓ તેઓએ 1985થી 1990 દરમિયાન 6 કાર રેલીમાં ભાગ લીધો હતો.
- ✓ 1990થી 2008 દરમિયાન તેમણે કેન્યામાં ત્રણ અને ન્યૂઝિલેન્ડ તેમજ પોર્ટુગલમાં 1-1 મળીને કુલ 5 આંતરરાષ્ટ્રીય રેલીમાં ભાગ લીધો હતો.

**ભરત દવેએ કાર રેસિંગમાં મેળવેલી સિદ્ધીઓ**

- ✓ ભરતભાઈએ હિમાચલ આફ્રિકન સફારીની કાર રેસમાં ખિતાબ મેળવ્યો હતો.
- ✓ 1993માં ન્યૂઝિલૅન્ડમાં યોજાયેલી રેસમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ રેસમાં જીત મેળવનારા તેઓ પ્રથમ ભારતીય હતા.
- ✓ ઉપરાંત 5 વખત હિમાલયમાં યોજાતી કાર રેસમાં દેશનું નામ રોશન કરી ચુક્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૬. દિન વિશેષ : 4 ઓક્ટોબર

## વિશ્વ પશુ કલ્યાણ દિવસ




- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૭. જન્મ દિન વિશેષ : ૪ ઓક્ટોબર

## ક્રાંતિ ગુરૂ : શ્યામજી કૃષ્ણ વર્મા

**જન્મ : ૪ ઓકટોબર-૧૮૫૭**

**જન્મ સ્થળ : માંડવી-કચ્છ**

**અવસાન : 30 માર્ચ- ૧૯૩૦ (જિનિવા)**




- ✓ ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ત્રીજા અવાજ એવા ક્રાંતિકારી વિચારધારાના પ્રણેતા શ્યામજી કૃષ્ણ વર્માનો કચ્છના માંડવીમાં જન્મ થયો.
- ✓ તેમનના પિતા મુંબઈમાં પેઢીમાં નોકરી કરતા હતા. મુંબઈમાં જ અભ્યાસ કર્યો.

- ✓ 1874માં આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીને મળ્યા અને ક્રાંતિકારી સ્વભાવ વિકસ્યો હતો.
- ✓ દયાનંદે તેમની ખાનગી મિલકત, પ્રકાશનો, ગ્રંથાલય અને વૈદિક મુદ્રણાલયના ટ્રસ્ટી પૈકીના એક ટ્રસ્ટી શ્યામજીને બનાવ્યા હતા
- ✓ 1879માં ઇંગ્લેન્ડમાં ઓક્સફર્ડ યુનિ.ની બલીઓલ કોલેજમાં દાખલ થયા ત્યાંથી જ સંસ્કૃત અને અંગ્રેજી સાથે અનુસ્નાતક થયા અને સંસ્કૃતના પ્રખર વિદ્વાન તરીકે પ્રસ્થાપિત થયા.
- ✓ 1884માં બેરિસ્ટર થયા, 1885માં ભારત પરત ફર્યા. 1897માં કાયમ માટે વિદેશ ગમન કર્યું.
- ✓ હર્બટ સ્પેન્સરની વૈચારિક અસર હેઠળ રહ્યા, અહીં ઇન્ડિયન-સોશિયોલોજિસ્ટ સામયિક અને ધ ઇન્ડિયન હોમરૂલ સોસાયટી જેવી સંસ્થા સ્થાપી ભારતીય સ્વરાજ્યના વિચારોનો અને રાષ્ટ્રીય એકતાના વિચારોનો પ્રસાર કર્યો હતો.
- ✓ આખા યુરોપમાં સતત પરિભ્રમણ કર્યું
- ✓ <u>લંડનમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે ઈન્ડિયા હાઉસની સ્થાપના</u>
- ✓ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ જીનિવાથી લાવીને વીરાંજલિ યાત્રા દ્વારા કચ્છના માંડવીમાં અસ્થિ વિસર્જન કરાયું
- ✓ કચ્છના માંડવી ખાતે તેમની યાદમાં ક્રાંતિ તીર્થ સ્મારકની સ્થાપના
- ✓ <u>કચ્છ યુનિવર્સિટી શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી તરીકે ઓળખાય છે.</u>
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૧૦-૨૦૨૦)</u>

1. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના લક્ષ્યાંક મુજબ આગામી જુલાઈ 2021માં ભારતમાં કેટલા લોકોને કોરોના વેક્સિન અપાશે - **<u>25 કરોડ</u>**
2. ભારતમાં કોરોના વેક્સિનના વિતરણ માટે કયો પોગ્રામ તૈયાર કરવામાં આવ્યો છે - **<u>કોરોના વેક્સિન પોગ્રામ</u>**
3. ભારતના વર્તમાન કેન્દ્રીય આરોગ્ય મંત્રીનું નામ જણાવો - **<u>ડૉ.હર્ષવર્ધન</u>**
4. ભારતમાં કોરોના વ્યક્તિના વિતરણ માટે કોના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરાઈ છે - **<u>નીતિ પંચના સભ્ય ડોક્ટર વી. કે. પોલ</u>**
5. તાજેતરમાં ગુજરાત હાઇકોર્ટમાં કયા ત્રણ જજની નિમણૂક કરાઈ – **<u>એડવોકેટ વૈભવી નાણાવટી, કેન્દ્રના સ્ટેન્ડિંગ કાઉન્સેલ નિર્ઝર દેસાઈ તથા નિખિલ કારિયાલ</u>**
6. ગુજરાત હાઇકોર્ટના વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિનું નામ જણાવો - **<u>શ્રી વિક્રમનાથ</u>**
7. ગુજરાત હાઇકોર્ટમાં ઓક્ટોબર 2020ની સ્થિતિએ જજની કુલ સંખ્યા જણાવો - **<u>30</u>**
8. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગરીબોને સસ્તા અનાજનો લાભ મળે તે હેતુથી કેટલા પરિવારોને સમાવવાનો નિર્ણય કર્યો છે - **<u>10 લાખ પરિવાર</u>**
9. તાજેતરમાં ગુજરાતમાં કયા એક્ટ અંતર્ગત સસ્તા અનાજ માટે કયા એક્ટ હેઠળ 50 લાખ લોકોને સમાવાયા છે - **<u>NFSA</u>**
10. NFSAનું વિસ્તૃત નામ જણાવો - **<u>નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ</u>**

11. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં નવા બાયોડાઈવર્સિટી પાર્કનું લોકાર્પણ કરાયું - **સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદ**
12. નવીન બાયોડાઈવર્સિટી પાર્કમાં વિવિધ કુલ કેટલા પ્રકારના ઔષધીય વૃક્ષો તૈયાર કરાયા છે - **120**
13. સાબરમતી રિવરફ્રન્ટ ઉપર આવેલો બાયોડાયવર્સિટી પાર્ક કેટલા વિસ્તારમાં ફેલાયેલો છે-**20 હજાર ચો.મીટર**
14. તાજેતરમાં ગુજરાતના ક્યા આંતરરાષ્ટ્રીય કાર રેલિસ્ટનું ૬૮ વર્ષે અવસાન થયુ - **ભરત દવે**
15. આંતરરાષ્ટ્રીય કાર રેલિસ્ટનું ઉપનામ તથા વતન જણાવો - **ઝાલાવાડનું રત્ન તથા સુરેન્દ્રનગર**
16. ઈન્ટરનેશનલ કાર રેલીમાં ભાગ લેનારા પ્રથમ ભારતીય કોણ હતા - **ભરત દવે**
17. વર્ષ 2019માં ભરત દવેએ પીએમ નરેન્દ્ર મોદીના કયા અભિયાનની કેન્દ્રવર્તી થીમ સાથે 29 દિવસમાં 29 રાજ્ય અને 29 પાટનગરની મુલાકાત લઈ વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો હતો - **સ્વચ્છતા**
18. ભારત સરકારે ભરત દવેને કયા પુરસ્કારથી સન્માનિત કર્યાં હતા – **એકલવ્ય**
19. ભરત દવે કેટલી વાર રાષ્ટ્રીય અને કેટલી વાર આંતરરાષ્ટ્રીય કાર રેલીમાં ચેમ્પિયન બનવાનો વિક્રમ ધરાવે છે – **પાંચ તથા બે**
20. ભરત દવેએ કયા વર્ષે ન્યૂઝિલેન્ડમાં યોજાયેલી રેસમાં પ્રથમ સ્થાન મેળવી, આ રેસમાં જીતનારા પ્રથમ ભારતીય બન્યા હતા - **1993**
21. વિશ્વ પશુ કલ્યાણ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **4 ઓક્ટોબર**
22. ક્રાંતિ ગુરૂ શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મ કયારે થયો હતો - **4 ઓકટોબર-1857**
23. ક્રાંતિ ગુરૂ શ્યામજી કૃષ્ણ વર્માનું જન્મ સ્થળ જણાવો - **માંડવી-કચ્છ**
24. શ્યામજી કૃષ્ણ વર્માએ લંડનમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે કોની સ્થાપના કરી હતી - **ઈન્ડિયા હાઉસ**
25. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ કયા સ્થળેથી લાવીને વીરાંજલિ યાત્રા દ્વારા કચ્છના માંડવીમાં અસ્થિ વિસર્જન કરાયા હતા - **જીનિવા**
26. શ્યામજી કૃષ્ણ વર્માની યાદમાં ક્યા સ્થળે ક્રાંતિ તીર્થ સ્મારકની સ્થાપના કરવામાં આવી છે – **માંડવી (કચ્છ)**
27. કચ્છ યુનિવર્સિટી કયા નામથી ઓળખાય છે - **શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




## ૧. ક્વાડ બેઠક : ૨૦૨૦ (વૈશ્વિક સંબંધો)

**જાપાનની રાજધાની ટોક્યોમાં તા.૬ઠ્ઠી ઓક્ટોબરથી ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠક**

- ✓ ભારતમાંથી વિદેશ મંત્રી શ્રી એસ.જયશંકર ઉપસ્થિત રહેશે
- ✓ ક્વાડ એ ક્યુસિડ તરીકે પણ ઓળખાય છે

**ક્વાડ - ક્યૂસિડ શું છે ?**

- ✓ ક્યુસિડ-ક્વાડ્રીલેટરલ સિક્યોરિટી ડાયલોગ
- ✓ ભારતમાં ચતુર્ભૂજ સુરક્ષા સંવાદ તરીકે




**ક્વાડ એટલે ચાર દેશનું સંગઠન**

1. ભારત
2. USA
3. જાપાન
4. ઓસ્ટ્રેલિયા




- ✓ ક્વાડનો હેતુ : શાંતિ-સુરક્ષા જાળવવી

**વિગત :**

- ✓ વર્ષ-૨૦૦૭માં જાપાનના તત્કાલીન વડાપ્રધાન શિંજો આબેએ આવું સંગઠન શરૂ કરવા પહેલ કરી હતી. તેના પાછળનું કારણ જાપાન પર આવેલા સુનામીના સંકટ અને બીજી સમસ્યાઓના પડકારને ઝીલવાનું હતું.
- ✓ જાપાનમાં સુનામી આવ્યું એ પછી ભારત, અમેરિકા અને બીજા થોડાક દેશોએ સાથે મળીને જાપાનને મદદ કરવા માટે અભિયાન હાથ ધર્યું હતું.

- ✓ સુનામી પછી દરિયાઇ ચાંચિયાઓને નાથવા માટે પણ અમેરિકા, ભારત અને જાપાને સાથે મળીને આપરેશનો હાથ ધર્યા હતા.
- ✓ વર્ષ-૨૦૦૭માં જાપાનના ઓકિનાવા ટાપુ પર એક સૈન્ય અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. તેમાં જાપાન સહિત અમેરિકા, ભારત, ઓસ્ટ્રેલિયા અને સિંગાપોરે ભાગ લીધો હતો.
- ✓ આ સૈન્ય અભ્યાસને ક્વાડ્રીલેટરલ ઇનિશિએટિવ એટલે કે ચતુર્ભુજ પહેલ નામ આપવામાં આવ્યું હતું. બાદમાં એને જ વિસ્તારીને ક્વાડ્રીલેટરલ સિક્યોરિટી ડાયલોગ કરવામાં આવ્યું.
- ✓ વર્ષ-૨૦૧૭માં ક્વાડને ફરીથી સજીવન કરવામાં આવ્યું.
- ✓ વર્ષ-૨૦૧૭માં ક્વાડની બેઠક મળી હતી. એ પછી ગયા વર્ષે અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીની બેઠક મળી એ પછી ચારેય દેશોએ બેઠક યોજી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. GST કાઉન્સિલ: ૪૨મી બેઠક યોજાઈ




**કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો**

- ✓ રાજ્યોને કમ્પેન્સેશન સેસના રૂ. ૨૦,૦૦૦ કરોડની તત્કાળ ફાળવણી
- ✓ રાજ્યોને IGSTના રૂ. ૨૪,૦૦૦ કરોડની એક અઠવાડિયામાં ફાળવણી કરાશે. જે રાજ્યોને વધારાના પૈસા અપાયા હશે તેમની પાસેથી વધારાની રકમ પછીથી પાછી લેવાશે.
- ✓ ૧ જાન્યુઆરીથી વાર્ષિક રૂ. ૫ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા કરદાતાઓને માસિક રિટર્ન (GSTR-3બ and GSTR-૧) ભરવામાંથી મુક્તિ અપાઈ. હવે તેમણે દર ૩ મહિને રિટર્ન ભરવાનાં રહેશે.
- ✓ રૂ. ૫ કરોડથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતા મોટા કરદાતાઓએ હવે ૧ એપ્રિલ ૨૦૨૧થી B2B વ્યવહારો માટે ૬ આંકડાનો HSN કોડ દર્શાવવાનો રહેશે. જ્યારે નાના કરદાતાઓએ ૪ આંકડાનો HSN કોડ આપવાનો રહેશે.
- ✓ રાજ્યોને બજારમાંથી ઋણ ઊભું કરવાના પહેલા વિકલ્પમાં હવે રૂ. ૯૭,૦૦૦ કરોડ

એકઠા કરવાને બદલે રૂ. ૧.૧૦ લાખ કરોડ ઊભા કરવાની છૂટ અપાઈ.

- ✓ કરદાતાઓને ૧ જાન્યુઆરી ૨૦૨૧થી તેમની રિફંડની રકમ તેમના માન્ય પાન નંબર અને આધાર નંબરની વિગતો આપી હશે તો ફક્ત બેન્ક ખાતામાં જ જમા કરાશે.
- ✓ બજારમાંથી ઋણ મેળવવાના મામલે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે બે વિકલ્પ સિવાયના ત્રીજા વિકલ્પ અંગે હજી કોઈ સંમતિ સધાઈ નહીં.
- ✓ સરકાર દ્વારા રાજ્યો તેમણે લીધેલાં ઋણની રકમ પરત કરી શકે તે માટે ૨૦૨૨ પછી પણ કાર અને તમાકુની બનાવટો સહિત અન્ય લક્ઝરી ચીજો પરનો જીએસટી સરચાર્જ લંબાવવામાં આવશે. આવી ચીજો પર ૧૨થી ૨૦૦ ટકા સરચાર્જ લેવાય છે.
- ✓ જીએસટી સરચાર્જ ૫ વર્ષ પછી પણ ચાલુ રાખવા કાઉન્સિલની મંજૂરી
- ✓ સેટેલાઈટના લોન્ચિંગની કામગીરીને GSTમાંથી માફી અપાઈ. સેટેલાઈટ લોન્ચિંગ પરનો ૧૮ ટકા GST સંપૂર્ણ માફ કરાયો.
- ✓ GSTR ૨Bની ઈનપુટ ટેક્સ ક્રેડિટની ગણતરી કરવાથી કરદાતાઓને ઈનપુટ ટેક્સ ક્રેડિટની ગણતરીમાં સરળતા રહેશે.
- ✓ કમ્પેન્સેશન સેસની સમસ્યા ઉકેલવા ઓફિસરોની સમિતિને બદલે પ્રધાનોની ઉચ્ચ કક્ષાની સમિતિ રચવા વિચારાશે
- ✓ અધ્યક્ષ : કેન્દ્રીય નાણામંત્રી શ્રી નિર્મલા સિતારામન
- ✓ ગુજરાતમાંથી નાણા મંત્રી શ્રી નીતિનભાઈ પટેલની વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિતિ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૩. નોબેલ પારિતોષિક-૨૦૨૦ :

## મેડિસિન નોબેલ પારિતોષિક

**સંયુક્ત વિજેતા અને દેશ**

1. હાર્વે જે. અલ્ટર - USA
2. માઈકલ હ્યુટન - USA
3. ચાર્લ્સ એમ. રાઇસ - UK

- ✓ પ્રદાન : લિવર કેન્સર માટે કારણભૂત મનાતા હેપેટાઈટિસ C વાઈરસ માટે
- ✓ ઈનામ : ૮.૨૨ કરોડ રૂપિયા/ ૧૧.૧૮ લાખ ડોલર (ત્રણ ભાગે)
- ✓ મેડલ : ગોલ્ડ




**કોના દ્વારા પસંદગી :**

- ✓ સ્વીડનની કેરોલિંસ્કા ઈન્સ્ટિટયૂટના 5 સભ્યની કમિટી.

**મેડિકલ નોબેલ વૈજ્ઞાનિક અને શોધમાં તેનું પ્રદાન**




**<u>હિપેટાઇટીસ શું છે ?</u>**

- ✓ હિપેટાઇટીસ બે ગ્રીક શબ્દો લિવર અને જલન (ઇન્ફલેમેશન) સાથે મળીને બનાવ્યો છે.
- ✓ આ બીમારી વાઇરલ ઇન્ફશનથી થાય છે.
- ✓ વધુ શરાબ પીવો, પર્યાવરણમાં પ્રદૂષણની વધુ અસર પણ તેનું કારણ છે.
- ✓ ૧૯૪૦ના દાયકામાં હિપેટાઇટીસના બે મુખ્ય પ્રકારોની જાણ થઇ છે.
- ✓ હિપેટાઇટીસ એ પ્રદૂષિત પાણી કે ખોરાકથી થાય છે.
- ✓ હિપેટાઇટીસ બી લોહી અને શરીરના પ્રવાહીથી ટ્રાન્સમિટ થાય છે.
- ✓ બીમારીનો આ પ્રકાર ઘણો ઘાતક હોય છે, જે આગળ જતાં લિવર સિરોસિસ અને લિવર કેન્સર બની શકે છે.
- ✓ તે વધુ જોખમી છે કેમકે કેટલીય વખત સ્વસ્થ લોકોમાં તેના લક્ષણ જણાતાં નથી.
- ✓ સૌપ્રથમ હિપેટાઈટિસ-A અને હિપેટાઈટિસ-B વાઈરસ વર્ષ-૧૯૬૫માં શોધાયા હતા

<u>હિપેટાઇટીસથી દુનિયામાં 4 લાખ લોકોનાં મોત</u>

- ✓ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું આકલન એ છે કે દુનિયામાં ૭૦૦ લાખ હિપેટાઇટીસના દર્દીઓ છે અને દર વર્ષે આ બીમારીને કારણે દુનિયામાં ચાર લાખ લોકોનાં મોત થાય છે.
- ✓ આ રોગને ક્રોનિક બીમારી ગણવામાં આવે છે અને લિવર સાથે જોડાયેલી બીમારીઓ અને કેન્સરનું તે કારણ છે.

**<u>નોબેલ કમિટી દ્વારા કુલ-૬ નોબેલ પારિતોષિકમાંથી તબીબી એવોર્ડ સૌપ્રથમ આપવામાં આવે છે જેમાં :</u>**

1. મેડિસિન (તબીબી)
2. ભૌતિકશાસ્ત્ર
3. રસાયણશાસ્ત્ર
4. સાહિત્ય
5. શાંતિ
6. અર્થશાસ્ત્ર

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૪. DRDO : એન્ટિ સબમરિન સુપર સોનિક મિસાઈલ આસિસ્ટેડ રિલિઝ ઓફ ટોરપિડો - SMARTનું સફળ પરિક્ષણ (સંરક્ષણ)</u>




**વિશેષતા :**

- ✓ રેન્જ : ૬૫૦ થી ૧૦૦૦ કિ.મી.
- ✓ પરીક્ષણ દરમિયાન રેન્જ, એલ્ટિટ્યૂડ, ટોરપીડોને છોડવાની ક્ષમતા અને વીઆરએમ પર સ્થાપિત કરવાની ક્ષમતાએ સંપૂર્ણ સાચી રીતે કામગીરી કરી.
- ✓ ખાસ : આ મિસાઈલ સબમરિનથી થતા યુદ્ધમાં ભારતની ક્ષમતા વધારશે
- ✓ SMART : સુપર સોનિક મિસાઈલ આસિસ્ટેડ રિલિઝ ઓફ ટોરપિડો
- ✓ પરીક્ષણ સ્થળ : કલામ ટાપુ (ઓડિશા)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. નિર્ણય : શિક્ષણ વિભાગ

## ધો.૯ થી ધો.૧૨ના કોર્ષમાં 30 ટકા ઘટાડાનો નિર્ણય




- ✓ શિક્ષકો દ્વારા તમામ ૧૦૦ ટકા અભ્યાસક્રમ ભણાવવાનો રહેશે, પરીક્ષામાં નહીં પૂછી શકાય
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૬. BRICS : વર્ચ્યૂઅલ બેઠક-૨૦૨૦ (વૈશ્વિક સંબંધો)

- ✓ આગામી તા. ૧૭ નવેમ્બર-૨૦૨૦થી
- ✓ **બેઠકનો વિષય :** "પાર્ટનરશીપ ફોર ગ્લોબલ સ્ટેબિલિટી શેર સિક્યુરિટી એન્ડ ઈનોવેટિવ ગ્રોથ"
- ✓ BRICS: બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના અને સાઉથ આફ્રિકા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૭. જન્મ દિન વિશેષ : 5 ઓક્ટોબર

## સમૂળી ક્રાંતિ : કિશોરલાલ મશરૂવાળા

## જન્મ : 5 ઓક્ટોબર 1890

## અવસાન : 9 સપ્ટેમ્બર 1992

- ✓ આજે ગાંધી વિચારણા સમર્થ ભાષ્યકાર કિશોરલાલ મશરૂવાળા, સાહિત્યકાર ભગવતીચરણ વર્મા અને ફ્રેંચ ચિંતક દેનિસ દીદેરોનો જન્મદિવસ




- ✓ ગુજરાતનાં પ્રથમ મહિલા કેળવણીકાર હરકુંવર શેઠાણી અને પત્રકારત્વના મોભી રામનાથ ગોએન્કાની પુણ્યતિથિ.
- ✓ મુંબઈમાં જન્મેલા કિશોરલાલે મુંબઈમાં જ શિક્ષણ લઇ સ્નાતક અને એલ.એલ.બી.ની પદવી મેળવી હતી.
- ✓ વકીલાતની ધીકતી પ્રેક્ટિશ દરમિયાન ગોપાલકૃષ્ણ ગોખલેની જાહેરજીવનની અને શ્રીમતી એની બેસન્ટનાં હોમરૂલ આંદોલન સાથે જોડાયા હતાં.
- ✓ ગાંધીજીના ચંપારણ સત્યાગ્રહ વખતે વકીલાત છોડી ચંપારણ ગયા હતા, તે પછીની આઝાદીની મોટા ભાગની લડતો અને ગાંધી પ્રેરિત રચનાત્મક કાર્યક્રમોમાં કિશોરલાલે સક્રિય યોગદાન આપ્યું હતું.
- ✓ મહત્વના પુસ્તકો: કિશોરલાલ મશરૂવાળાએ રામ અને કૃષ્ણ, ઈશુ ખ્રિસ્ત, બુદ્ધ અને મહાવીર, જીવન શોધન, સમૂળી ક્રાંતિ, ગાંધી વિચાર મશરૂવાળા દોહન, કેળવણીના પાયા, ગાંધીજી અને સામ્યવાદ જેવાં પુસ્તકો લખ્યાં અને સંપાદિત કર્યા હતાં.
- ✓ તેઓએ અનેક પુસ્તકોના અનુવાદો પણ કર્યા. ગાંધીજીના હરીજન પત્રો થકી કિશોરલાલે પત્રકારત્વ પણ ખેડ્યું હતું.
- ✓ તેઓનું 9 સપ્ટેમ્બર 1992ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૧૦-૨૦૨૦)

1. વિવિધ દેશોના વિદેશ મંત્રીઓની કવાડ બેઠક-2020 ક્યારે યોજાઇ - **06 ઓક્ટોબર 2020**
2. વિવિધ દેશોના વિદેશ મંત્રીઓની કવાડ બેઠક-2020મા ભારતમાંથી કોણ ઉપસ્થિત હતું - **વિદેશ મંત્રી એસ. જયશંકર**
3. કવાડ સંગઠનમાં કયા કયા દેશો સમાવેશ થાય છે - **ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા**
4. "કવાડ સંગઠન" અન્ય કયા નામે ઓળખાય છે-**ક્યૂસિડ**
5. ક્યૂસિડનું વિસ્તૃત નામ જણાવો - **કવાડ્રીલેટરલ સિક્યુરિટી ડાયલોગ**
6. "કવાડ" ભારતમાં કયા નામે ઓળખાય છે - **ચતુર્ભુજ સુરક્ષા સંવાદ**
7. "કવાડ સંગઠન"નો મૂળ હેતુ જણાવો – **શાંતિ અને સુરક્ષા જાળવવી**
8. "કવાડ સંગઠન"ની સ્થાપનામાં સૌથી પાયાની ભૂમિકા કયા દેશની છે - **જાપાન**
9. ઓક્ટોબર-2020માં જીએસટી કાઉન્સિલ કેટલામી બેઠક યોજાઇ - **42**
10. જીએસટી કાઉન્સિલની તાજેતરમાં યોજાયેલી 42મી વર્ચ્યુઅલ બેઠકમાં રાજ્યોને IGSTની કેટલી રકમ તાત્કાલિક ફાળવવાની જાહેરાત કરાઈ-**રૂ. 24,000 કરોડ**

11. આગામી 01 જાન્યુઆરી 2020થી વાર્ષિક કેટલા કરોડથી ઓછું ટન ઓવર ધરાવતા કરદાતાઓને માસિક રિટર્ન ભરવામાંથી મુક્તિ અપાઇ - **રૂ. 5 કરોડ**
12. GST સરચાર્જ કેટલા વર્ષ પછી પણ ચાલુ રાખવા કાઉન્સિલે મંજૂરી આપી - **5 વર્ષ**
13. જીએસટી કાઉન્સિલની 42મી બેઠકમાં સેટેલાઈટ લોન્ચિંગની કામગીરીને કયા કરમાંથી મુક્તિ અપાઇ - **GST**
14. જીએસટી કાઉન્સિની 42મી બેઠકમાં સેટેલાઈટ લોન્ચિંગ ઉપરનો કેટલા ટકા જીએસટી સંપૂર્ણ માફ કરાયો -**18 %**
4. ૧૬ ઓક્ટોબર-૨૦૨૦ના રોજ FAOના ૭૫માં સ્થાપના દિવસ નિમિતે સ્મૃતિરૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કેટલા રૂપિયાનો ચલણી સિક્કો લૉન્ચ કરાયો - **રૂ. ૭૫**
5. ૧૬ ઓક્ટોબર-૨૦૨૦ના રોજ FAOના ૭૫માં સ્થાપના દિવસ નિમિતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૮ પાકની વિકસિત કરાયેલી કેટલી નવી વેરાઈટી રાષ્ટ્રને સમર્પિત કરી હતી – **૧૭**
6. ૧૬ ઓક્ટોબરના રોજ FAOના સ્થાપના દિવસને ક્યા દિવસ તરીકે મનાવવામાં આવે છે - **વિશ્વ ખાદ્ય દિવસ**
7. વિશ્વ ખાદ્ય દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **"Grow, Nourish, Sustain. Together. Our actions are our future."**
8. ઓક્ટોબર-૨૦૨૦માં ભારતની કઈ બ્લડ બેન્કને શ્રેષ્ઠ બ્લડ બેન્કનો એવોર્ડ આપવાની જાહેરાત કરાઈ - **અમદાવાદની રેડ ક્રોસ બ્લડ બેન્ક**
9. ઓક્ટોબર-૨૦૨૦માં કયા પ્રસંગે અમદાવાદની રેડ ક્રોસ બ્લડ બેન્કને ભારતની શ્રેષ્ઠ બ્લડ બેન્કનો એવોર્ડ આપવાની જાહેરાત કરાઈ – **ઇન્ડિયન રેડ ક્રોસ ક્રોસ સોસાયટીના ૧૦૦ વર્ષ નિમિત્તે**
10. અમદાવાદની રેડ ક્રોસ બ્લડ બેન્કને ભારતની શ્રેષ્ઠ બ્લડ બેન્કનો એવોર્ડ આપવાની જાહેરાત કોના દ્વારા કરવામાં આવી – **કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડો.હર્ષવર્ધન**
11. અમદાવાદની રેડ ક્રોસ બ્લડ બેન્કને ભારતની શ્રેષ્ઠ બ્લડ બેન્કના એવોર્ડ અંતર્ગત કેટલી ઇનામી રકમ અપાશે - **રૂ. ૫૦ લાખ**
12. મેડિકલ જર્નલ ધ લાન્સેટના તાજેતરના અહેવાલ અનુસાર વર્ષ ૧૯૯૦થી વર્ષ-૨૦૧૯ દરમિયાનના વર્ષોમાં ભારતીયોના સરેરાશ આયુષ્યમાં કેટલા વર્ષનો વધારો થયો - **૧૦**
13. મેડિકલ જર્નલ ધ લાન્સેટના તાજેતરના અહેવાલ અનુસાર ભારતમાં વર્ષ-૧૯૯૦માં લોકોનું સરેરાશ આયુષ્ય કેટલા વર્ષ હતું - **૫૯.૬**
14. મેડિકલ જર્નલ ધ લાન્સેટના તાજેતરના અહેવાલ અનુસાર ભારતમાં વર્ષ-૨૦૧૯માં લોકોનું સરેરાશ આયુષ્ય કેટલા વર્ષ થયુ - **૭૦.૮**
15. મેડિકલ જર્નલ ધ લાન્સેટના તાજેતરના અહેવાલ અનુસાર ભારતીયોના સરેરાશ આયુષ્યમાં ૧૦ વર્ષનો વધારો થયો છે આ સંશોધનમાં મૃત્યુના ૨૮૬ કારણો, ૩૬૯ બીમારી અને ૮૭ જેટલા જોખમોનું વિશ્લેષણ કરીને કેટલા દેશોનો અભ્યાસ કર્યો છે - **૨૦૪**
16. મેડિકલ જર્નલ ધ લાન્સેટના તાજેતરના અહેવાલ અનુસાર ભારતના કયા રાજ્યના લોકોનું સરેરાશ આયુષ્ય સૌથી વધુ કેટલું છે – **કેરળ તથા ૭૭.૩**
17. મેડિકલ જર્નલ ધ લાન્સેટના તાજેતરના અહેવાલ અનુસાર ઉત્તરપ્રદેશના લોકોનું સરેરાશ આયુષ્ય કેટલા વર્ષ છે - **૬૬.૯**
18. ગુજરાત સરકારે નવરાત્રિ પર્વ નિમિત્તે કયુ વિશેષ અભિયાન શરૂ કર્યું હતુ - **શક્તિવંદના અભિયાન**
19. નવરાત્રિ પર્વ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સોશિયલ મીડિયા દ્વારા કયા અભિયાનનો પ્રારંભ કરાયો હતો- **શક્તિવંદના અભિયાન**
20. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શક્તિ વંદના અભિયાન હેઠળ કયો વીડિયો #ShaktiVandana પર અપલોડ કરવા અપીલ કરી હતી - **દરેકના જીવનમાં**

**<u>યોગદાન આપનાર નારી શકિત પ્રત્યે આભાર-ધન્યવાદ વ્યક્ત કરતો વીડિયો</u>**

21. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી શક્તિવંદના અભિયાન મારફત તા. 19, 21 અને 23 ઓકટોબર-૨૦૨૦ દરમિયાન અલગ અલગ ક્ષેત્રની કેટલી નારી શક્તિ સાથે સંવાદ કરી તેમની જીવન યાત્રાનો પરિચય કરશે – **<u>નવ</u>**
22. ઓકટોબર-૨૦૨૦માં કેન્દ્ર સરકારે કઈ વસ્તુના આયાત પર પ્રતિબંધ મૂક્યો - **<u>AC અને રેફ્રીજરેટર</u>**
23. ઓકટોબર-૨૦૨૦માં કેન્દ્ર સરકારે કયા હેતુસર AC અને રેફ્રીજરેટરની આયાત પર પ્રતિબંધ મૂક્યો - **<u>ઘરેલું ઉત્પાદન પ્રક્રિયાને વેગ આપવા તેમજ બિનજરૂરી ચીજવસ્તુઓની આયાતમાં ઘટાડવા</u>**
24. ઓકટોબર-૨૦૨૦માં કેન્દ્ર સરકારે રેફ્રીજરેટર અને એરકન્ડિશનરને આયાત નીતિમાં મુક્ત શ્રેણીમાંથી હટાવીને કઈ શ્રેણીમાં મૂક્યા - **<u>પ્રતિબંધાત્મક શ્રેણી</u>**
25. ઓકટોબર-૨૦૨૦માં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા AC અને રેફ્રીજરેટરની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો - **<u>વિદેશ વ્યાપાર મંત્રાલય</u>**
26. સૌરાષ્ટ્રના સાવજ છેલભાઈ દવેનો જન્મદિવસ જણાવો - **<u>16 ઓકટોબર 1889</u>**
27. પોલીસ અધિકારી છેલભાઈ દવેને સરદાર વલ્લભભાઈ પટેલ કયા નામથી નવાજ્યા હતા- **<u>રાષ્ટ્રવીર</u>**
28. છેલભાઈ દવેનો જન્મ ક્યાં થયો હતો - **<u>વઢવાણ</u>**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




## ૧.સૂચિત કોરોના રસીકરણ કાર્યક્રમ : ભારત સરકાર (આરોગ્ય)




સંભવિત ભારતમાં સૌથી પહેલાં 30 કરોડ નાગરિકોને રસી અપાશે

- ✓ કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ તબક્કામાં કોરોનાના ૬૦ કરોડ ડોઝ ખરીદવામાં આવશે

**કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત ચાર કેટેગરી**

1. ૭૦ લાખ જેટલાં આરોગ્ય કર્મચારી
2. બે કરોડથી વધુ પોલીસ, મ્યુનિસિપલ કર્મચારી, સુરક્ષાદળના કર્મી
3. ૨૬ કરોડ ૫૦ વર્ષથી વધુ વયના નાગરિકો
4. ૧ કરોડ જેટલાં ગંભીર બીમારી ધરાવતા ૫૦થી ઓછી આયુના નાગરિક

- ✓ કોરોનાની રસી માટે ડિલિવરી સિસ્ટમ તૈયાર કરવા વડાપ્રધાન મોદીનું આહવાન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. ન્યૂઝીલેન્ડ : સામાન્ય ચૂંટણીઓમાં ન્યૂઝીલેન્ડના PM તરીકે જેસિન્ડા આર્ડન બીજીવાર પુન: ત્રણ વર્ષ માટે ચૂંટાયા




- ✓ પક્ષ : લેબર પાર્ટી
- ✓ વિપક્ષ : નેશનલ પાર્ટી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૩. ગ્લોબલ હંગર ઇન્ડેક્સ-૨૦૨૦




Global Hunger Index, 2020 – India ranked at 94

**અહેવાલના મહત્વના તથ્યો :**

✓ સમયગાળો : વર્ષ-૨૦૧૫થી વર્ષ-૨૦૧૯

✓ વિશ્વના કુલ ૧૦૭ દેશમાં ભારત ૯૪માં ક્રમે

**સૌથી ઓછો ભૂખમરો ધરાવતા ટોપ ૧૦ દેશ**

**૧ – બેલારુસ**

**૨ – બોસ્નિયા**

**૩ – બ્રાઝિલ**

**૪ – ચિલી**

**૫ – ચીન**

**૬ – કોસ્ટારિકા**

**૭ – ક્રોએશિયા**

**૮ – ક્યૂબા**

**૯ – ઇસ્ટોનિયા**

**૧૦ – કુવૈત**

**સૌથી ખરાબ ભૂખમરો ધરાવતા દેશો**

**૭૦ – ઇન્ડોનેશિયા**

**૭૩ – નેપાળ**

**૭૫ – બાંગ્લાદેશ**

**૮૮ – પાકિસ્તાન**

**૯૪ – ભારત**

**૯૭ – રવાન્ડા**

**૯૮ – નાઇજીરિયા**

**૯૯ – અફઘાનિસ્તાન**

**૧૦૨ – લાઇબેરિયા**

**૧૦૩ – મોઝામ્બિક**

**૧૦૭ – ચાડ**

**ભૂખમરા અંગે વિશ્વની સ્થિતિ :**

✓ વિશ્વમાં ૬૯ કરોડ લોકો કુપોષિત

✓ કોરોના મહામારીના કારણે ભૂખમરો અને ગરીબી ઘટાડવાના પ્રયાસોને ગંભીર અસર પડી છે.

✓ વિશ્વમાં વર્ષ-૨૦૩૦ સુધીમાં ભૂખમરાનો અંત લાવવાનો ટાર્ગેટ નક્કી કરાયો હતો. પરંતુ હાલ જે રીતે પ્રયાસો ચાલી રહ્યાં છે તે જોતાં ૩૭ દેશ ભૂખમરાને ન્યુનત્તમ સ્તરે લાવવામાં પણ સફળ થશે નહીં.

✓ મહામારીના કારણે આગામી દિવસોમાં વિશ્વમાં ભૂખમરો અને કુપોષણમાં વધારો થશે.

**ભૂખમરા બાબતે ભારતની સ્થિતિ :**

✓ વર્ષ ૨૦૨૦ના ગ્લોબલ હંગર ઇન્ડેક્સ અનુસાર વિશ્વમાં નબળાઈથી પીડાતાં પાંચ વર્ષથી નાના બાળકોની સંખ્યા ભારતમાં સૌથી વધુ છે, જે બાળકોમાં પ્રવર્તતા તીવ્ર કુપોષણને પ્રતિબિંબિત કરે છે.

✓ ગ્લોબલ હંગર ઇન્ડેક્સના જણાવ્યા અનુસાર ભારતમાં વર્ષ ૨૦૧૫-૧૯ના સમયગાળામાં બાળકોમાં કુપોષણમાં ગંભીર વધારો થયો છે.

✓ વર્ષ ૨૦૧૦થી ૨૦૧૪ દરમિયાન બાળકોમાં કુપોષણનું સ્તર ૧૫.૧ ટકા હતું

જે ૨૦૧૫-૧૯માં વધીને ૧૭.૩ ટકા પર પહોંચી ગયું છે.

**કયા માપદંડ આધારિત રેન્કિંગ :**

1. ઊંચાઈ પ્રમાણે બાળકનું વજન
2. ઉંમરના પ્રમાણે ઓછી ઊંચાઈ

- ✓ ભારતની ૧૪ ટકા વસ્તીને પુરતો ખોરાક મળતો નથી.
- ✓ આ રિપોર્ટમાં દરેક દેશની ખોરાક-પોષણની સ્થિતિને 100માંથી માર્ક આપવામાં આવે છે.
- ✓ ભારતનો 100માંથી સ્કોર 27.2 નોંધાયો.
- ✓ 26થી વધારેનો સ્કોર હોય એ દેશોની સ્થિતિ ગંભીર ગણવામાં આવે છે.
- ✓ જેમનો સ્કોર પાંચ કે તેનાથી ઓછો હોય એ દેશોમાં ભૂખમરો ઓછામાં ઓછો ગણાય.
- ✓ રિપોર્ટમાં યુરોપ અને ઉત્તર અમેરિકાના દેશોનો સમાવેશ કરવામાં આવ્યો નથી, કેમ કે ત્યાં ભૂખમરાની ગંભીર સમસ્યા નથી.
- ✓ સંસ્થા : ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (IFPRI)

INTERNATIONAL FOOD POLICY RESEARCH INSTITUTE

IFPRI

- ✓ સ્થાપના : વર્ષ-૧૯૭૫
- ✓ મુખ્ય મથક: વોશિંગ્ટન DC, USA
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૪. નવીન આધાર પીવીસી કાર્ડ લોન્ચ (રાષ્ટ્રીય ઓળખ)




- ✓ UIDAI દ્વારા સુરક્ષાના નવા ફીચર સાથેનું નવું આધાર PVC કાર્ડ
- ✓ કિંમત : રૂ.૫૦

**નવા આધાર કાર્ડ વિશે :**

- ✓ આધુનિક સુરક્ષા ફીચર્સ સાથે તૈયાર થતું નવું આધારકાર્ડ ટકાઉ છે અને સાથે લઈ જવું પણ સરળ છે.
- ✓ નવા આધાર પીવીસી કાર્ડ પરના ક્યૂઆર કોડની મદદથી તમારી ઓળખ ઓફલાઇન સરળતાથી ચકાસી શકાય તેમ છે.
- ✓ નવું આધાર પીવીસી કાર્ડ ક્યૂઆરકોડ, તસવીર, ડેમોગ્રાફી વિગતો, હોલોગ્રામ,, માઇક્રોટ ટેક્સ્ટ, ઇશ્યૂ અને પ્રિન્ટ તારીખ ઉપરાંત એમ્બોસ થયેલો આધાર લોગો પણ ધરાવે છે.
- ✓ UIDAI : યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. દુનિયાની છત : તિબેટ (ભૂગોળ)

**તિબેટનો મોટા ભાગનો હિસ્સો પર્વતો વચ્ચે ઘેરાયેલો છે. તે દુનિયાની છત નામે વિશ્વમાં પ્રસિદ્ધ છે.**



**તિબેટ વિશે :**

- ✓ અહીં બે પ્રાંત છે જેમાં ૬ જિલ્લા છે.
- ✓ તેમાં ૭૪ કાઉન્ટી રાષ્ટ્રીય સ્તરવાળી ગરીબ કાઉન્ટીઓ હતી.
- ✓ અહીં રહેનારા લોકોની વાર્ષિક આવક ૧૫૦૦ યુઆન (આશરે ૧૬,૪૪૮ રૂપિયા) હતી જે હવે વધીને ૯૩૨૮ યુઆન (આશરે ૧.૦૨ લાખ રૂપિયા) થઈ ચૂકી છે.
- ✓ તિબેટ ચીનનું સ્વાયત્ત ક્ષેત્ર છે.
- ✓ કુલ વસ્તી : ૧.૨૦ કરોડ
- ✓ રાજધાની : લ્હાસા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૬. CPCB : ભારતના શહેરોનો હવા પ્રદૂષણ અંગેનો અહેવાલ (પર્યાવરણ)

- ✓ CPCB દ્વારા દૈનિક દેશના કુલ-૧૧૫ શહેરોની હવાની શુદ્ધતા મપાય છે
- ✓ તાજેતરના અહેવાલ મુજબ ઉત્તર ભારતના ૫૪માંથી ૨૭ શહેરોની હવા અતિ દૂષિત




**એર ક્વોલિટી ઈન્ડેક્સ(AQI)ના માપદંડ**

- ✓ AQI ૨૦૦ થી ૩૦૦ – પૂઅર
- ✓ AQI ૩૦૦ થી ૪૦૦ – વેરી પૂઅર
- ✓ CPCB : સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, નવી દિલ્હી
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૧૦-૨૦૨૦)**

1. ભારતમાં સૂચિત કોરોના રસીકરણ કાર્યક્રમમાં પ્રથમ તબક્કામાં સંભવિત કેટલા નાગરિકોને રસી આપવામાં આવશે - **30 કરોડ**
2. કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ તબક્કામાં કોરોનાના કેટલા કરોડ ડોઝ ખરીદવામાં આવશે - **60 કરોડ**
3. કેન્દ્ર સરકાર દ્વારા કોરોના રસીકરણ માટે પ્રસ્તાવિક કેટલી કેટેગરી નક્કી કરાઇ છે - **04**
4. કેન્દ્ર સરકાર દ્વારા કોરોના રસીકરણ માટે પ્રસ્તાવિક કઈ કઈ કેટેગરી નક્કી કરાઇ છે – **૧. ૭૦ લાખ જેટલાં આરોગ્ય કર્મચારી, ૨. બે કરોડથી વધુ પોલીસ, મ્યુનિસિપલ કર્મચારી, સુરક્ષાદળના કર્મી, ૩. ૨૬ કરોડ ૫૦ વર્ષથી વધુ વયના નાગરિકો અને ૪. ૧ કરોડ જેટલાં ગંભીર બીમારી ધરાવતા ૫૦થી ઓછી આયુના નાગરિક**
5. તાજેતરમાં ન્યૂઝીલેન્ડની સામાન્ય ચૂંટણીઓમાં કયા વડાપ્રધાન ત્રણ વર્ષ માટે ફરીથી જંગી બહુમતીથી ચૂંટાયા છે - **જેસિન્ડા આર્ડન**

6. ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન જેસિન્ડા આર્ડનના પક્ષનું નામ જણાવો - **લેબર પાર્ટી**
7. તાજેતરમાં જાહેર કરેલા ગ્લોબલ હંગર ઈન્ડેક્સ-2020માં ભારતનો ક્રમ જણાવો - **94**
8. તાજેતરમાં જાહેર કરેલા ગ્લોબલ હંગર ઈન્ડેક્સ-2020 કુલ કેટલા દેશનો સર્વે કરાયો - **107**
9. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા ગ્લોબલ હંગર ઈન્ડેક્સ-2020 જાહેર કરાયો - **IFPRI**
10. IFPRIનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઇન્સ્ટિટયૂટ**
11. તાજેતરમાં જાહેર કરેલા ગ્લોબલ હંગર ઈન્ડેક્સ-2020 મુજબ વિશ્વના અંદાજે કેટલા કરોડ લોકો કુપોષિત છે - **69 કરોડ**
12. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ -2020 મુજબ વિશ્વમાં કયા વર્ષ સુધીમાં ભૂખમરાનો અંત લાવવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે - **વર્ષ 2030**
13. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ -2020 મુજબ ભારતમાં 2015-19માં કુપોષણનું સ્તર વધીને કેટલા ટકા થયું છે - **17.3 ટકા**
14. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ -2020 મુજબ ભારતમાં કેટલા ટકા વસ્તીને પૂરતો ખોરાક મળતો નથી - **14 ટકા**
15. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ-2020 મુજબ ભારતનો 100માંથી કેટલો સ્કોર નોંધાયો છે - **27.2**
16. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ -2020 મુજબ કેટલાથી વધારે સ્કોર હોય તે દેશની સ્થિતિ ગંભીર ગણવામાં આવે છે - **26**
17. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ -2020 મુજબ કેટલાથી ઓછો સ્કોર હોય તે દેશની સ્થિતિ સારી ગણવામાં આવે છે - **5**
18. ગ્લોબલ હંગર ઇન્ડેક્સ-૨૦૨૦ના અહેવાલનો સમયગાળો જણાવો - **વર્ષ-૨૦૧૫થી વર્ષ-૨૦૧૯**
19. ગ્લોબલ હંગર ઇન્ડેક્સ-૨૦૨૦ના અહેવાલ મુજબ સૌથી ઓછો ભૂખમરો ધરાવતા ટોપ ૧૦ દેશના નામ જણાવો – **૧. બેલારુસ, ૨. બોસ્નિયા, ૩.બ્રાઝિલ, ૪.ચિલી, ૫.ચીન, ૬.કોસ્ટારિકા, ૭.ક્રોએશિયા, ૮. ક્યૂબા, ૯. ઇસ્ટોનિયા, ૧૦.કુવૈત**
20. ગ્લોબલ હંગર ઇન્ડેક્સ-૨૦૨૦ના અહેવાલ મુજબ સૌથી ખરાબ ભૂખમરો ધરાવતા દેશોના ક્રમ સહિત નામ જણાવો – **૭૦.ઇન્ડોનેશિયા, ૭૩.નેપાળ, ૭૫. બાંગ્લાદેશ, ૮૮.પાકિસ્તાન, ૯૪.ભારત, ૯૭.રવાન્ડા, ૯૮.નાઇજીરિયા, ૯૯.અફઘાનિસ્તાન, ૧૦૨.લાઇબેરિયા, ૧૦૩.મોઝામ્બિક, ૧૦૭.ચાડ**
21. IFPRI સંસ્થાની સ્થાપના કયા વર્ષે થઈ હતી - **વર્ષ-૧૯૭૫**
22. વૈશ્વિક સંસ્થા IFPRIનું મુખ્ય મથક કયાં આવેલું છે - **વોશિંગ્ટન DC, USA**
23. ઓકટોબર-૨૦૨૦માં UIDAI દ્વારા સુરક્ષાના નવા ફીચર સાથેનું નવું કયુ આધાર કાર્ડ લોન્ચ કરાયું - **PVC**
24. આધુનિક સુરક્ષા ફીચર્સ સાથેના નવા આધાર પીવીસી કાર્ડમાં શેની મદદથી વ્યક્તિની ઓળખ ઓફલાઇન સરળતાથી ચકાસી શકાશે – **કાર્ડ પરના ક્યૂઆર કોડ**
25. UIDAIનું વિસ્તૃત નામ જણાવો - **યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા**
26. કયો દેશ દુનિયાની છત તરીકે ઓળખાય છે - **તિબેટ**
27. કયા કારણોસર તિબેટ દેશ દુનિયાની છત તરીકે ઓળખાય છે - **તિબેટનો મોટા ભાગનો હિસ્સો પર્વતો વચ્ચે ઘેરાયેલો હોવાથી**
28. તિબેટના લોકોની વર્તમાન વાર્ષિક આવક કેટલી છે - **૯૩૨૮ યુઆન (આશરે ૧.૦૨ લાખ રૂપિયા)**
29. તિબેટની રાજધાની કઈ છે - **લ્હાસા**
30. CPCBનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ**
31. CPCB દ્વારા દૈનિક દેશના કુલ કેટલા શહેરોની હવાની શુદ્ધતા મપાય છે - **૧૧૫**
32. CPCBના તાજેતરના અહેવાલ મુજબ ઉત્તર ભારતના ૫૪માંથી કેટલા શહેરોની હવા અતિ દૂષિત છે - **૨૭**
33. AQIનું વિસ્તૃત નામ જણાવો - **એર ક્વોલિટી ઈન્ડેક્સ**
34. AQIના માપદંડ અનુસાર AQI ૨૦૦ થી ૩૦૦ની સ્થિતિ કેવી ગણાય – **પૂઅર**
35. AQIના માપદંડ અનુસાર AQI ૩૦૦ થી ૪૦૦ની સ્થિતિ કેવી ગણાય – **વેરી પૂઅર**
36. CPCBનું મુખ્ય મથક કયાં આવેલું છે - **નવી દિલ્હી**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




## ૧.ભારતનું ચીન સામે "તાઈવાન કાર્ડ" (વિદેશ નીતિ)

**ભારત તાઈવાનને સમર્થન બંધ કરે નહીંતર ચીન ઉત્તર-પૂર્વના ભારતના અલગતાવાદીઓને સમર્થન આપી વિદ્રોહ કરાવશે**




**સમગ્ર વિવાદ શું છે**

- ✓ ચીનના સરકારી મુખપત્ર ગ્લોબલ ટાઇમ્સના એક લેખમાં ચેતવણી ઉચ્ચારવામાં આવી છે કે જો ભારત ચીન સામે તાઇવાન કાર્ડ રમવાનું ચાલું રાખશે તો ચીન પણ ભારત સામે પગલાં ભરી આંતરિક વિદ્રોહ શરૂ કરાવી શકે છે.
- ✓ ભારત અત્યાર સુધી વન ચાઇના પોલિસીને સમર્થન આપતો રહ્યો છે અને તે કારણોસર જ ચીન ભારતના અલગતાવાદીઓને સમર્થન આપતો નહોતો પરંતુ જો ભારત તાઇવાનને સમર્થન આપવાનું ચાલુ રાખશે તો ચીન ભારતમાં વિદ્રોહ શરૂ કરાવી શકે છે.
- ✓ ચીનના સામ્યવાદી પક્ષ સાથે સંકળાયેલા ગ્લોબલ ટાઈમ્સ અખબારમાં ચેતવણી આપતાં લખવામાં આવ્યું હતું કે, ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યો ત્રિપુરા, મેઘાલય, મિઝોરમ, મણિપુર, આસામ અને નાગાલેન્ડમાં વિદ્રોહ કરવા માટે અલગતાવાદીઓને ચીન સમર્થન આપી શકે છે.
- ✓ ગ્લોબલ ટાઈમ્સના દાવા મુજબ અહીં વસતા લોકો અલગ વંશના છે જેઓ પોતાને ભારતનો હિસ્સો માનતા નથી અને તેમાંના ઘણા વિસ્તારો બ્રિટિશ શાસન અગાઉ મ્યાંમારનો ભાગ હતાં.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. મૈસુર : રાજ્યના તહેવાર તરીકે ઉજવાતા "દશેરા ઉત્સવ"નો પ્રારંભ (ઉત્સવ)



- ✓ મુખ્યમંત્રી શ્રી બી.એસ.યેદ્દીયુરપ્પાની હાજરીમાં ૨૧ તોપોની સલામી આપી ઉત્સવનો પ્રારંભ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૩.૧૮૦ દિવસનું મિશન શક્તિ અભિયાન : ઉતરપ્રદેશ સરકાર (મહિલા સુરક્ષા)




**અભિયાન વિશે :**

- ✓ ઉત્તર પ્રદેશ સરકારે મહિલાઓની સુરક્ષા, સન્માન અને સ્વાવલંબન માટે ૧૮૦ દિવસનું મિશન શક્તિ અભિયાન શરૂ કર્યું.
- ✓ અભિયાન અંતર્ગત "પિન્ક પેટ્રોલ" નામથી મહિલા પોલીસની નવી પેટ્રોલિંગ ટીમ બનાવાઈ.
- ✓ આ ટીમ મહિલાઓની છેડતી તથા તેમની સામેના અન્ય ગુનાના કેસોમાં તત્કાળ કાર્યવાહી કરશે.
- ✓ યુપીમાં મહિલા પોલીસનું રાત્રે પણ 'પિન્ક પેટ્રોલ' પેટ્રોલિંગ
- ✓ યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલે લખનઉમાં પિન્ક પેટ્રોલ ટીમને લીલી ઝંડી આપી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૪. કુદરતી ખેતી : કેન્દ્ર સરકાર દ્વારા કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા ખાસ યોજના તૈયાર કરશે




**શું છે કુદરતી ખેતી :**

- ✓ કુદરતી ખેતી આપણી વર્ષો જૂની કેમિકલ મુક્ત પરંપરાગત ખેતીની પદ્ધતિ છે. તેમાં ખેતીમાં ઉપલબ્ધ કુદરતી જૈવ સંસાધનનો ઉપયોગ કરાય છે.
- ✓ આ પદ્ધતિ માટીની ગુણવત્તા, જૈવ વૈવિધ્ય સુધારવામાં પણ મદદરૂપ થાય છે.

**કુદરતી ખેતીના ફાયદા અને લક્ષ્યાંક :**

- ✓ તેમાં પાણી પણ ૨૫ % ઓછું વપરાય છે અને ઉત્પાદન ખર્ચ પણ ૧૦ % ઓછો આવે છે. તેમાં જમીનનું ઓર્ગેનિક કાર્બન પણ બચી જાય છે.
- ✓ તેમાંથી આવક પણ કેમિકલવાળી ખેતી જેટલી જ અથવા તો તેનાથી વધુ થાય છે.
- ✓ નીતિ આયોગ ઝડપથી કુદરતી ખેતીની ઉપજના સર્ટિફિકેટ અને સાયન્ટિફિક ડેટા સંગ્રહનું કામ શરૂ કરશે.
- ✓ દેશમાં આગામી પાંચ વર્ષમાં ૧૨ લાખ હેક્ટરમાં કુદરતી ખેતી શરૂ થવાનું અનુમાન છે. હાલ આશરે ૨૫ લાખ ખેડૂત કુદરતી ખેતી કરે છે.

**સૂચિત યોજના :**

- ✓ ઓર્ગેનિક ખેતીમાં અળસિયાનો ઉપયોગ થાય છે, પરંતુ કુદરતી ખેતીમાં તેનો પણ ઉપયોગ નથી થતો.
- ✓ દેશમાં ૬૦૦ મોટા બ્લોકમાં બે હજાર હેક્ટરમાં ક્લસ્ટર બનાવાશે. અમે સ્થાનિક ભાષામાં ડેટા કલેક્શન કરીશું, જેનાથી ખેડૂતો સુધી યોગ્ય ચીજ પહોંચે.
- ✓ સરકાર ગુણવત્તા અને પોષણ પર જોર આપી રહી છે.
- ✓ ખેડૂત ખાતરના બદલે વીજામૃત, પંચગવ્ય અને ધનજીવામૃતનો ઉપયોગ કરશે.
- ✓ ધનજીવામૃત માટે એક એકરમાં 100 કિલો ગોબર, એક કિલો ગોળ અને બે કિલો બેસનનો ઉપયોગ થઈ શકે છે.

**કુદરતી ખેતી માટે રૂ.૧૨,૦૦૦/-ની સહાય :**

- ✓ આ યોજનામાં ખેડૂતોને ત્રણ વર્ષ માટે રૂ. ૧૨ હજારની સહાય
- ✓ કૃષિમાં ઈનોવેશન અને પરંપરાગત પદ્ધતિઓને પ્રોત્સાહન

કુદરતી ખેતી અપનાવનારા રાજ્યો :

- ✓ આંધ્રપ્રદેશ, કર્ણાટક, હિમાચલ પ્રદેશ અને કેરળ સહિત અનેક મોટા રાજ્યોએ કુદરતી ખેતી અપનાવી છે.
- ✓ આ યોજનામાં ખેડૂતોને ત્રણ વર્ષ માટે રૂ. 12 હજારની સહાય પણ અપાય છે.
- ✓ કેન્દ્રીય કૃષિ મંત્રી : શ્રી નરેન્દ્રસિંહ તોમર
- ✓ આયોજક : નીતિ આયોગ અને કૃષિ મંત્રાલય
- ✓ નીતિ આયોગના હોદ્દાની રૂએ અધ્યક્ષ : વડાપ્રધાનશ્રી
- ✓ નીતિ આયોગ ઉપાધ્યક્ષ :શ્રી રાજીવ કુમાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. સુપર સોનિક બ્રહ્મોસ ક્રુઝ મિસાઈલ : (સંરક્ષણ)

- ✓ INS ચેન્નઈ પરથી સુપર સોનિક બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ




- ✓ **ક્ષમતા :** અવાજની ગતિ કરતાં ૨.૮ ગણી વધુ ઝડપે પોતાનું લક્ષ્ય ભેદવાની ક્ષમતા

- ✓ વૉર હેડની ક્ષમતા : ૩૦૦ કિ.ગ્રા.
- ✓ રેન્જ : ૪૫૦ કિ.મી.
- ✓ બ્રહ્મોસ એરોસ્પેસ કે જે ભારત અને રશિયાનું સંયુક્ત સાહસ છે તે આ પ્રકારની ક્રુઝ મિસાઇલો બનાવે છે.
- ✓ આ એવી મિસાઇલ છે કે જેને શિપ, મોટા જહાજ, એરક્રાફ્ટ કે સબમરીન દ્વારા પણ છોડી શકાય છે.
- ✓ આ મિસાઇલની ખાસિયત એ છે કે તે સમુદ્રથી લઇને જમીન પરથી પણ છોડવા માટે સક્ષમ છે.
- ✓ <u>સંસ્થા : DRDO</u>
- ✓ <u>DRDOના ચેરમેન : શ્રી સતિષ રેડ્ડી</u>

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૬. સ્લિનેક્સ કવાયત : ભારત-શ્રીલંકન નેવી વચ્ચે ત્રિ-દિવસીય કવાયત (વૈશ્વિક સંબંધો)



- ✓ તા. ૧૯-૧૦-૨૦૨૦થી પ્રારંભ
- ✓ બંને દેશો વચ્ચે આ આઠમી કવાયત
- ✓ સ્થાન : ત્રિંકોમાલીના સમૃદ્ર કિનારે

**કવાયત વિશે :**

- ✓ જેમાં સરફેસ અને એન્ટિ-એર વેપન ફાયરિંગ અને ક્રોસ ડેક ફલાઇંગ ઓપરેશન સહિતની શ્રેણીબદ્ધ સંકુલ ડ્રિલ કામગીરીનું નિદર્શન કરાશે.
- ✓ ભારતીય નૌકાદળ એન્ટિ સબમરીન વોરફેર કોર્વેટસ આઇએનએસ કામોરટા અને આઇએનએસ કિલ્તાન, આધુનિક લાઇટ હેલિકોપ્ટર, ચેતક હેલિકોપ્ટર અને ડોર્નિઅર મેરિટાઇમ પેટ્રોલ એરક્રાફટ વગેરે કવાયતમાં ભાગ લેશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૭. દિન વિશેષ : ગૂજરાત વિદ્યાપીઠનો ૧૦૧મો સ્થાપના દિવસ

- ✓ <u>સ્થાપના :</u> તા.૧૮મી ઓકટોબર-૧૯૨૦
- ✓ સ્થાપક : પૂ. મહાત્મા ગાંધીજી, અમદાવાદ
- ✓ <u>ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દિ વર્ષ:૨૦૧૯-૨૦</u>
- ✓ વર્તમાન કુલપતિ : શ્રી ઈલા રમેશ ભટ્ટ
- ✓ પ્રથમ કુલપતિ : મહાત્મા ગાંધીજી
- ✓ બીજા કુલપતિ: સરદાર વલ્લભભાઈ પટેલ

<u>ગૂજરાત વિદ્યાપીઠના અત્યાર સુધીના કુલપતિશ્રી અને તેમનો સમયગાળો</u>




✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૧૦-૨૦૨૦)

1. ચીનના સરકારી મુખપત્ર-અખબારનું નામ જણાવો - **ગ્લોબલ ટાઇમ્સ**
2. ચીન મામલે ભારત અત્યાર સુધી કઈ પોલિસીને સમર્થન આપતો રહ્યો છે - **વન ચાઇના**
3. ગ્લોબલ ટાઈમ્સના દાવા મુજબ ભારતના કયા ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં વસતા કેટલાંક નાગરિકો અલગ વંશના છે જેઓ પોતાને ભારતનો હિસ્સો માનતા નથી અને તેમાંના ઘણા વિસ્તારો બ્રિટિશ શાસન અગાઉ મ્યાંમારનો ભાગ હતાં - **ત્રિપુરા, મેઘાલય, મિઝોરમ, મણિપુર, આસામ અને નાગાલેન્ડ**
4. દક્ષિણી રાજ્ય કર્ણાટકના નાગરિકો નવરાત્રિ દરમિયાન કયો ઉત્સવ ઉજવે છે - **"દશેરા ઉત્સવ"**
5. દક્ષિણી રાજ્ય કર્ણાટકમાં નવરાત્રિ દરમિયાન યોજાતા "દશેરા ઉત્સવ"નો પ્રારંભ કોણે-કઈ રીતે કરાવ્યો – **કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી બી.એસ.યેદીયુરપ્પાની હાજરીમાં ૨૧ તોપોની સલામી આપી**
6. તાજેતરમાં કઈ સરકારે મહિલા સુરક્ષા અંતર્ગત મિશન શક્તિ અભિયાનનો પ્રારંભ કરાવ્યો – **ઉત્તરપ્રદેશ**
7. ઓકટોબર-૨૦૨૦માં ઉત્તરપ્રદેશ સરકારે મહિલા સુરક્ષા અંતર્ગત કેટલા દિવસના મિશન શક્તિ અભિયાનનો પ્રારંભ કર્યો - **૧૮૦ દિવસ**
8. ઉત્તરપ્રદેશ સરકારનું મિશન શક્તિ અભિયાન શું છે - **મહિલા પોલીસની 'પિન્ક પેટ્રોલ' ટીમ દિવસ-રાત્રે પેટ્રોલિંગ કરશે**
9. કયા હેતુસર ઉત્તર પ્રદેશ સરકારે મિશન શક્તિ અભિયાન શરૂ કર્યું - **મહિલાઓની સુરક્ષા, સન્માન અને સ્વાવલંબન માટે**
10. ઉત્તરપ્રદેશ સરકારે મિશન શક્તિ અભિયાન અંતર્ગત કયા નામથી મહિલા પોલીસની નવી પેટ્રોલિંગ ટીમ બનાવી જે રાત્રે પેટ્રોલિંગ કરશે - **"પિન્ક પેટ્રોલ"**
11. ઉત્તરપ્રદેશમાં મહિલા સુરક્ષા માટે કોણે લખનઉમાં પિન્ક પેટ્રોલ ટીમને લીલી ઝંડી આપી મિશન શક્તિ અભિયાનનો પ્રારંભ કરાવ્યો– **ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ**
12. કેન્દ્ર સરકાર કઈ પ્રકારની ખેતીને પ્રોત્સાહન આપવા ખાસ યોજના તૈયાર કરશે - **કુદરતી ખેતી**
13. કેન્દ્ર સરકારની સૂચિત કુદરતી ખેતી યોજનાથી ખેડૂતને શો ફાયદો થશે - **માટીની ગુણવત્તા અને જૈવ વૈવિધ્યામાં સુધારવામાં મદદરૂપ થશે**
14. કુદરતી ખેતી અંતર્ગત દેશમાં આગામી પાંચ વર્ષમાં કેટલા વિસ્તારમાં કુદરતી ખેતી શરૂ થવાનું અનુમાન છે - **૧૨ લાખ હેક્ટર**
15. દેશમાં હાલ આશરે કેટલા ખેડૂત કુદરતી ખેતી કરે છે – **૨૫ લાખ**
16. કુદરતી ખેતીથી પાણી કેટલા ટકા ઓછું વપરાય છે અને ઉત્પાદન ખર્ચ કેટલા ટકા ઓછો આવે છે - **૨૫ ટકા તથા ૧૦ ટકા**
17. કેન્દ્ર સરકારની સૂચિત કુદરતી ખેતી યોજના અંતર્ગત ૬૦૦ મોટા બ્લોકમાં કેટલા હેક્ટરમાં ક્લસ્ટર બનાવાશે – **૨૦૦૦**
18. કેન્દ્ર સરકારની સૂચિત કુદરતી ખેતી યોજના અંતર્ગત ખેડૂત ખાતરના બદલે શાનો ઉપયોગ કરશે - **વીજામૃત, પંચગવ્ય અને ઘનજીવામૃત**
19. સૂચિત કુદરતી ખેતી યોજના અંતર્ગત ખેડૂતોને ત્રણ વર્ષ માટે કેટલી સહાય અપાશે - **રૂ.૧૨,૦૦૦**

20. કેન્દ્ર સરકારની સૂચિત કુદરતી ખેતી યોજનાના આયોજક કોણ છે - **નીતિ આયોગ અને કૃષિ મંત્રાલય**
21. વર્તમાન કેન્દ્રીય કૃષિ મંત્રીનું નામ જણાવો - **શ્રી નરેન્દ્રસિંહ તોમર**
22. નીતિ આયોગના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો - **વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી**
23. નીતિ આયોગના વર્તમાન ઉપાધ્યક્ષ કોણ છે - **શ્રી રાજીવ કુમાર**
24. ઓક્ટોબર-૨૦૨૦માં ક્યા સ્થળેથી સુપર સોનિક બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું - **INS ચેન્નાઈ**
25. સુપર સોનિક બ્રહ્મોસ મિસાઈલ અવાજની ગતિ કરતાં કેટલા ગણી વધુ ઝડપે પોતાનું લક્ષ્ય ભેદવાની ક્ષમતા ધરાવે છે - **૨.૮**
26. સુપર સોનિક બ્રહ્મોસ મિસાઈલની વૉર હેડની ક્ષમતા જણાવો - **૩૦૦ કિ.ગ્રા.**
27. સુપર સોનિક બ્રહ્મોસ મિસાઈલની રેન્જ જણાવો - **૪૫૦ કિ.મી.**
28. DRDOના વર્તમાન ચેરમેનનું નામ જણાવો - **શ્રી સતિષ રેડ્ડી**
29. તા. ૧૯-૧૦-૨૦૨૦થી ભારત-શ્રીલંકન નેવી વચ્ચે કઈ ત્રિદિવસીય કવાયત યોજાઈ - **સ્લિનેક્સ કવાયત**
30. તા.૧૯-૧૦-૨૦૨૦થી ભારત-શ્રીલંકન નેવી વચ્ચે કયા સ્થળે ત્રિદિવસીય સ્લિનેક્સ કવાયત યોજાઈ-**ત્રિંકોમાલી**
31. તા.૧૯-૧૦-૨૦૨૦થી ભારત-શ્રીલંકન નેવી વચ્ચે કેટલામી સ્લિનેક્સ કવાયત યોજાઈ - **આઠમી**
32. તા.૧૮મી ઓક્ટોબર-૨૦૨૦ના રોજ ગૂજરાત વિદ્યાપીઠનો કેટલામો સ્થાપના દિવસ ઉજવાયો- **૧૦૧**
33. ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપના ક્યારે-કોણે કરી હતી - **તા.૧૮મી ઓક્ટોબર-૧૯૨૦ તથા પૂ. મહાત્મા ગાંધીજી**
34. ગૂજરાત વિદ્યાપીઠ ક્યાં આવેલી છે - **અમદાવાદ**
35. ગૂજરાત વિદ્યાપીઠના પ્રથમ કુલપતિ કોણ હતા - **મહાત્મા ગાંધીજી**
36. ગૂજરાત વિદ્યાપીઠના બીજા કુલપતિ કોણ હતા - **સરદાર વલ્લભભાઈ પટેલ**
37. ગૂજરાત વિદ્યાપીઠના વર્તમાન કુલપતિ - **ઈલા રમેશ ભટ્ટ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**

# VIVEKANAND ACADEMY

## SECTOR-22 GANDHINAGAR

**DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 19-10-2020**




### ૧. એશિયા પાવર ઈન્ડેક્સ-૨૦૨૦ : એશિયા પેસિફિકમાં પ્રભુત્વ ધરાવતા સૌથી વધુ શક્તિશાળી-વગદાર દેશોમાં USA પ્રથમ

**ટોપ-૧૦ દેશ**

| ક્રમ | દેશ | સ્કોર |
|---|---|---|
| 1. | અમેરિકા | ૮૧.૬ |
| 2. | ચીન | ૭૬.૧ |
| 3. | જાપાન | ૪૧.૦ |
| 4. | ભારત | ૩૯.૭ |
| 5. | રશિયા | ૩૩.૫ |
| 6. | ઓસ્ટ્રેલિયા | ૩૨.૪ |
| 7. | સાઉથ કોરિયા | ૩૧.૬ |
| 8. | સિંગાપુર | ૨૭.૪ |
| 9. | થાઈલેન્ડ | ૨૦.૮ |
| 10. | મલેશિયા | ૨૦.૭ |

- ✓ અગાઉ ચીન પ્રથમ ક્રમે હતુ




**મહત્વના તમામ દેશો માટે કોરોના ગેમ ચેન્જર સાબિત થયો**

- ✓ કોરોના સામે અસરકારક રીતે લડવામાં નબળી કામગીરી, ચીન સહિતના દેશો સાથે ટ્રેડ વૉર અને ઇરાન સહિત કેટલાક દેશો સાથે બહુપક્ષીય કરાર રદ કરવામાં આવ્યા પછી અમેરિકાએ આ મામલે તેનું પ્રતિષ્ઠિત સ્થાન ગુમાવ્યા છતાં પહેલો ક્રમ જાળવી રાખ્યો છે તેમ લૉવીઝ એશિયન પાવર એન્ડ ડિપ્લોમસી પ્રોગ્રામના ચીફ હેર્વે મિાહીયુએ જણાવ્યું હતું.
- ✓ કુલ દેશ : ૨૬
- ✓ સંસ્થા : લૉવી ઈન્સ્ટિટયૂટ, સીડની (ઓસ્ટ્રેલિયા)

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. ત્રિપક્ષીય મલાબાર-૨૦૨૦ નૌકા કવાયત (વૈશ્વિક સંબંધો)

**ભારત, USA અને જાપાનની નૌકા કવાયતમાં પ્રથમવાર ઓસ્ટ્રેલિયા જોડાશે**




✓ ચાર દેશોના સમૂહ ક્વાડ(QUAD)ને વધુ મજબૂત બનાવાશે

✓ નૌકા કવાયતનું સ્થાન : બંગાળનો અખાત

**નૌકા કવાયતનું વ્યૂહાત્મક મહત્વ :**

✓ ક્વાડ દેશો સાઉથ ચાઈના સીમા ચીનનું પ્રભુત્વ તોડવા માટે દરિયાઈ સુરક્ષા અને સલામતી વધારવા માગે છે.

✓ આવા સંજોગોમાં હિન્દ મહાસાગરમાં ચીનનાં વધતા જતા વિસ્તારવાદ અને ઘૂસણખોરીને રોકવા ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા ચારેય દેશો સાથે મળીને ઈન્ડો પેસિફિક વિસ્તારને ચીન જેવા અન્ય દેશોની દખલગીરીથી મુક્ત અને ખુલ્લો કરવા માગે છે.

✓ આ માટે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાનાં નિયમોને ધ્યાનમાં રાખીને તમામ પગલા લેવાઈ રહ્યા છે અને નૌકા કવાયતો યોજાઈ રહી છે.

**મલાબાર નૌકા યુદ્ધ અભ્યાસ-કવાયત વિશે :**

✓ મલાબાર નૌકા કવાયત પ્રથમ શરૂઆત વર્ષ-૧૯૯૨ ભારત-USA વચ્ચે

✓ ભારતે જ્યારે ૨૦૦૭માં બંગાળના અખાતમાં અમેરિકાને સાથે રાખીને મલાબાર નૌકા કવાયત યોજવાનું નક્કી કર્યું ત્યારે તેમાં જાપાન, ઓસ્ટ્રેલિયા અને સિંગાપુરને સામેલ કરવા નિર્ણય લીધો હતો.

✓ વર્ષ-૨૦૧૫ પછી જાપાનને કાયમી ધોરણે મલાબાર કવાયતમાં સામેલ કરવા નિર્ણય લેવાયો હતો.

✓ વર્ષ-૨૦૧૮માં મલાબાર યુદ્ધ અભ્યાસ ફિલિપાઈન્સના ગુઆમ કિનારે જયારે વર્ષ-૨૦૧૯માં જાપાનના કિનારે યોજાયો હતો

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. DRDO : SANT- સ્ટેન્ડ ઓફ એન્ટિ ટેન્ક મિસાઈલનું સફળ પરીક્ષણ (સંરક્ષણ)



**વિશેષતા :**

- ✓ એરફોર્સ માટે ડીઆરડીઓ દ્વારા વિકસાવાયેલી મિસાઈલમાં લોન્ચ પછી લૉક ઓન અને લોન્ચ પહેલા લૉક ઓન બંને ઓપ્શન હશે.
- ✓ રેન્જ : ૧૫થી ૨૦ કિલોમીટર
- ✓ પરીક્ષણ સ્થળ : ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ડૉ. કલામ ટાપુ, ઓડિશા
- ✓ SANT : સ્ટેન્ડ ઓફ એન્ટિ ટેન્ક
- ✓ પ્રકાર : એર ટુ સરફેશ
- ✓ દોઢ મહિનામાં ભારતે કુલ ૧૩ મિસાઈલ પરીક્ષણ કર્યા છે જે તમામ સફળ રહ્યાં છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૪. ગલગોટાની ખેતીમાં ગુજરાતમાં અમદાવાદ જિલ્લો પ્રથમ (કૃષિ)



**અમદાવાદના દસક્રોઈ અને ધોળકા તાલુકામાં ૯૫ ટકાથી વધુ વાવેતર.**

**ગલગોટાની ખેતી વિશે :**

- ✓ ગલગોટા બે પ્રકારના છે એક છે ફ્રેન્ચ મેરીગોલ્ડ અને બીજી છે આફ્રિકન મેરીગોલ્ડ આ બંને જાતના ફૂલોની ખેતી અમદાવાદમાં થઈ રહી છે.
- ✓ અમદાવાદમાં હાલમાં ૩૫ થી ૪૫ રૂપિયે કિલોનો ભાવ મળી રહ્યો છે.
- ✓ ફૂલોની ખેતીમાં મોટા ખેડૂતોને મહત્તમ ૪ હેક્ટર દીઠ ૧૬ હજાર અને નાના અને સિમાંત ખેડૂતોને ૨૨ હજાર રૂપિયા સબસિડી મળે છે.
- ✓ અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતિના ખેડૂતો માટેનું સહાયનું ધોરણ મોટા ખેડૂતો માટે ૨૦ હજાર અને નાના-સિમાંત ખેડૂતો માટે ૨૬ હજાર રૂપિયા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. નાસા : મોબાઈલ કંપની નોકિયા વર્ષ-૨૦૨૨ સુધીમાં ચંદ્ર પર 4G નેટવર્ક શરૂ કરશે : નાસા સાથે કરાર કર્યાં (નેટવર્ક)




- ✓ નાસા નોકિયાને રૂ. ૧૪ લાખ ડોલરનું ફંડ આપશે
- ✓ વર્ષ-૨૦૨૪માં માનવ ફરી ચંદ્ર ઉપર પગ મૂકશે ત્યારે પહેલું નેટવર્ક શરૂ થઈ જશે
- ✓ મૂન મિશન-નાસા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૬. દિન વિશેષ : ૧૯ ઓક્ટોબર

## જન્મ શતાબ્દિ વર્ષ : પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી

## મનુષ્ય ગૌરવ દિવસ : સ્વાધ્યાય પરિવાર (ધર્મ)




**તા. ૧૯મી ઓકટોબર પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી (પૂ.દાદાજી) જન્મ શતાબ્દિ દિવસ**

- ✓ જન્મ : તા.૧૯-૧૦-૧૯૨૦
- ✓ ઉપનામ : પૂ. દાદા
- ✓ જય યોગેશ્વરના સ્વરૂપે કાર્યોના પ્રેરક
- ✓ વૈદિક સંસ્કૃતિમાં પુનરુત્થાન માટે કાર્યરત લાખો અનુયાયીઓ કાર્યરત




**પૂ.દાદાજીને મળેલા એવોર્ડ :**

- ✓ નોબલ પારિતોષિકને સમકક્ષ ટેમ્પલટન એવોર્ડ (ધર્મ ક્ષેત્રે ક્રાંતિ માટે)
- ✓ મેગ્સેસે એવોર્ડ (સામાજિક ક્રાંતિ માટે)
- ✓ ભારત સરકાર દ્વારા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ વિભૂષણ એવોર્ડ
- ✓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ડોક્ટરેટ ઇન લિટરેચરની પદવી.
- ✓ ઉપરાંત પૂ.દાદાજીનું દેશ વિદેશમાંથી ત્રણ ડઝનથી વધુ એવોર્ડથી સન્માન કરાયુ હતું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૧૦-૨૦૨૦)**

1. એશિયા પેસિફિકમાં પ્રભુત્વ ધરાવતા સૌથી વધુ શક્તિશાળી-વગદાર દેશ માટે ક્યો ઈન્ડેક્સ જાહેર કરવામાં આવે છે - **એશિયા પાવર ઈન્ડેક્સ**
2. તાજેતરમાં પ્રસિદ્ધ કરાયેલા "એશિયા પાવર ઈન્ડેક્સ-2020" મુજબ એશિયા પેસિફિકમાં સૌથી શક્તિશાળી દેશમાં કયા દેશનો સમાવેશ થાય છે - **અમેરિકા**
3. તાજેતરમાં પ્રસિદ્ધ કરાયેલા "એશિયા પાવર ઈન્ડેક્સ-2020" મુજબ એશિયા પેસિફિકમાં સૌથી શક્તિશાળી દેશમાં ભારતનો ક્રમ અને સ્કોર જણાવો-**04 અને 39.7**
4. તાજેતરમાં પ્રસિદ્ધ કરાયેલા "એશિયા પાવર ઈન્ડેક્સ-2020" મુજબ એશિયા પેસિફિકમાં સૌથી શક્તિશાળી ટોપ-10 દેશ અને તેમનો સ્કોર જણાવો - **અમેરિકા-૮૧.૬, ચીન-૭૬.૧, જાપાન-૪૧.૦, ભારત-૩૯.૭, રશિયા-૩૩.૫, ઓસ્ટ્રેલિયા-૩૨.૪, સાઉથ કોરિયા-૩૧.૬, સિંગાપુર-૨૭.૪, થાઈલેન્ડ-૨૦.૮ અને મલેશિયા-૨૦.૭**
5. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા "એશિયા પાવર ઈન્ડેક્સ-2020" પ્રસિદ્ધ કરાયો - **લૉવી ઇન્સ્ટિટયૂટ, સીડની, ઓસ્ટ્રેલિયા**
6. તાજેતરમાં પ્રસિદ્ધ કરાયેલા "એશિયા પાવર ઈન્ડેક્સ-2020"માં કુલ કેટલા દેશોનો સમાવેશ કરાયો છે - **26**

7. ભારતમાં યોજાનાર ત્રિપક્ષીય મલાબાર નૌકા કવાયતમાં આ વર્ષે નવો કયો દેશ સામેલ થશે- **<u>ઓસ્ટ્રેલિયા</u>**
8. ભારતમાં યોજાનાર ત્રિપક્ષીય મલાબાર નૌકા કવાયતમાં આ વર્ષે કયા કયા દેશો ભાગ લેશે - **<u>ભારત, અમેરિકા,જાપાન અને ઓસ્ટ્રેલિયા</u>**
9. ભારતમાં યોજાનાર ત્રિપક્ષીય મલાબાર નૌકા કવાયતમાં આ વર્ષે કયા સમુદ્રમાં યોજાશે - **<u>બંગાળનો અખાત</u>**
10. મલાબાર નૌકા યુદ્ધ કવાયતનો સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે થયો હતો - **<u>વર્ષ 1992, ભારત અને અમેરિકા</u>**
11. DRDO નિર્મિત SANT મિસાઈલનું વિસ્તૃત નામ જણાવો - **<u>સ્ટેન્ડ ઓફ એન્ટિ ટેન્ક</u>**
12. તા.૧૯મી ઓકટોબર-૨૦૨૦ના રોજ DRDO દ્વારા કઈ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું - **<u>સ્ટેન્ડ ઓફ એન્ટિ ટેન્ક(SANT)</u>**
13. DRDO દ્વારા એરફોર્સ માટે વિકસાવાયેલી SANT મિસાઈલમાં લોન્ચ પછી કયા બે ઓપ્શન હશે - **<u>લૉક ઓન અને લોન્ચ પહેલા લૉક ઓન</u>**
14. DRDO નિર્મિત SANT મિસાઈલની રેન્જ જણાવો - **<u>૧૫થી ૨૦ કિલોમીટર</u>**
15. તા.૧૯મી ઓકટોબર-૨૦૨૦ના રોજ DRDO દ્વારા નિર્મિત SANT મિસાઈલનું કયા સ્થળેથી સફળ પરીક્ષણ કરાયું - **<u>ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ડૉ. કલામ ટાપુ, ઓડિશા</u>**
16. DRDO નિર્મિત SANT મિસાઈલનો પ્રકાર જણાવો - **<u>એર ટુ સરફેશ</u>**
17. ગલગોટાની ખેતીમાં ગુજરાતનો કયો જિલ્લો પ્રથમ ક્રમે છે - **<u>અમદાવાદ</u>**
18. અમદાવાદ જિલ્લાના કયા તાલુકાઓમાં ગલગોટાનું ૯૫ ટકા વાવેતર થાય છે - **<u>દસક્રોઈ અને ધોળકા</u>**
19. ગલગોટાના બે પ્રકાર જણાવો - **<u>ફ્રેન્ચ મેરીગોલ્ડ અને આફ્રિકન મેરીગોલ્ડ</u>**
20. ફૂલોની ખેતીમાં ૪ હેકટર દીઠ મોટા ખેડૂતો તથા નાના અને સિમાંત ખેડૂતોને કેટલી સબસિડી મળે છે – **<u>રૂ. ૧૬ હજાર તથા રૂ. ૨૨ હજાર</u>**
21. ફૂલોની ખેતીમાં SC અને ST જાતિના ખેડૂતો માટેનું સહાયનું ધોરણ મોટા ખેડૂતો માટે તથા નાના-સિમાંત ખેડૂતો માટે કેટલું છે – **<u>રૂ.૨૦ હજાર તથા રૂ.૨૬ હજાર</u>**
22. કઈ મોબાઈલ કંપની વર્ષ-૨૦૨૨ સુધીમાં ચંદ્ર પર 4G નેટવર્ક શરૂ કરશે – **<u>નોકિયા</u>**
23. મોબાઈલ કંપની નોકિયાએ વર્ષ-૨૦૨૨ સુધીમાં ચંદ્ર પર 4G નેટવર્ક શરૂ કરવા કોની સાથે કરાર કર્યો- **<u>નાસા</u>**
24. ચંદ્ર પર 4G નેટવર્ક શરૂ કરવા અંતરિક્ષ સંસ્થા નાસા નોકિયાને કેટલુ ફંડ આપશે - **<u>રૂ. ૧૪ લાખ ડોલર</u>**
25. પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીનો જન્મ કયારે થયો હતો - **<u>તા.૧૯-૧૦-૧૯૨૦</u>**
26. પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીનો જન્મ દિન કયા દિવસ તરીકે મનાવવામાં આવે છે - **<u>મનુષ્ય ગૌરવ દિવસ</u>**
27. પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીને ધર્મ ક્ષેત્રે ક્રાંતિ માટે નોબલ પારિતોષિક સમકક્ષ કયો એવોર્ડ મળ્યો છે - **<u>ટેમ્પલટન એવોર્ડ</u>**
28. પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીને સામાજિક ક્રાંતિ માટે કયો એવોર્ડ મળ્યો છે - **<u>મેગ્સેસે એવોર્ડ</u>**
29. ભારત સરકારે પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીને કયા સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કર્યા હતા - **<u>પદ્મ વિભૂષણ</u>**
30. કઈ યુનિવર્સિટી દ્વારા પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીને ડોક્ટરેટ ઇન લિટરેચરની પદવી એનાયત કરવામાં આવી છે - **<u>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી</u>**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




## ૧. ગુજરાત સરકાર : યોજનાના નામમાં બદલાવ

**દિનકર યોજનાનું નવું નામ "કિસાન સર્વોદય યોજના"**







**હેતુ :**

- ✓ ખેડૂતોને સિંચાઈ માટે દિવસે વીજળી આપતી યોજના

**યોજના વિશે :**

- ✓ કુલ રૂ. ૩૫૦૦ કરોડની જોગવાઈ
- ✓ માર્ચ ૨૦૨૨ સુધી પૂર્ણ કરી રાજ્યના તમામ ગામના ખેડૂતોને સવારે પથી બપોરે ૧ અને બપોરે ૧ થી રાત્રે ૯ એમ બે સ્લોટમાં વિજળી આપવાનું રાજ્ય સરકારનું આયોજન.
- ✓ ઉર્જા મંત્રી : શ્રી સૌરભભાઇ પટેલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. કિસાન ક્રેડિટ કાર્ડ યોજના : કેન્દ્ર સરકાર (કૃષિ)




**KCC યોજના વિશે :**

**ખેડૂતોને વ્યાજમાં બે ટકા રાહત**

- ✓ બેન્કો અને અન્ય નાણાં સંસ્થાઓ દ્વારા ખેડૂતોને ઓછા વ્યાજદરે લોન આપવા પગલાં લેવાયાં છે.
- ✓ જેમાં માછીમારો, પશુપાલકો સહિત ૧.૫ કરોડ ખેડૂતોને કેસીસી સ્કીમમાં જોડવામાં આવ્યા છે.
- ✓ તમામ ક્રેડિટ કાર્ડ ધારકોને કુલ રૂ. ૧.૩૫ લાખ કરોડની લોન સહાય અપાઈ છે. સરકાર દ્વારા ખેડૂતોને વ્યાજમાં બે ટકા રાહત આપવામાં આવી છે.

**કેસીસી હેઠળ લોનની મહત્તમ મર્યાદા પણ વધારાઈ**

- ✓ કોઈ ગેરંટી વિના ખેડૂતોને આપવામાં આવતી લોન સહાયની મહત્તમ મર્યાદા રૂ. ૧ લાખથી વધારીને રૂ. ૧.૬૦ લાખ કરાઈ
- ✓ આને કારણે ખેડૂતોની આવકમાં વધારો થશે તેમજ ગ્રામીણ ઈકોનોમી વધારે મજબૂત થશે.
- ✓ ખેતીમાં ઉત્પાદન પણ વધશે. દેશમાં અન્ન સુરક્ષા પણ વધશે.

**KCC યોજનાની વર્તમાન સ્થિતિ :**

- ✓ કેન્દ્ર સરકાર દ્વારા સંકટમાં મુકાયેલા દેશના ખેડૂતોને મદદ કરવા રાહતનાં પગલાં લેવામાં આવ્યાં છે.
- ✓ બેન્કોએ ઓછા વ્યાજદરે ખેડૂતોને કુલ રૂ. ૧.૩૫ લાખ કરોડની લોન મંજૂર કરી છે.
- ✓ આ હેતુ માટે દેશના દોઢ કરોડ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ સ્કીમ (KCC) હેઠળ જોડવામાં આવ્યા છે.
- ✓ કોરોનાના સંકટ કાળમાં આત્મનિર્ભર ભારત પેકેજ હેઠળ સરકારે કેસીસી સ્કીમમાં ૨.૫ કરોડ ખેડૂતોને જોડવાનો નિર્ણય લીધો છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૩. ભારતીય ચૂંટણી પંચ (બંધારણ)

**વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓમાં ઉમેદવારોની ચૂંટણી ખર્ચની મર્યાદામાં ૧૦ ટકાનો વધારો**




**વિગત : નવી ખર્ચ મર્યાદા :**

- ✓ ખર્ચમર્યાદામાં વધારો લોકસભાની પેટાચૂંટણી રૂપિયા 70 લાખથી વધારીને રૂપિયા 77 લાખ અને વિધાનસભાની ચૂંટણી રૂપિયા 28 લાખથી વધારીને રૂપિયા 30.8 લાખ કરાયો
- ✓ અગાઉ વર્ષ ૨૦૧૪માં ખર્ચ મર્યાદામાં વધારો કરાયો હતો
- ✓ કોરોના મહામારીને કારણે વધારો કરાયો
- ✓ મુખ્ય ચૂંટણી કમિશનર : શ્રી સુનિલ અરોરા
- ✓ ગુજરાત : મુખ્ય નિર્વાચન અધિકારી : શ્રી મુરલી ક્રિષ્ણા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૪. CPI-કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ : તા. ૨૧ ઓક્ટોબર-૨૦૨૦થી લેબર બ્યુરો દ્વારા CPIનું બેઝ યર બદલાશે (આર્થિક-રોજગારી)




**વિગત :**

- ✓ લેબર બ્યુરો દ્વારા કન્ઝ્યુમર પ્રાઈસ ઇન્ડેક્સનું બેઝ યર વર્ષ ૨૦૦૧થી બદલીને વર્ષ ૨૦૧૬ કરાયુ.
- ✓ આથી પગારદાર વર્ગ, પેન્શનર અને ઔદ્યોગિક એકમોમાં કામ કરતા કામદારોના મોંઘવારી ભથ્થામાં મામૂલી વધારો થઈ શકે છે.
- ✓ જો કોઈનો બેઝિક સેલેરી રૂ. ૩૦ હજાર છે અને મોંઘવારી ભથ્થુ ૦.૫ ટકા વધે તો તેના પગારમાં મહિના રૂ. ૧૫૦ અને વર્ષે રૂ. ૧૮૦૦નો ફાયદો થઈ શકે છે.
- ✓ હવે એવું નક્કી કરાયું છે કે સીપીઆઈનું બેઝ યર દર પાંચ વર્ષે બદલાશે. આનો સીધો લાભ પગારદાર વર્ગને થશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. રામલીલા : અયોધ્યામાં નવો યુગ

**દૂરદર્શન અને સોશિયલ મીડિયા પર અયોધ્યાની રામલીલાને ૫ કરોડથી વધુ લોકોએ જીવંત નિહાળી**




**અયોધ્યામાં રામલીલા અંગે :**

- ✓ અયોધ્યામાં આધુનિકતાના નવા પ્રયોગ સાથે સહિષ્ણુતાનો રંગ પાક્કો થઈ રહ્યો છે.
- ✓ સરયૂમાં સદભાવની લહેરોના કિનારે આવેલા લક્ષ્મણ કિલ્લામાં રામલીલા ભજવાઈ રહી છે.
- ✓ ભવ્ય સેટ અને લાઈટિંગ વચ્ચે રામલીલાના રોમાંચને બોલિવૂડ કલાકારોએ વધારી દીધો છે.
- ✓ દિલ્હી અને મુંબઈથી પહોંચેલા ૧૨૦ લોકોનું જૂથ અયોધ્યામાં રામલીલા કરી રહ્યું છે, જે રોજ પાંચ કરોડથી વધુ લોકો જોઈ રહ્યા છે.
- ✓ રાવણની ભૂમિકા નિભાવી રહેલા શાહબાઝ ખાન ભગવાન શંકરના શિવતાંડવ સ્રોતનું ગાયન કરે છે. તે કહે છે કે, રામલીલા, રામ અને રાવણ સાથે જોડાયેલી ઘટનાઓનો એક પ્રવાહ છે.

- ✓ રાવણ ભગવાન શિવનો અનન્ય ભક્ત હતો અને અહંકારી પણ હતો. એ જ તેની ખામી હતી.
- ✓ હું મુસ્લિમ છું, પરંતુ બાળપણથી જ રામાયણ વાંચુ છું અને સમજુ છું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૬. સાઈકલ સિટી : ડેન્માર્કની રાજધાની કોપનહેગનની સાઈકલ સિટી તરીકેની ઓળખ (પર્યાવરણ)



**વિશેષતા :**

- ✓ લોકો રોજ કુલ ૧૧ લાખ કિ.મી. સાઈકલ ચલાવી રૂ. ૪ કરોડનું ઈંધણ બચાવે છે.
- ✓ શહેરમાં ૪૨ ટકાથી વધુ લોકો સાઈકલ ચલાવે છે.
- ✓ શહેરમાં કાર કરતા વધુ પાંચ ગણી વધુ સાઈકલો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૭. સ્વદેશી સોફ્ટવેર સોલ્યુશન વિભાગનો પ્રારંભ : શિપિંગ મંત્રાલય – ભારત સરકાર




- ✓ VTS : જહાજ ટ્રાફિક સેવાઓ
- ✓ VTMS : જહાજ ટ્રાફિક દેખરેખ પ્રણાલી
- ✓ રાજ્ય જહાજ મંત્રી (સ્વતંત્ર પ્રભાર) શ્રી મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં ઇ-લોન્ચિંગ દ્વારા જહાજ ટ્રાફિક સેવાઓ (VTS) અને જહાજ ટ્રાફિક દેખરેખ પ્રણાલી (VTMS) માટે સ્વદેશી સોફ્ટવેર વિકસાવવાનો પ્રારંભ કરાવ્યો હતો.

**સોફ્ટવેર વિશે :**

- ✓ VTS/VTMS જહાજોની સ્થિતિ, અન્ય ટ્રાફિકની સ્થિતિ અથવા હવામાન સંબંધિત જોખમોની ચેતવણીઓનું સોફ્ટવેર છે તેમજ બંદર અથવા જળમાર્ગમાં સઘન ટ્રાફિક વ્યવસ્થાપન કરે છે
- ✓ VTS અને VTMS એવા સોફ્ટવેર છે સમુદ્રમાં જહાજની સ્થિતિ, અન્ય ટ્રાફિકની સ્થિતિ નક્કી કરે છે, હવામાનની સ્થિતિના જોખમોની ચેતવણી આપે છે અને બંદરો પર તેમજ જળમાર્ગોમાં સઘન ટ્રાફિક વ્યવસ્થાપન કરે છે. જહાજ ટ્રાફિક સેવાઓ

(VTS) દરિયામાં લોકોના જીવન, નેવિગેશનની સલામતી અને કાર્યદક્ષતા અને દરિયાઇ પર્યાવરણની સુરક્ષા, આસપાસના દરિયાકાંઠાના વિસ્તારો, કાર્યસ્થળો અને દરિયાકાંઠાથી દૂરના ઇન્સ્ટોલેશનને સમુદ્રી ટ્રાફિકના કારણે સંભવિત વિપરિત અસરોથી સલામત રાખવામાં મદદ કરે છે.

- ✓ IIT ચેન્નઇને સ્વદેશી સોફ્ટવેર સોલ્યુશન તૈયાર કરવા માટે રૂપિયા 10 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે
- ✓ શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની 'આત્મનિર્ભર ભારત'ની દૂરંદેશીને અનુરૂપ, 'મેડ ઇન ઇન્ડિયા' VTS અને VTMS સોફ્ટવેરથી 'મેક ફોર ધ વર્લ્ડ' જહાજ ટ્રાફિક વ્યવસ્થાપન પ્રણાલીઓનું નિર્માણ કરવાનો માર્ગ મોકળો થશે.
- ✓ IMO કન્વેન્શન SOLAS (દરિયાઇ જીવનની સલામતી) અંતર્ગત VTMS ફરજિયાત છે. VTMS ટ્રાફિક ઇમેજને અદ્યતન સેન્સર્સ જેમ કે રડાર, AIS, દિશા શોધન, CCTV અને VHF અથવા અન્ય સહકારી પ્રણાલીઓ અને સેવાઓના માધ્યમથી સંકલિત અને એકત્રિત કરી શકાય છે.

**સોફ્ટવેરથી ફાયદા :**

- ✓ ભારતમાં વિવિધ VTS સોફ્ટવેર માટે વિદેશી હુંડિયામણની બચત.
- ✓ VTS સોફ્ટવેર ભારતીય વ્યાપારને અનુકૂળ રાષ્ટ્રો જેમ કે, માલદીવ્સ, મોરેશિયસ, મ્યાનમાર, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અખાતી દેશોને પણ આપી શકાય તેમ છે.
- ✓ આનાથી ભવિષ્યમાં સોફ્ટવેર અપગ્રેડ કરવાના ખર્ચામાં પણ ઘટાડો થશે.
- ✓ બંદરોના MIS/ERP સોફ્ટવેર સાથે ઇન્ટરકનેક્ટ કરવાનું વધુ સરળ થશે.
- ✓ ભારતીય VTS સોફ્ટવેરની ઉપલબ્ધતા ભારતીય કંપનીઓને વૈશ્વિક બીડ્સમાં વ્યાપારિક રીતે વધુ સ્પર્ધાત્મક બનાવશે.
- ✓ DGLL દ્વારા ભારતીય નૌકદળના રાષ્ટ્રીય સમુદ્રી ક્ષેત્ર જાગૃતિ કાર્યક્રમ NCVTS અમલ – વાસ્તવિક સમયમાં, ઇન્ટરએક્ટિવ દરિયાઇ જહાજો માટે દિશાસૂચન પ્રણાલીમાં મદદ કરે છે જે ભારતીય VTS સોફ્ટવેર માટે ઓછા ખર્ચે સંભવિત બનશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૮. જન્મ દિન વિશેષ : 20 ઓક્ટોબર

## સમન્વયવાદ : ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

**જન્મ : 20 ઓક્ટોબર 1855**

**અવસાન : 4 જાન્યુઆરી 1907**



✓ સરસ્વતીચંદ્ર મહાન ગ્રંથના કર્તા, ગુજરાતી સાહિત્યના પંડિત યુગના દ્રષ્ટા શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીનો નડિયાદ મુકામે થયો હતો.

✓ અનેક પ્રતિકૂળતા વચ્ચે એલ.એલ.બી. થઇ વકીલત શરૂ કરી અને વકીલાતમાંથી નિવૃતિ લીધી એ પહેલાં જ તેમના 'સરસ્વતીચંદ્ર' (ભાગ-૧) અને 'સ્નેહમુદ્રા' તો પ્રગટ થઇ ચૂક્યા હતા.

✓ 'નવલરામ જીવનકથા', 'દયારામનો અક્ષરદેહ' તેમજ અનેક લેખો પણ આપ્યા. ગુણસુંદરી જેવું ગુણિયલ પાત્ર સર્જીને તો ગોવર્ધનરામે ગુર્જર નારીનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ પ્રમુખ તરીકે તેઓ જ પસંદગી પામ્યા.

**કુટુમ્બ**

✓ માતા – શિવકાશીબેન; પિતા – માધવરામ; બહેન – સમર્થલક્ષ્મી

✓ પત્ની – 1) હરિલક્ષ્મી – 1866 , 2) લલિતાગૌરી – 1876

✓ સંતાન – પુત્રી – લીલાવતી , જશવંતી; પુત્ર – રમણીયરામ

**અભ્યાસ**

✓ 1871 – મેટ્રિક

✓ 1875 – બી.એ.

✓ 1883 – એલ.એલ.બી.; એલ્ફીન્સ્ટન કોલેજ, મુંબઇ

**વ્યવસાય**

✓ 1876- 1883 – ભાવનગરના દીવાન શામળદાસના પ્રાઇવેટ સેક્રેટરી

✓ 1887 પછી – વકીલાત

**જીવન ઝરમર**

✓ 1874 – પ્રથમ પત્નીનું અવસાન, પિતાની પેઢીનું ડૂબવું અને બી.એ માં નાપાસ થયા બાદ ઘેરથી નાસી જવાનો નિષ્ફળ પ્રયાસ

**જીવનના ત્રણ સંકલ્પ –**

(1)વકીલાત કરવી

(2)કદી નોકરી ન કરવી અને

(3)ચાળીસમા વર્ષ બાદ સાહિત્ય અને સમાજની સેવા કરવી

✓ 1902–અમદાવાદ કોંગ્રેસ અધિવેશનમાં ભાગ

✓ 1905–પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ

**રચનાઓ**

✓ નવલકથા – સરસ્વતીચન્દ્ર ભાગ 1 થી 4, લીલાવતી જીવનકલા

✓ કાવ્યસંગ્રહ – સ્નેહમુદ્રા.

✓ ગુર્જર સાહિત્ય ભવન-અમૃતપર્વ યોજના

**સન્માન**

✓ ૨૭, એપ્રિલ -૨૦૧૬ – ભારત સરકારે તેમની યાદમાં બહાર પાડેલી ટિકીટ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૧૦-૨૦૨૦)**

1. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા "દિનકર યોજના"નું કયું નવું નામ અપાયું - **"કિસાન સર્વોદય યોજના"**
2. **"કિસાન સર્વોદય યોજના"નો મુખ્ય હેતુ જણાવો - ખેડૂતોને સિંચાઈ માટે દિવસે વીજળી આપવી**
3. ગુજરાત સરકારના વર્તમાન ઊર્જા મંત્રીનું નામ જણાવો - **સૌરભભાઈ પટેલ**

4. "કિસાન સર્વોદય યોજના" હેઠળ કયા બે સ્લોટમાં ખેડૂતોને સિંચાઈ માટે વીજળી આપવામાં આવશે - **સવારે 5 થી 1 અને બપોરે 1 થી રાત્રે 9**
5. કેન્દ્ર સરકારની KCC યોજના હેઠળ ખેડૂતોને કોઈપણ ગેરંટી વિના લોનની રકમ વધારીને કેટલી કરાઈ - **રૂ.1 લાખથી વધારી રૂ.1.60 લાખ કરાઈ**
6. KCC હેઠળ લોનમાં કેન્દ્ર સરકાર ખેડૂતોને કેટલા ટકા વ્યાજ રાહત આપશે – **2 ટકા**
7. કેન્દ્ર સરકારની KCC યોજના હેઠળ ઓક્ટોબર 2020 સુધીમાં કેટલાક ખેડૂતોને લાભ અપાયો છે - **1.5 કરોડ**
8. કેન્દ્ર સરકારની KCC યોજના હેઠળ કેટલા ખેડૂતોને જોડવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે - **2.5 કરોડ**
9. તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન ઉમેદવારની ચૂંટણી પ્રચાર ખર્ચ મર્યાદામાં કેટલા ટકાનો વધારો કરાયો છે – **10 ટકા**
10. ભારતીય ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં કરાયેલા સુધારા મુજબ હવે લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર પ્રચારમાં કેટલો ખર્ચ કરી શકશે- **રૂ. 77 લાખ**
11. ભારતીય ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં કરાયેલા સુધારા મુજબ હવે વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવાર પ્રચારમાં કેટલો ખર્ચ કરી શકશે - **રૂ.30.08 લાખ**
12. ભારતના વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ જણાવો - **સુનિલ અરોરા**
13. ગુજરાતના વર્તમાન ચીફ ઇલેક્ટ્રોરલ ઓફિસર-CEOનું નામ જણાવો - **શ્રી મુરલી કૃષ્ણા**
14. CPIનું બેઝ યર ક્યારથી બદલાશે - **21 ઓક્ટોબર 2020**
15. CPIનું વિસ્તૃત નામ જણાવો - **કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ડેક્સ/ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા**
16. 21 ઓક્ટોબર 2020ની સ્થિતિએ લેબર બ્યુરો દ્વારા CPIનું બેઝ યર 2001થી બદલીને કયા વર્ષથી ગણવાનું નક્કી કરવામાં આવ્યું છે - **વર્ષ 2016**
17. CPIનું બેઝ યર હવે દર કેટલા વર્ષે બદલવાનો નિર્ણય કરાયો છે- **પાંચ વર્ષે**
18. તાજેતરમાં કયા સ્થાન ઉપરથી નવા યુગની રામલીલાનું રાષ્ટ્રવ્યાપી જીવંત પ્રસારણ કરવામાં આવે છે - **અયોધ્યા**
19. વિશ્વમાં પર્યાવરણ બચાવવાના ભાગરૂપે સાઇકલ સિટી તરીકે કયું શહેર ઓળખાય છે - **કોપનહેગન**
20. કોપનહેગન કયા દેશની રાજધાની છે - **ડેનમાર્ક**
21. વિશ્વમાં એકમાત્ર કોપનહેગન શહેરમાં કેટલા ટકાથી વધુ લોકો સાઇકલ ચલાવે છે – **42 ટકા**
22. કોપનહેગન શહેરમાં કાર કરતા કેટલા ઘણી વધુ સાયકલો છે - **5**
23. VTS સોફ્ટવેર એટલે શુ - **જહાજ ટ્રાફિક સેવાઓ**
24. VTMS સોફ્ટવેર એટલે શુ - **જહાજ ટ્રાફિક દેખરેખ પ્રણાલી**
25. ઓક્ટોબર-૨૦૨૦માં કોણે નવી દિલ્હીમાં ઇ-લોન્ચિંગ દ્વારા જહાજ ટ્રાફિક સેવાઓ (VTS) અને જહાજ ટ્રાફિક દેખરેખ પ્રણાલી (VTMS) માટે સ્વદેશી સોફ્ટવેર વિકસાવવાનો પ્રારંભ કરાવ્યો – **કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવિયા**
26. વર્તમાનમાં કેન્દ્રીય રાજ્ય જહાજ મંત્રી (સ્વતંત્ર પ્રભાર)નું નામ જણાવો - **શ્રી મનસુખ માંડવિયા**
27. VTS/VTMS સોફ્ટવેરની કામગીરી જણાવો - **જહાજોની સ્થિતિ, અન્ય ટ્રાફિકની સ્થિતિ અથવા હવામાન સંબંધિત જોખમોની ચેતવણી આપવાનું તેમજ બંદર અથવા જળમાર્ગમાં સઘન ટ્રાફિક વ્યવસ્થાપનનું કાર્ય**
28. IIT ચેન્નાઇને સ્વદેશી VTS/VTMS સોફ્ટવેર સોલ્યુશન તૈયાર કરવા કેટલા રૂપિયા મંજૂર કરાયા છે-**રૂ.10 કરોડ**
29. કોના અંતર્ગત VTMS સોફ્ટવેર ફરજિયાત છે - **IMO કન્વેન્શન SOLAS (દરિયાઇ જીવનની સલામતી)**
30. સાહિત્યકાર ગોવર્ધનરામ ત્રિપાઠીનો જન્મદિવસ જણાવો - **20 ઓક્ટોબર 1855**
31. મહાન ગ્રંથ 'સરસ્વતીચંદ્ર'ના રચયિતાનું નામ જણાવો - **ગોવર્ધનરામ ત્રિપાઠી**
32. ભારત સરકારે સાહિત્યકાર ગોવર્ધનરામ ત્રિપાઠીની યાદમાં કયારે ટપાલ ટિકીટ બહાર પાડી હતી – **તા. ૨૭, એપ્રિલ-૨૦૧૬**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




## ૧. કેન્દ્રીય કેબિનેટનો નિર્ણય : કેન્દ્રના નોન ગેઝેટેડ કર્મચારીઓને રૂ.૩૭૩૭ કરોડનું દિવાળી બોનસ (આર્થિક)




**વિગત :**

- ✓ તહેવારોની સિઝનમાં ખરીદશક્તિ અને ગ્રાહકમાગમાં વધારો કરવાના વધુ એક પ્રયાસમાં કેન્દ્રીય કેબિનેટે કેન્દ્ર સરકારના નોન-ગેઝેટેડ કર્મચારીઓ માટે વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રોડક્ટિવિટી લિન્ક્ડ બોનસ અને નોન પ્રોડક્ટિવિટી લિન્ક્ડ બોનસને મંજૂરી આપી.
- ✓ કેન્દ્ર સરકારના આ નિર્ણયનો તેના કુલ ૩૦.૬૭ લાખ કર્મચારીઓને લાભ થશે.

**આંકડાકીય વિગતો : ફેસ્ટિવલ બોનાન્ઝા**

- ✓ લાભ : 30.67 લાખ કર્મચારીઓને
- ✓ આર્થિક ભારણ : રૂ. 3,737 કરોડ
- ✓ પ્રોડક્ટિવિટી લિન્ક્ડ બોનસ : 16.97 લાખ કર્મચારી
- ✓ પ્રોડકિટવિટી બોનસ : રૂ.2,791 કરોડ
- ✓ નોન પ્રોડક્ટિવિટી લિન્ક્ડ બોનસ : 13.70 લાખ કર્મચારી
- ✓ નોન પ્રોડકિટવિટી બોનસ : રૂ. 946 કરોડ
- ✓ દશેરા પહેલાં બેન્ક ખાતામાં બોનસ જમા થશે
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. નાસા : પૃથ્વીથી ૩૩.૪૦ કરોડ કિ.મી.એ આવેલા સુક્ષ્મ બેન્નુ ગ્રહ પરથી નમૂના લેવાયા (અવકાશ વિજ્ઞાન)



**વિગત :**

- ✓ નાસાના રોબોટિક અવકાશયાન ઓસિરિસ-રેક્સે ચાર વર્ષની યાત્રા બાદ તા.૨૦મી ઓક્ટોબર-૨૦૨૦ના રોજ સાંજે પૃથ્વીથી ૩૩.૪૦ કરોડ કિલોમીટરના અંતરે આવેલા સૂક્ષ્મગ્રહ બેન્નુની સપાટી પર ઉતરીને ત્યાંની માટી, ધૂળ અને ખડકોના નમૂના મેળવીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી.
- ✓ આ સમગ્ર કવાયત અમેરિકાના ડેનેવરમાં સ્થિત લોકહીડ માર્ટિન સ્પેસ સેન્ટર દ્વારા પાર પાડવામાં આવી હતી.
- ✓ અવકાશયાન બેન્નુની સપાટીને સ્પર્શ કરી ગયું. નમૂના લેવાની પ્રક્રિયા ચાલી રહી છે.

**વર્ષ-૨૦૨૩માં નમૂના લઈ પરત આવશે**

- ✓ નમૂના મેળવવા માટેની સાડાચાર કલાકની કોશિશમાં અવકાશયાને આ સૂક્ષ્મ ગ્રહની સપાટી પર પહોંચવા માટે ત્રણ અલગ અલગ કોશિશ કરી હતી.
- ✓ જેમાં સૌપ્રથમ આ અવકાશયાન નમૂના મેળવવા માટે તે જે લગભગ બે વર્ષથી ભ્રમણકક્ષામાં ભ્રમણ કરે છે એનાથી નીચે આ સૂક્ષ્મ ગ્રહ તરફ ઊતર્યું હતું. બાદમાં સાંજે ૬.૧૨ વાગ્યે એણે બેન્નુની સપાટીને સ્પર્શ કરી હતી.
- ✓ એના ૧૧ ફુટના રોબોટિક આર્મ્સ આઠ મીટરના વ્યાસવાળી જગ્યા પર તરફ નીચેની દિશા તરફ હતા. એ પછી ખૂબ જ પ્રેશરાઇઝ્ડ નાઇટ્રોજન છોડવામાં આવતા સપાટી પર રહેલી વસ્તુઓ ઉપર ઊડી હતી અને એ નમૂનાઓને એકત્રિત કરવામાં આવ્યા હતા.
- ✓ પરંતુ એ પૃથ્વી સુધી પહોંચવામાં ૨૦૨૩ સુધી રાહ જોવી પડશે. ઓસિરિસ-રેક્સે સમગ્ર મિશન દરમિયાન તસવીરો મેળવી.
- ✓ નાસાએ જણાવ્યું હતું કે, ગુરુવારે સવારે એ તસવીરો જારી કરશે ,
- ✓ NASA : USA
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. ટુરિઝમ સ્ટેટિસ્ટિક્સ 2020 અહેવાલ : પર્યટન મંત્રાલય (ભારત સરકાર)

**પ્રવાસન ક્ષેત્રે વર્ષ-2019ના ટોપ-10 રાજ્ય-પર્યટકોની ટકાવારી**

| રાજ્ય | પર્યટક |
|---|---|
| ઉત્તર પ્રદેશ | 23.10% |
| તમિલનાડુ | 21.30% |
| આંધ્રપ્રદેશ | 10.20% |
| કર્ણાટક | 9.80% |
| મહારાષ્ટ્ર | 6.40% |
| પશ્ચિમ બંગાળ | 4.00% |
| મધ્ય પ્રદેશ | 3.80% |
| તેલંગાણા | 3.60% |
| ગુજરાત | 2.50% |
| રાજસ્થાન | 2.20% |

**અન્ય મહત્વના તથ્યો :**

- ✓ દેશના 85 ટકા પર્યટક ટોપ-10 રાજ્યોમાં જ ફરવાનું પસંદ કરે છે

- ✓ ગુજરાત સતત 5મીવાર ટોપ 10 રાજ્યમાં 9મા ક્રમે
- ✓ 23.94 કરોડ દેશી-10.5 લાખ વિદેશી પર્યટકોએ જાન્યુઆરીથી માર્ચ 2019માં યુપીમાં અર્ધકુંભની મુલાકાતે. જ્યારે 69 લાખ પર્યટકો આગ્રામાં તાજમહેલની મુલાકાતે.
- ✓ 3 કરોડ લોકોએ તિરુપતિના દર્શન કર્યા, દેશમાં સૌથી વધુ વિઝિટ કરવામાં આ મંદિર સૌથી આગળ રહ્યું.




- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૪. કોવિરેપ : કોરોના ટેસ્ટ મશીન (આરોગ્ય)

**IIT ખડગપુર દ્વારા કોરોના ટેસ્ટ માટે કોવિરેપ મશીન વિકસાવાયું**




**વિશેષતા :**

- ✓ કોવિરેપને આઈસીએમઆરની લેબોરેટરીમાં રોગીઓના નમૂનાના પરીક્ષણ દરમિયાન તમામ પ્રકારના દિશાનિર્દેશોનું પાલન કરવામાં સફળ રહ્યું
- ✓ કોવિરેપથી કોરોનાની સચોટ તપાસ કરી શકાય છે અને તે સસ્તુ હોવાની સાથે માત્ર એક જ કલાકમાં પરિણામ આપી દે છે.
- ✓ આ મેડિકલ વિજ્ઞાનના ઈતિહાસમાં વાયરોલૉજીના ક્ષેત્રમાં સૌથી મોટું યોગદાન છે.
- ✓ ICMR દ્વારા માન્યતા અપાઈ
- ✓ IIT ખડગપુર : પશ્ચિમ બંગાળ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. ખેલકૂદ : બાયો બબલ શું છે




- ✓ બાયો બબલ એક એવી દુનિયા છે, જ્યાં IPL સાથે સંકળાયેલા તમામ લોકોએ એક પેરામીટર સુધી સીમિત રહેવાનું છે અને બહારની દુનિયા સાથે કટ-ઑફ થઈ જવાનું છે.
- ✓ અહીં દર બીજા ત્રીજા દિવસે કોવિડનો ટેસ્ટ થાય છે.

✓ ખેલાડીઓને ફાળવેલી રૂમ, રેસ્ટોરન્ટ અને જિમમાંથી બહાર નથી નીકળવાનું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૬. સ્ટેટ ઓફ ધ ગ્લોબલ એર-૨૦૨૦ : વર્ષ-૨૦૧૯ની હવા પ્રદૂષણની વૈશ્વિક સ્થિતિ રજૂ કરતો અહેવાલ (પ્રદૂષણ)



✓ અહેવાલ પ્રમાણે ભારતનો સમાવેશ સૌથી વધુ પ્રદૂષિત હવા ધરાવતા દેશોમાં થાય છે. આ રિપોર્ટ પ્રમાણે ૨૦૧૯ના એક જ વર્ષમાં ભારતમાં હવા પ્રદૂષણથી ૧૬.૬૭ લાખ મોત થયા હતા.

✓ ૧.૧૬ લાખ તો નવજાત શીશુ હતા. જન્મતાં જ બાળકોના શ્વાસમાં અશુદ્ધ હવા જાય છે.

**અહેવાલમાં વર્ષ-2019ની સ્થિતિનો ચિતાર**

✓ સૌથી વધુ પીએમ-૨.૫ ધરાવતા દેશોમાં ભારતનો સમાવેશ થાય છે.

✓ ભારત પછી પીએમ-૨.૫ પ્રદૂષણ ધરાવતા હોય એવા દેશોમાં નેપાળ, નાઇજર, કતાર વગેરેનો સમાવેશ થાય છે.

✓ લોકડાઉન દરમિયાન તો હવા પ્રદૂષણમાં ઘટાડો થયો હતો. પણ ૨૦૧૦થી ૨૦૧૯ દરમિયાન સરેરાશ જોવામાં આવે તો ભારતની હવા વધારે પ્રદૂષિત થઈ છે.

**વાયુ પ્રદૂષણ હાઈલાઈટસ :**

✓ હવા પ્રદૂષણને કારણે આખા વિશ્વમાં વર્ષે ૬૭ લાખ મૃત્યુ થયા છે. એમાંથી ૨૧ લાખ એકલા દક્ષિણ એશિયામાં નોંધાયા છે.

✓ પીએમ-૨.૫ પ્રકારનું હવા પ્રદૂષણ ધરાવતા પ્રથમ ૧૦ દેશોમાં ભારત, નેપાળ, નાઈજર, કતાર, નાઇજિરિયા, ઈજિપ્ત, મોરિટાનિયા, કેમેરુન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે.

✓ સૌથી વધુ પ્રદૂષિત વીસ દેશો પૈકી ૧૬માં છેલ્લા દાયકા (૨૦૧૦-૨૦૧૯)દરમિયાન પ્રદૂષણ ઘટયું છે. ચાર દેશોમાં ઘટાડો થવાને બદલે વધારો થયો છે, જેમાં ભારત, બાંગ્લાદેશ, નાઇજિરિયા અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે.

✓ ઓઝોન પ્રદૂષણ ધરાવતા પ્રથમ દસ દેશોમાં ભારત ત્રીજા ક્રમે છે. કતાર અને નેપાળ પ્રથમ અને બીજા ક્રમે છે.

✓ ભારત માટે સારી બાબત એ છે કે ઘરેલુ હવા પ્રદૂષણના પ્રમાણમાં ઘટાડો થયો છે.

**'પર્ટિક્યુલર મેટર (PM)-2.5 વિશે :**



- ✓ હવામાં રહેલા રજકણોના પ્રમાણને આધારે પ્રદૂષણ માપવામાં આવે છે.
- ✓ હવામાં રહેલા રજકણો 'પર્ટિક્યુલર મેટર (પીએમ)' તરીકે ઓળખાય છે.
- ✓ હવાના દસ લાખ કણોમાં ક્યા પ્રકારના પીએમ કેટલા છે, તેના આધારે હવા પ્રદૂષણ માપવામાં આવે છે.
- ✓ હવામાં રહેલા વિવિધ કણોને 'પીએમ-૨.૫', 'પીએમ-૧૦' એ રીતે માપવામાં આવે છે.
- ✓ ઉપરાંત હવાનું પ્રદૂષણ હવામાં રહેલા સલ્ફર, કાર્બન, નાઈટ્રોજનના કણો વગેરેના આધારે માપવામાં આવે છે.
- ✓ હવાના દસ લાખ કણોએ જેટલા આ બધા પ્રદૂષકો વધારે પ્રદૂષિત ગણાય.

**અહેવાલ તૈયાર કરનાર દેશ અને સંસ્થા :**

- ✓ અમેરિકાની 'હેલ્થ ઈફેક્ટ ઈન્સ્ટિટયૂટ', 'કેનેડાની યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયા' અને અમેરિકાની 'ઈન્સ્ટિટયૂટ ઓફ હેલ્થ મેટ્રીક્સ એન્ડ ઈવોલ્યુશન' દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૭. ગુજરાત પોલીસ : કર્મયોગી માટે નવીન પહેલ

- ✓ ગુજરાતમાં તા. ૨૧ થી ૩૧ ઓકટોબર ૨૦૨૦ સુધી વિવિધ ઉજવણી અંતર્ગત એથ્લેટિક્સ મીટ અને સ્પોર્ટ્સ સહિતના કાર્યક્રમો યોજાશે
- ✓ હેતુ : પોલીસનો તનાવ દૂર કરવા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૮. અવસાન : ગુજરાતી નાટક અને ફિલ્મોના પીઢ કલાકાર હસમુખ ભાવસારનું અવસાન

- ✓ હસમુખ ભાવસાર એક લોકપ્રિય અભિનેતા હતા. હસમુખ ભાવસારની સગપણ મૂવી ૩ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ રીલિઝ થઈ હતી.



**હસમુખ ભાવસાર અભિનિત ફિલ્મો :**

- ✓ સંબંધોની સોનોગ્રાફી (૨૦૧૬)
- ✓ કમિટમેન્ટ (૨૦૧૬)
- ✓ મોનાલિસા (૨૦૧૭)
- ✓ કોમેડી નાટક બાપ વેચવાનો છે (૨૦૧૭)
- ✓ બીજો દિવસ
- ✓ ગ્રાન્ડ હલી વગેરેમાં તેઓએ અભિનય કર્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૯. દિન વિશેષ : ૨૧ ઓકટોબર પોલીસ સંભારણા (શહીદ) દિવસ

- ✓ ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં ગુજરાત પોલીસ એકેડમી કરાઈ ખાતે પોલીસ જવાનોને શ્રદ્ધાંજલિ અપાઈ




✓ ગુજરાત પોલીસ એકેડેમી કરાઈ-ગાંધીનગર




✓ વર્ષ ૨૦૧૪માં જ્યારે મોદીજી દેશના પ્રધાનમંત્રી બન્યા ત્યારે તેમણે એક એવા સ્મારકનુ નિર્માણ કરવાનો નિર્ણય કર્યો કે જે લોકોને પોલીસ કર્મચારીઓના બલિદાનની યાદ અપાવતું રહે.

✓ તા. ૨૧ ઓકટોબર, ૨૦૧૮ના રોજ પ્રધાનમંત્રીએ આ સ્મારક રાષ્ટ્રને સમર્પિત કર્યુ હતું.

✓ રાષ્ટ્રીય પોલીસ સ્મારકનુ નિર્માણ જનતા અને ખાસ કરીને આવનારી પેઢીને પોલીસ દળ તરફ જોવાની દ્રષ્ટીકોણ બદલવાનો મોદી સરકારનો આ એક સાર્થક અને ગંભીર પ્રયાસ છે.

✓ પોલીસ સમૃતિ દિવસ ૨૧ ઓકટોબર, ૧૯૫૯ના રોજ લદાખના હોટ સ્પ્રીંગ વિસ્તારમાં ભારે હથિયારોથી સજ્જ ચીની સેનાએ છળ કરીને કરેલા હૂમલામાં શહીદ થયેલા ૧૦ પોલીસ કર્મચારીઓની યાદમાં મનાવવા આવે છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૧૦. જન્મ દિન વિશેષ : ૨૧ ઓકટોબર

## હાસ્યેન્દ્ર : જયોતીન્દ્ર દવે

## જન્મ : ૨૧ ઓકટોબર ૧૯૦૧

## અવસાન : ૧૧ સપ્ટેમ્બર ૧૯૮૦



✓ મને જ્યોતીન્દ્ર આવે છે એવું જે હાસ્યકાર માટે કહેવાતું હતું તેવા આપણી ભાષાના મહાન હાસ્યકાર જ્યોતીન્દ્ર દવેનો આજે જન્મદિવસ.

✓ સુરતમાં જન્મેલા જ્યોતીન્દ્ર દવે 1919માં મેટ્રિક થયા જ્યોતીન્દ્રની વ્યવસાયી કારકિર્દી શરૂમાં પત્રકાર પછી શિક્ષક અને છેલ્લે અધ્યાપક તરીકે રહી હતી.

✓ હાસ્યનિબંધોને સર્જનના ખાસ ક્ષેત્ર તરીકે પસંદ કરનાર જ્યોતીન્દ્ર પોતાની વિશિષ્ટ

સર્જનશૈલીના બળે ગાંધીયુગી નિબંધકારોમાં સૌથી લોકપ્રિય અને અગ્રણી નિબંધકાર તરીકે નીવડી. આવ્યા હતા.

**પ્રદાન :**

- ✓ રંગતરંગ-6 ભાગ, મારી નોંધપોથી, હાસ્યતરંગ, પાનના બીડા, અલ્પાત્માનું આત્મપુરાણ, રેતીની રોટલી, નજર:લાંબી અને ટૂંકી, ત્રીજું સુખ વગેરે તેઓના નિબંધ સંગ્રહો છે. અશોક પારસી હતો, મહાભારત: એક દૃષ્ટિ, મારી વ્યાયામ સાધના, સાહિત્ય પરિષદ જેવા તેમણે અનેક હાસ્યનિબંધો લખ્યા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૧૦-૨૦૨૦)

1. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કયા વર્ગના કર્મચારીઓ માટે દિવાળી બોનસ જાહેર કર્યું - **નોન ગેઝેટેડ**
2. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કેન્દ્રીય કર્મચારીઓને દિવાળી બોનસ માટે કુલ કેટલી રકમ જાહેર કરી - **રૂ. 3,737 કરોડ**
3. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા જાહેર કરવામાં આવેલ દિવાળી બોનસનો લાભ કુલ કેટલા વર્ગ-૩ના કર્મચારીઓને મળશે - **30.67 લાખ**
4. તાજેતરમાં નાસા દ્વારા પૃથ્વીથી ૩૩.40 કરોડ કિમીએ આવેલા કયા સૂક્ષ્મ ગ્રહ ઉપરથી માટી, ધૂળ અને ખડકોના પુરાવા લેવામાં આવ્યા - **બેન્નુ**
5. તાજેતરમાં અમેરિકન અવકાશ એજન્સી નાસા દ્વારા કયા અવકાશયાનની મદદથી બેન્નુ ગ્રહ પરથી વિવિધ પુરાવા એકત્રિત કરાયા – **રોબોટિક અવકાશયાન ઓસિરિસ-રેક્સે**
6. તાજેતરમાં કેન્દ્ર સરકારના પર્યટન મંત્રાલય દ્વારા વર્ષ 2019ના પ્રવાસન ક્ષેત્રે શ્રેષ્ઠ 10 રાજ્યોનો અહેવાલ કયા નામે રજૂ કરાયો - **ટુરિઝમ સ્ટેટિસ્ટિકસ 2020 અહેવાલ**
7. તાજેતરમાં કેન્દ્ર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ "ટુરિઝમ સ્ટેટિસ્ટિકસ 2020" અહેવાલ મુજબ ભારતના વર્ષ 2019ના રાજ્યો અને પર્યટકોની ટકાવારી જણાવો - **ઉત્તર પ્રદેશ-23.10, તમિલનાડુ-21.30, આંધ્રપ્રદેશ-10.20, કર્ણાટક-9.80, મહારાષ્ટ્ર-6.40, પશ્ચિમ બંગાળ-4.00, મધ્ય પ્રદેશ-3.80, તેલંગાણા-3.60, ગુજરાત-2.50 તથા રાજસ્થાન-2.20**
8. તાજેતરમાં કેન્દ્ર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ "ટુરિઝમ સ્ટેટિસ્ટિકસ 2020" અહેવાલ મુજબ દેશના કેટલા ટકા પર્યટકો ટોપ ટેન રાજ્યમાં ફરવાનું પસંદ કરે છે - **85**
9. તાજેતરમાં કેન્દ્ર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ "ટુરિઝમ સ્ટેટિસ્ટિકસ 2020" અહેવાલ મુજબ ગુજરાત સતત કેટલી વાર ટોપ ટેનમાં નવમા ક્રમે આવ્યું છે - **05**
10. તાજેતરમાં કેન્દ્ર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ "ટુરિઝમ સ્ટેટિસ્ટિકસ 2020" અહેવાલ મુજબ પ્રવાસીઓની પસંદગીમાંનું સૌથી અગ્રેસર રાજ્ય જણાવો - **ઉત્તર પ્રદેશ**
11. ઓકટોબર-૨૦૨૦માં IIT ખડગપુર દ્વારા કોરોના ટેસ્ટ માટે કયુ મશીન વિકસાવાયું - **કોવિરેપ**
12. IIT ખડગપુર દ્વારા વિકસાવવામાં આવેલા કોવિરેપ કોરોના ટેસ્ટ મશીનથી કેટલા સમયમાં કોરોના ટેસ્ટનું પરિણામ મળે છે – **એક કલાક**
13. IIT ખડગપુર દ્વારા વિકસાવવામાં આવેલા કોવિરેપ કોરોના ટેસ્ટ મશીનને ભારતમાં કોના દ્વારા માન્યતા આપવામાં આવી છે - **ICMR**
14. IIT ખડગપુર કયા રાજ્યમાં આવેલી છે - **પશ્ચિમ બંગાળ**
15. IPL સાથે સંકળાયેલા તમામ લોકોએ એક પેરામીટર સુધી સીમિત રહીને બહારની દુનિયા સાથે કટઑફ - થઈ જવાની સ્થિતિ કયા નામે ઓળખાય છે – **IPL બાયો બબલ**
16. સ્ટેટ ઓફ ધ ગ્લોબલ એર૨૦૨૦-માં કઈ સ્થિતિનો અહેવાલ રજૂ કરાયો છે - **હવા પ્રદૂષણની વૈશ્વિક સ્થિતિ**

17. સ્ટેટ ઓફ ધ ગ્લોબલ એર-૨૦૨૦ અહેવાલ અનુસાર ભારતમાં વર્ષ-૨૦૧૯ના એક જ વર્ષમાં હવા પ્રદૂષણથી કેટલા નાગરિકોના મોત થયા હતા – **૧૬.૬૭ લાખ**

18. સ્ટેટ ઓફ ધ ગ્લોબલ એર-૨૦૨૦ અહેવાલ અનુસાર વર્ષ-૨૦૧૯ના એક જ વર્ષમાં સૌથી વધુ પીએમ-૨.૫ ધરાવતા ટોપ-૧૦ દેશોના નામ જણાવો – **ભારત, નેપાળ, નાઈજર, કતાર, નાઇજિરિયા, ઈજિપ્ત, મોરિટાનિયા, કેમેરુન, બાંગ્લાદેશ અને પાકિસ્તાન**

19. સ્ટેટ ઓફ ધ ગ્લોબલ એર-૨૦૨૦ અહેવાલ મુજબ હવા પ્રદૂષણને કારણે આખા વિશ્વમાં વર્ષ-૨૦૧૯ દરમિયાન કેટલા લોકોના મૃત્યુ થયા - **૬૭ લાખ**

20. સ્ટેટ ઓફ ધ ગ્લોબલ એર-૨૦૨૦ અહેવાલ મુજબ હવા પ્રદૂષણને કારણે વર્ષ-૨૦૧૯ દરમિયાન સૌથી વધુ કેટલા મોત કયા વિસ્તારમાં નોંધાયા - **૨૧ લાખ તથા દક્ષિણ એશિયા**

21. સ્ટેટ ઓફ ધ ગ્લોબલ એર૨૦૨૦- અહેવાલ મુજબ ઓઝોન પ્રદૂષણ ધરાવતા ટોપ-૩ દેશના નામ જણાવો – **પ્રથમ-કતાર, બીજો-નેપાળ તથા ત્રીજો - ભારત**

22. કયા આધારે પ્રદૂષણ માપવામાં આવે છે - **હવાના દસ લાખ કણોમાં રહેલા રજકણોના આધારે**

23. હવામાં રહેલા રજકણો કયા નામે ઓળખાય છે - **'પર્ટિક્યુલર મેટર (પીએમ)'**

24. સ્ટેટ ઓફ ધ ગ્લોબલ એર-૨૦૨૦ અહેવાલ તૈયાર કરનાર દેશ અને સંસ્થાનું નામ જણાવો - **અમેરિકાની 'હેલ્થ ઈફેક્ટ ઈન્સ્ટિટ્યૂટ', 'કેનેડાની યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયા' અને અમેરિકાની 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ મેટ્રીક્સ એન્ડ ઈવોલ્યુશન'**

25. ગુજરાતમાં પોલીસનો તનાવ દૂર કરવાના હેતુસર કયા સમયગાળા દરમિયાન એથ્લેટિક્સ મીટ અને સ્પોર્ટ્સ સહિતના કાર્યક્રમો યોજાશે – **તા.૨૧ થી ૩૧ ઓકટોબર ૨૦૨૦**

26. પોલીસ સંભારણા (શહીદ) દિવસ-૨૦૨૦ નિમિતે કોની ઉપસ્થિતિમાં ગુજરાત પોલીસ એકેડમી કરાઈ ખાતે પોલીસ જવાનોને શ્રદ્ધાંજલિ અપાઈ - **ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા**

27. 21 ઓક્ટોબરના રોજ કયો દિવસ ઉજવવામાં આવે છે - **પોલીસ સ્મૃતિ-સંભારણા દિવસ**

28. ભારતમાં પોલીસ સંભારણા-સ્મૃતિ દિવસ કોની યાદમાં મનાવવામાં આવે છે– **21 ઓક્ટોબર 1959; લદાખના વિસ્તારમાં સૈનિકો દ્વારા કપટથી કરવામાં આવેલા હુમલામાં 10 પોલીસ કર્મચારીઓ શહીદ થયા હતા**

29. પોલીસ કર્મચારીઓના બલિદાનની યાદ અપાવતું ભવ્ય "રાષ્ટ્રીય પોલીસ સ્મારક" કયા વર્ષે રાષ્ટ્રને સમર્પિત કરાયું - **21 ઓક્ટોબર 2018**

30. પોલીસ કર્મચારીઓના બલિદાનની યાદ અપાવતું ભવ્ય "રાષ્ટ્રીય પોલીસ સ્મારક" કયા આવેલું છે - **નવી દિલ્હી**

31. તાજેતરમાં અવસાન પામેલ ગુજરાતી હસમુખ ભાવસારનું ક્ષેત્ર જણાવો - **ગુજરાતી નાટક અને ફિલ્મોના પીઢ કલાકાર**

32. હાસ્યકાર જ્યોતીન્દ્ર દવેનો જન્મદિવસ જણાવો - **21 ઓક્ટોબર 1901**

33. હાસ્યકાર જ્યોતીન્દ્ર દવેનો જન્મ કયાં થયો હતો – **સુરત**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

............વંદે માતરમ્............

# VIVEKANAND ACADEMY

## SECTOR-22 GANDHINAGAR

**DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 22-10-2020**




**૧. INS કવરત્તી - સ્વદેશી સ્ટીલ્થ અદ્યતન યુદ્ધજહાજ INS કવરત્તી ભારતીય નેવીમાં સેના જનરલ એમ.એમ. નરવણેના હસ્તે સામેલ (સંરક્ષણ-આત્મનિર્ભર)**



- ✓ લક્ષદ્વીપની રાજધાની કવરત્તી ઉપરથી જહાજનું નામ અપાયું
- ✓ સ્થાન : વિશાખાપટ્ટનમ ડોકયાર્ડ (આંધ્રપ્રદેશ)

**વિગત :**

- ✓ ભારતીય નૌકાદળના કાફલામાં તા.૨૨મી ઓકટોબર-૨૦૨૦ના રોજ એન્ટી સબમરિન સિસ્ટમથી સજ્જ સ્વદેશી સ્ટીલ્થ યુદ્ધજહાજ આઇએનએસ કવરત્તીને સામેલ કરાયું.
- ✓ તેમાં વપરાયેલા ૯૦ ટકા પાર્ટ્સ સ્વદેશી છે. અગાઉ આઈએનએસ કવરત્તી જનરલ ક્લાસ મિસાઇલ યુદ્ધજહાજ હતું.
- ✓ તેણે વર્ષ-૧૯૭૧માં બાંગ્લાદેશને પાક.ના કબજામાંથી મુક્તિ અપાવનારા યુદ્ધમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

**કવરત્તી જહાજની વિશેષતા :**

- ✓ લંબાઈ : ૧૦૯ મીટર
- ✓ પહોળાઈ : ૧૨.૮ મીટર
- ✓ વજન : ૩૩૩૦ ટન
- ✓ ઝડપ : ૨૫ નોટ્સ




- ✓ સ્ટીલ્થ એટલે : જેના ઉપર દુશ્મન રડારના તરંગોની અસર થતી નથી.

- ✓ આ યુદ્ધજહાજ પર એવા ઉપકરણો લગાવવામાં આવ્યા છે, જેના કારણે તે દુશ્મનોના રડારમાં પકડાતું નથી.
- ✓ અત્યાધુનિક ઉપકરણો અને શસ્ત્રોથી સજ્જ આ જહાજમાં વિશિષ્ટ પ્રકારના પ્રોગ્રામિંગ સાથે તૈયાર સેન્સર લગાવવામાં આવ્યા છે, જે દુશ્મન દેશોની સબમરીનને ડિટેક્ટ કરે છે અને તેને નષ્ટ પણ કરી શકે છે.
- ✓ તેમાં લગાવવામાં આવેલા ચાર ડિઝલ એન્જિન ત્રણ હજાર કિલોવોટનો પાવર પેદા કરે છે.
- ✓ આ સિવાય પ્રોપેલિંગ માટે ૩,૮૮૮ કિલોવોટના ચાર ડિઝલ એન્જિન પણ લગાવવામાં આવ્યા છે, જે ૧,૦૫૦ આરપીએમ પર ઓપરેટ કરે છે.
- ✓ આત્મરક્ષાની ક્ષમતા ધરાવતા જહાજને લાંબા સમય સુધી મહાસાગરમાં તૈનાત રાખી શકાય છે અને તે મહાસાગરમાં દૂર-સુદૂરની સીમાઓ સુધી પેટ્રોલિંગ કરી શકે છે.
- ✓ જહાજ પર લગાવવામાં આવેલી સિસ્ટમના તમામ પરિક્ષણો પૂર્ણ થઈ ગયા છે અને તે યુદ્ધ માટેના તૈયાર પ્લેટફોર્મ તરીકે જ સેન્યમા સામેલ થયું છે.
- ✓ યુદ્ધજહાજના સંચાલન માટે ૧૨ ઓફિસર અને ૧૩૪ નાવિક તેના પર તૈનાત રહેશે અને કમાન્ડર સંદીપ સિંહ, તેના સૌપ્રથમ કમાન્ડિંગ ઓફિસર તરીકે ફરજ સંભાળી રહ્યા છે.

**શું છે પ્રોજેક્ટ-૨૮ :**

- ✓ વર્ષ ૨૦૦૩માં એપ્રૂવ કરવામાં આવેલા પ્રોજેક્ટ-૨૮ અંતર્ગતનું આ ચોથું અને અંતિમ યુદ્ધ જહાજ છે.
- ✓ પ્રોજેક્ટ ૨૮ અંતર્ગતના સ્વદેશ બનાવટના ચોથા અને અંતિમ એન્ટી સબમરીન જહાજ નૌસેનામાં સામેલ.

નિર્માણ કરનાર સંસ્થા :

- ✓ ભારતીય નૌસેનાના ડાયરેક્ટરેટ ઓફ નેવલ ડિઝાઈન યુનિટે આઈએનએસની ડિઝાઈન અને કોલકાતાના ગાર્ડન રિસર્ચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સે તેનું નિર્માણ કર્યું છે.
- ✓ વર્ષ ૨૦૧૪માં આઇએનએસ કમોર્તા
- ✓ વર્ષ ૨૦૧૬માં આઇએનએસ કદમટ્ટ અને
- ✓ વર્ષ ૨૦૧૭માં આઇએનએસ કિલટનને ભારતીય નેવીમાં સામેલ કરવામાં આવી ચૂક્યા છે.
- ✓ જહાજમાં ઉપયોગમાં લેવાયેલા કાર્બન કમ્પોઝિટ્સ ભારતીય શિપબિલ્ડિંગ્સની એક મોટી સિદ્ધિ સમાન છે.
- ✓ જુનું આઇએનએસ કવરત્તી અરનાલા-ક્લાસ મિસાઈલ કોરવેટ્ટ હતુ, જેણે વર્ષ ૧૯૭૧માં બાંગ્લાદેશની મુક્તિની ચળવળમાં સહાયક ભૂમિકા ભજવી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. નાગ : થર્ડ જનરેશન સ્વદેશી એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ "નાગ (ATGM)"નું સફળ પરીક્ષણ (સંરક્ષણ)




- ✓ શ્રેણી : ફાયર એન્ડ ફરગેટ શ્રેણીની મિસાઈલમાં લક્ષ્ય નક્કી કરવા માટે ઇન્ફ્રા રેડ સીકર લાગેલું છે. એટલે કે એકવાર લક્ષ્ય નક્કી કરીને ઝીંક્યા પછી લક્ષ્ય બદલાતું નથી.
- ✓ પરીક્ષણ સ્થળ : પોખરણ (રાજસ્થાન)

**નાગની વિશેષતા :**

- ✓ આ સંપૂર્ણપણે સ્વદેશી મિસાઇલ.
- ✓ વજન : ૪૨ કિલો
- ✓ ૧૦ વર્ષ જાળવણી વિના ઉપયોગ શક્ય
- ✓ ઝડપ : પ્રતિ સેકન્ડ ૨૩૦ કિ.મી.
- ✓ દુશ્મનની ટેન્ક, બખ્તરબંધ વાહન નષ્ટ કરી શકે છે
- ✓ હેલિકોપ્ટરમાંથી ૫ કિ.મી. જ્યારે જમીન પરથી ૪ કિ.મી.ની પ્રહાર ક્ષમતા ધરાવે છે.
- ✓ રાત્રે હુમલો કરવા માટે પણ સક્ષમ.
- ✓ કોઈ પણ ઋતુમાં એકસરખી પ્રહાર ક્ષમતા. તેથી પૂર્વ-પશ્ચિમ બંને સરહદે તહેનાત કરી શકાશે.
- ✓ કોના ઉપરથી છોડાયું : નાગને મિસાઈલ કેરિયર NAMICA પરથી છોડાયું
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૩. કેન્દ્ર સરકાર : સંગઠિત ક્ષેત્રના કામદારો – કર્મચારીઓ માટે ફૂગાવાનો નવો ઈન્ડેક્સ જાહેર (રોજગારી-વેતન)




- ✓ નામ : કન્ઝયુમર પ્રાઈઝ ઈન્ડેક્સ – ઔદ્યોગિક કામદાર (CPI-IW)

**CPI-IW માપદંડ શું છે :**

- ✓ CPI-IW સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થાં, ઔદ્યોગિક કામદારોના લઘુતમ વેતન અને પેન્શનર્સ માટે મોંઘવારી રાહત નક્કી કરવા માટેનો માપદંડ છે.
- ✓ નવી શ્રેણીમાં CPI-IWની ગણતરીનું આધાર વર્ષ ૨૦૦૧ના સ્થાને ૨૦૧૬ ગણાશે.
- ✓ નવી શ્રેણી દેશમાં સંગઠિત ક્ષેત્રમાં નિયમિત નોકરીઓ કરતાં કામદારોની ખર્ચની પદ્ધતિ, વપરાશની આદતો બદલવાના સાથે વિવિધ ચીજવસ્તુઓની કિંમતો નક્કી કરવા માટે અત્યંત જરૂરી હતી.
- ✓ CPI-IW બેન્કના કર્મચારીઓ, વીમા સેક્ટરના કર્મચારીઓ સહિત ઓર્ગેનાઇઝડ

સેક્ટરના તમામ કર્મચારીઓના વેતન અને ભથ્થાં નક્કી કરવાનો આધાર છે.

**નવા ઇન્ડેક્સમાં કઈ વસ્તુને કેટલો ભારાંક અપાયો ? :**

- ✓ ખોરાક-૪૬.૨ ટકાથી ઘટાડીને ૩૯ ટકા
- ✓ હાઉસિંગ-૧૫.૨ ટકાથી વધારીને ૧૬.૮ ટકા
- ✓ શિક્ષણ-૧૬ ટકાથી વધારીને ૩૦ ટકા
- ✓ આરોગ્ય સેવા-૧૬ ટકાથી વધારીને ૩૦ ટકા

**સપ્ટેમ્બરના CPI–IWની ગણતરી નવા ઇન્ડેક્સના આધારે કરાશે :**

- ✓ ઓગસ્ટ મહિનામાં CPI-IW વધીને ૫.૬ ટકા થયો હતો.
- ✓ જુલાઈમાં CPI-IW ૫.3 ટકા હતો.
- ✓ સપ્ટેમ્બર ૨૦૨૦ માટેના ફુગાવાની ગણતરી હજુ બાકી છે. હવે તે નવા CPI-IWના આધારે કરાશે.
- ✓ આ એક ઐતિહાસિક ઇન્ડેક્સ છે.
- ✓ ૧૯૪૬થી સતત દર મહિને તે જારી કરવામાં આવે છે.

**દર પાંચ વર્ષે CPI–IWમાં સુધારો કરાશે, નવા પગાર-ભથ્થાં તાત્કાલિક વધારાશે નહીં : સરકાર :**

- ✓ આયોજન પંચમાં સલાહકાર રહી ચૂકેલા શ્રમ અર્થશાસ્ત્રી અશોક અગ્રવાલે જણાવ્યું હતું કે, સરકાર જાહેર કરી ચૂકી છે કે CPI-IWમાં દર પાંચ વર્ષે સુધારો કરાશે પરંતુ પગાર અથવા મોંઘવારી ભથ્થાં તાત્કાલિક વધારાશે નહીં. તેનો આધાર સરકાર દ્વારા વિગતવાર મેથડોલોજી જાહેર કરાય ત્યારબાદ તેના પર ટિપ્પણી કરી શકાશે.

**ભારતમાં હાલ પાંચ કન્ઝયુમર પ્રાઇઝ ઇન્ડાઇસિસ :**

1. CPI-IW-ઔદ્યોગિક કામદારો માટે (હવે આધાર વર્ષ ૨૦૧૬)
2. CPI-AL-ખેતમજૂરો માટે (આધાર વર્ષ ૧૯૮૬-૮૭)
3. CPI-RL-ગ્રામીણ શ્રમિકો માટે (આધાર વર્ષ ૧૯૮૬-૮૭)
4. CPI-Urban-શહેરી રહેવાસીઓ માટે
5. CPI Rural-ગ્રામીણ રહેવાસીઓ માટે

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૪. જન્મ દિન વિશેષ : 22 ઓક્ટોબર

## શ્વેતક્રાંતિનું બીજ : ત્રિભુવન પટેલ

**જન્મ : 22 ઓક્ટોબર 1903**

**અવસાન : 3 જૂન 1994**



- ✓ તારીખ ૨૨ ઓક્ટોબર અને સમાજ સુધારક મણિશંકર કિકાણી, ક્રાંતિકારી અશફાક ઉલ્લાખાન અને શ્વેતક્રાંતિનાં પાયામાં રહેલાં સ્વતંત્રતા સૈનિક અને

સહકારી આગેવાન ત્રિભુવનભાઈ પટેલનો જન્મદિવસ.

- ✓ આણંદમા શ્રીમંત પરિવારમાં જન્મેલાં ત્રિભુવન પટેલે અભ્યાસ આણંદ અને ગુજરાત વિદ્યાપીઠમાં કર્યો હતો.
- ✓ ગુજરાત વિદ્યાપીઠમાં વિનીત પાસ કરી સત્યાગ્રહમાં જોડાયાં હતાં.
- ✓ તેઓનું રાજકીય ઘડતર મહાત્મા ગાંધી અને સરદાર પટેલની નિશ્રામાં થયું હતું.
- ✓ ૧૯૨૪ થી શરૂ થયેલી ત્રિભુવન પટેલની સ્વતંત્રતા સૈનિક તરીકેની યાત્રામાં ૧૯૪૭માં આઝાદી મળી ત્યાં સુધી કુલ ૪ વખત તે નિમિત્તે જેલમાં ગયાં હતાં.
- ✓ સ્વરાજ્યપ્રાપ્તિના ગાળામાં પોલસન ડેરીની ઇજારાશાહી સામે ત્રિભુવન પટેલે દૂધ ઉત્પાદકોનો સંઘ રચ્યો હતો. તેમાં પ્રેરણા સરદાર પટેલની રહી હતી.
- ✓ તા. ૭ ઑક્ટોબર ૧૯૪૬નાં રોજ પહેલી દૂધ સહકારી મંડળી અસ્તિત્વમાં આવી. અને તેમાંજ આજની " ટેસ્ટ ઑફ ઇન્ડિયા" અમૂલ ડેરીનું બીજ પડ્યું હતું.
- ✓ ત્રિભુવન પટેલ અને શ્વેતક્રાંતિના જનક વર્ગીસ કુરિયનની જોડીએ રંગત દાખવી અને ગુજરાત, ભારત જ નહીં પણ એશિયામાં પ્રસિદ્ધ બની.
- ✓ પોતાની જાહેરાતોમાં કોઈ મોટાં સેલિબ્રિટીને લીધાં વગર બ્રાન્ડિંગ કરતી ગુજરાતની ઓળખ બની તેનાં પાયામાં ત્રિભુવન પટેલ જેવાં પાયાના પથ્થરો રહેલાં છે.
- ✓ ગુજરાતના આ પાયાના રચનાત્મક કાર્યકર અને સહકારી આગેવાનનું ૩ જૂન ૧૯૯૪ ના રોજ અવસાન થયું હતું.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૧૦-૨૦૨૦)

1. તાજેતરમાં 22 ઓક્ટોબરના રોજ ભારતીય નેવીમાં કયું સ્વદેશી યુદ્ધ જહાજ સામેલ કરાયું - **INS કવરત્તી**
2. યુદ્ધ જહાજને INS કવરત્તી નામ કયા કેન્દ્રશાસિત પ્રદેશની રાજધાની ઉપરથી અપાયું - **લક્ષદ્વીપ**
3. તાજેતરમાં યુદ્ધ જહાજ INS કવરત્તીને કોના હસ્તે નેવીમાં સામેલ કરાયું - **સેના જનરલ એમ. એમ. નરવણે**
4. તાજેતરમાં યુદ્ધ જહાજ INS કવરત્તીને કયાંથી સેનામાં સામેલ કરાયું - **ડોકયાર્ડ, વિશાખાપટ્ટનમ**
5. તાજેતરમાં સામેલ કરાયેલા યુદ્ધ જહાજ INS કવરત્તીનો પ્રકાર જણાવો - **સ્ટીલ્થ**
6. "સ્ટીલ્થ" પ્રકાર એટલે શું – **જેના ઉપર દુશ્મન રડારના તરંગોની અસર થતી નથી**.
7. તાજેતરમાં સામેલ કરાયેલા યુદ્ધ જહાજ INS કવરત્તી કયા પ્રોજેક્ટ હેઠળ તૈયાર કરાયેલ અંતિમ અને ચોથું જહાજ છે - **પ્રોજેક્ટ 28**
8. "પ્રોજેક્ટ 28" હેઠળ ભારતીય નેવીમાં કયા કયા યુદ્ધજહાજ સામેલ કરાયા - વર્ષ ૨૦૧૪માં આઇએનએસ કમોર્તા, વર્ષ ૨૦૧૬માં આઇએનએસ કદમટ્ટ અને વર્ષ ૨૦૧૭માં આઇએનએસ કિલટન
9. યુદ્ધ જહાજ INS કવરત્તીની ડિઝાઇન અને નિર્માણ કોના દ્વારા કરાયું - **ભારતીય નૌસેનાના ડાયરેક્ટરેટ ઓફ નેવલ ડિઝાઈન યુનિટે આઈએનએસની ડિઝાઈન અને કોલકાતાના ગાર્ડન રિસર્ચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ દ્વારા નિર્માણ**
10. અગાઉ યુદ્ધ જહાજ INS કવરત્તી કયા યુદ્ધમાં મહત્વની ભૂમિકા ભજવી હતી - **વર્ષ 1971 ભારત-પાકિસ્તાન**

11. તાજેતરમાં DRDO દ્વારા પોખરણમાં કયા મિસાઈલનું સફળ પરિક્ષણ કરાયું - **નાગ**
12. તાજેતરમાં પરીક્ષણ કરાયેલા" નાગ" મિસાઈલની વિશેષતા જણાવો - **થર્ડ જનરેશન સ્વદેશી એન્ટી ટેન્ક ગાઇડેડ મિસાઈલ**
13. તાજેતરમાં પરીક્ષણ કરાયેલા નાગ મિસાઇલની શ્રેણી જણાવો - **ફાયર એન્ડ ફરગેટ**
14. તાજેતરમાં પરીક્ષણ કરાયેલા નાગ મિસાઇલની હેલિકોપ્ટર અને જમીન ઉપરથી પ્રહાર કરવાની રેન્જ જણાવો - **5 અને 4 કિલોમીટર**
15. નાગ માટે વપરાતા ATGMનું વિસ્તૃત નામ જણાવો - **એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઇલ**
16. ઓકટોબર-૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા સંગઠિત ક્ષેત્રના કામદારો–કર્મચારીઓ માટે શાનો નવો ઈન્ડેક્સ જાહેર કરાયો - **ફૂગાવા**
17. CPI-IWનું વિસ્તૃત નામ જણાવો - **કન્ઝયુમર પ્રાઈઝ ઈન્ડેક્સ-ઔદ્યોગિક કામદાર**
18. સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થાં, ઔદ્યોગિક કામદારોના લઘુતમ વેતન અને પેન્શનર્સ માટે મોંઘવારી રાહત નક્કી કરવા માટેનો માપદંડનું નામ જણાવો- **કન્ઝયુમર પ્રાઈઝ ઈન્ડેક્સ-ઔદ્યોગિક કામદાર**
19. કેન્દ્ર સરકાર દ્વારા નવી શ્રેણીમાં CPI-IWની ગણતરીનું આધાર વર્ષ ૨૦૦૧ના સ્થાને કયુ વર્ષ ગણવાનું નક્કી કર્યું - **વર્ષ ૨૦૧૬**
20. કેન્દ્ર સરકાર દ્વારા સંગઠિત ક્ષેત્રના કામદારો–કર્મચારીઓ માટે જાહેર કરાયેલા ફૂગાવાનો નવો ઈન્ડેક્સમાં કઈ વસ્તુને કેટલો ભારાંક અપાયો છે - **ખોરાક-૪૬.૨ ટકાથી ઘટાડીને ૩૯ ટકા, હાઉસિંગ-૧૫.૨ ટકાથી વધારીને ૧૬.૮ ટકા, શિક્ષણ-૧૬ ટકાથી વધારીને 30 ટકા, આરોગ્ય સેવા-૧૬ ટકાથી વધારીને 30 ટકા**
21. જુલાઈ તથા ઓગસ્ટ-૨૦૨૦ મહિનામાં CPI-IW કેટલા ટકા હતો - **૫.૩ તથા ૫.૬ ટકા**
22. કેન્દ્ર સરકાર દ્વારા સંગઠિત ક્ષેત્રના કામદારો–કર્મચારીઓ માટે જાહેર કરાયેલા ફૂગાવાના નવા ઈન્ડેક્સ મુજબની ગણતરી કયા મહિનાથી કરાશે - **સપ્ટેમ્બર ૨૦૨૦**
23. સંગઠિત ક્ષેત્રના કામદારો–કર્મચારીઓ માટે ફૂગાવાનો ઈન્ડેક્સ કયા વર્ષથી દર મહિને જારી કરવામાં આવે છે – **વર્ષ ૧૯૪૬**
24. દર કેટલા વર્ષે CPI–IWમાં સુધારો કરવામાં આવે છે - **પાંચ**
25. ભારતમાં હાલ કેટલા કન્ઝયુમર પ્રાઇઝ ઇન્ડાઇસિસ છે – **પાંચ**
26. ભારતમાં હાલ કયા પાંચ કન્ઝયુમર પ્રાઇઝ ઇન્ડાઇસિસ છે તથા તેનો આધાર વર્ષ જણાવો – **CPI-IW-ઔદ્યોગિક કામદારો માટે (હવે આધાર વર્ષ ૨૦૧૬), CPI-AL-ખેતમજૂરો માટે (આધાર વર્ષ ૧૯૮૬-૮૭), CPI-RL-ગ્રામીણ શ્રમિકો માટે (આધાર વર્ષ ૧૯૮૬-૮૭), CPI-Urban-શહેરી રહેવાસીઓ માટે તથા CPI Rural-ગ્રામીણ રહેવાસીઓ માટે**
27. કયા વ્યક્તિને ગુજરાતમાં શ્વેતક્રાંતિના બીજ સમાન ગણવામાં આવે છે - **ત્રિભુવન પટેલ**
28. સહકારી આગેવાન ત્રિભુવનભાઈ પટેલનો જન્મદિવસ જણાવો – **તા. ૨૨ ઓક્ટોબર ૧૯૦૩**
29. સહકારી આગેવાન ત્રિભુવનભાઈ પટેલનો જન્મ કયાં થયો હતો – **આણંદ**
30. ત્રિભુવનભાઈ પટેલનું રાજકીય ઘડતર ગુજરાતના કયા બે મહાનુભાવોના સાન્નિધ્યમાં થયું હતું - **મહાત્મા ગાંધી અને સરદાર પટેલ**
31. સ્વરાજ્ય પ્રાપ્તિના ગાળામાં કઈ ડેરીની ઇજારાશાહી સામે ત્રિભુવન પટેલે દૂધ ઉત્પાદકોનો સંઘ રચ્યો હતો. તેમાં સરદાર પટેલની પ્રેરણા રહી હતી - **પોલસન**
32. કયારે પહેલી દૂધ સહકારી મંડળી અસ્તિત્વમાં આવી કે જેમાં આજની " ટેસ્ટ ઑફ ઇન્ડિયા" અમૂલ ડેરીનું બીજ પડ્યું હતું - **તા. ૭ ઑક્ટોબર ૧૯૪૬**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




## ૧. વૈશ્વિક સિદ્ધિ : ILO ગવર્નિંગ બોડીના ચેરમેન પદે ભારતીય શ્રમ સચિવ અપૂર્વ ચંદ્રાની પ્રતિનિધિ તરીકે પસંદગી




**વિગત :**

- ✓ ભારતે ૩૫ વર્ષ પછી ILO ગવર્નિંગ બોડીનું ચેરમેનપદ સંભાળ્યું
- ✓ ભારતનાં શ્રમ સચિવ અપૂર્વ ચંદ્રા આ હોદ્દા માટે ચૂંટાયા.

**ભારત - ILO સંબંધો :**

- ✓ ભારત અને ILO વચ્ચેનાં ૧૦૦ વર્ષ જૂના રચનાત્મક સંબંધોમાં ૩૫ વર્ષ પછી એક નવા યુગનો પ્રારંભ થશે.
- ✓ ILOની ગવર્નિંગ બૉડીનું ચેરમેનપદ આંતરરાષ્ટ્રીય સ્તરે સન્માનને પાત્ર હોય છે. ILOની ગવર્નિંગ બૉડી દ્વારા વિવિધ નીતિઓ, કાર્યક્રમો, એજન્ડા, બજેટ અંગે નિર્ણયો લેવાય છે.
- ✓ કાર્યકાળ : ઓક્ટોબર ૨૦૨૦થી જૂન ૨૦૨૧ સુધી

**ILO વિશે :**

- ✓ વિશ્વના શ્રમજીવીઓના કલ્યાણ અને તેના સંબંધી કાયદા બનાવવા માટે કામ કરતી યુનોની સંસ્થા
- ✓ મુખ્ય મથક : જીનીવા (સ્વિસ.)
- ✓ સ્થાપના : ૧૧ એપ્રિલ ૧૯૧૯
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. FATF : નિર્ણય

### FATF દ્વારા પાકિસ્તાનને આગામી ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી ગ્રે લિસ્ટમાં રાખવાનો નિર્ણય યથાવત (વૈશ્વિક આતંકવાદ)




**વિગત :**

- ✓ વિશ્વમાં આતંકવાદી પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખતા ટોચના સંગઠન ફાઇનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સે તા.૨૩મી ઓકટોબર-૨૦૨૦ના રોજ આતંકવાદના આકા પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં રાખવા મુદ્દે મતદાન કર્યું હતું.
- ✓ FATF દ્વારા આતંકવાદને નાબૂદ કરવા પાકિસ્તાનને અપાયેલા ૨૭ મુદ્દાના એક્શન પ્લાન પર ૬ મુદ્દાનું પાલન કરવામાં નિષ્ફળતા માટે ગ્રે લિસ્ટમાં જ રાખવાનો નિર્ણય લેવાયો છે. આ રીતે પાકિસ્તાનને બચાવવાના તુર્કી અને ચીનના પ્રયાસો નિષ્ફળ થઇ ગયા છે.
- ✓ સંસ્થાએ પાકિસ્તાનને તેના એક્શન પ્લાનનો અમલ કરવા ફેબ્રુઆરી ૨૦૨૧ સુધીનો સમય આપ્યો છે.

**અગાઉની સ્થિતિ :**

- ✓ FATFએ પાકિસ્તાનને જૂન ૨૦૧૮માં તેના ગ્રે લિસ્ટમાં સામેલ કર્યો હતો અને ૨૦૧૯ના અંત સુધીમાં આતંકવાદને પૂરા પડાતા ભંડોળ અને મની લોન્ડરિંગનો અંત લાવવા એક્શન પ્લાનના અમલની સૂચના આપી હતી પરંતુ પાકિસ્તાન તેમાં સદંતર નિષ્ફળ રહ્યો છે.
- ✓ અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ અને જર્મની પણ પાકિસ્તાનની ધરતી પરથી સક્રિય આતંકવાદી સંગઠનો સામે પાકિસ્તાને કરેલી કાર્યવાહીથી સંતુષ્ટ નથી.

**અસરો :**

- ✓ આર્થિક રીતે ખસ્તાહાલ પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં જ રખાતાં તેના માટે આઇએમએફ, વિશ્વ બેન્ક અને યુરોપિયન સંઘ પાસેથી આર્થિક મદદ મેળવવાનું મુશ્કેલ બનતું રહેશે.
- ✓ FATF : ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. નવતર પહેલ : "વડીલ સુખાકારી સેવા" (આરોગ્ય)

✓ **હેતુ:** વિવિધ રોગોથી પીડાતા વૃદ્ધોને અમદાવાદ મ્યુનિસિપાલીટી દ્વારા ઘેર બેઠા આરોગ્યલક્ષી સુવિધા

**વિગત :**

✓ અમદાવાદ શહેરના વયોવૃદ્ધ વડીલો, ખાસ કરીને જેઓ હાયપર ટેન્શન, મધુપ્રમેહ, કિડનીના રોગો જેવા અન્ય રોગોથી પીડાતા (કોરોનાની અસર) હોય તેમની ઘેર બેઠા કાળજી લઈ શકાય એ માટે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વડીલ સુખાકારી સેવા શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

✓ આ વિશિષ્ટ સેવા યોજના હેઠળ જુદી જુદી વાનમાં રોજ ૧૦૦ જેટલી અલગ અલગ ટીમ કાર્યરત થશે અને રોજ ૨,૦૦૦ વડીલોને ઘેર જઈ તેમની તબીબી તપાસ કરશે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૪. GTU : ઇંગ્લેન્ડની રેટિંગ એજન્સી દ્વારા "ઈ-લીડ" કેટેગરીમાં જીટીયુની પસંદગી (ઉચ્ચ શિક્ષણ)

Gujarat Technical University

✓ **સિદ્ધિ:** એકેડમિક ડિજિટાઇઝેશનમાં રાજ્યની એકમાત્ર GTU સરકારી યુનિવર્સિટીની પસંદગી

✓ દેશમાં પ્રથમવાર ઓનલાઇન પરીક્ષા લઈ GTUએ ચાર પેરા મીટર્સ પૂર્ણ કર્યા

**સન્માન :**

✓ ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી ટેક્નિકલની લંડન, યુનાઈટેડ કિંગ્ડમ સ્થિત ઈન્ટરનેશનલ રેટિંગ એજન્સી ક્વાકવલ્લી સિન્ડોમ્સના (ક્યુએસ)ના વાઈસ પ્રેસિડેન્ટ જેસોને ન્યૂમેને '<u>ઈ-લર્નિંગ એક્સેલન્સ ફોર એકેડમિક ડિજીટાઈઝેશન (ઈ-લીડ)</u>' કેટેગરીમાં પસંદગી કરી છે.

✓ GTU વાઇસ ચાન્સેલર: પ્રો. ડો. નવીન શેઠ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. વિશ્વ વિખ્યાત ટાઇમ મેગેઝિન - USA

**૯૭ વર્ષમાં પહેલીવાર ટાઇમ મેગેઝિનના કવર પર લોગોની જગ્યાએ "VOTE"**




✓ **હેતુ –મેસેજ :** ટાઈમ મેગેઝિનના કવર પર લોગોની જગ્યાએ VOTE

- ✓ પહેલીવાર ટાઈમ મેગેઝિને તેના લોગોના બદલે વોટ મૂકીને મેગેઝિન બજારમાં રજૂ કર્યું છે, <u>લોકોને મતદાન માટે અપીલ કરવાના હેતુથી આ પ્રકારનું કવર પેજ બનાવાયું છે.</u>
- ✓ કવર પેજ પર એક યુવતીની માસ્ક પહેરેલી છબી પણ મુકાઈ છે, માસ્ક પર બેલેટ બોકસની પણ ડિઝાઈન રજૂ કરાઈ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૬. લોરાવન ટેકનોલોજી : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભારતનો પ્રથમ લોરાવન ટેકનોલોજી સાથેનો સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ રીટ્રોફીટ પ્રોજેક્ટનો અમલ




**<u>ખાસ :</u>**

- ✓ રથયાત્રા રૂટ, તાજિયા રૂટ, સિંધુભવન રોડ, રિવરફ્રન્ટ રોડ સહિતના રોડ ઉપરની ૨૦ હજારથી વધુ સ્ટ્રીટ લાઇટ ૧૨,૦૮૭ કંટ્રોલર સાથે કંટ્રોલ રૂમથી જોડી કંટ્રોલ થશે.
- ✓ ત્યાંથી આ તમામ સ્ટ્રીટ લાઇટ ચાલુ કે બંધ કરી શકાશે. સાથે બંધ થાય તો તેની પણ જાણકારી કંટ્રોલ રૂમની મળી શકશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૭. કાર્બન ઉત્સર્જન ઘટાડનાર વિશ્વના દેશો (પર્યાવરણ)

**<u>વિગત :</u>**

- ✓ 2019થી ઓગસ્ટ 2020 સુધી દુનિયામાં કાર્બન ઉત્સર્જન 6.5 ટકા ઘટ્યું.

| દેશ | ઉત્સર્જનમાં ઘટાડો |
|---|---|
| સ્પેન | 17.20% |
| ભારત | 13.40% |
| અમેરિકા | 12.90% |
| જર્મની | 12.80% |
| બ્રિટન | 12.00% |
| દુનિયા | 6.50% |

- ✓ પ્રદૂષણ ઘટાડનારા દેશોમાં ચીન ટોપ ટેનમાં સામેલ નથી.

**<u>પ્રદૂષણ ફેલાવનારા દેશ :</u>**

- ✓ વિશ્વના કુલ પ્રદૂષણમાં ચીનનો હિસ્સો 30 ટકા છે જ્યારે અમેરિકા ભારતથી બમણુ પ્રદૂષણ ફેલાવે છે.

| દેશ | પ્રદૂષણ ફેલાવવામાં હિસ્સેદારી |
|---|---|
| ચીન | 30.3% |
| અમેરિકા | 13.4% |
| બ્રિટન-ઇયુ | 8.7% |
| ભારત | 6.8% |
| રશિયા | 4.7% |
| અન્ય દુનિયા | 36.1% |

**<u>પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન :</u>**

- ✓ એક અમેરિકી એક ભારતીયની તુલનાએ આઠ ગણું વધુ કાર્બન ઉત્સર્જન કરે છે
- ✓ અમેરિકામાં પ્રતિ વ્યક્તિ ૧૬.૫૬ મેટ્રિક ટન ઉત્સર્જન થાય છે.
- ✓ ભારતમાં 196 મેટ્રિક ટન થાય છે.
- ✓ સ્રોત : ઇયુ, વર્લ્ડ બેન્ક, કાર્બન મોનિટર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૮. અમૂલ ડેરી ચેરમેન તરીકે રામસિંહ પરમાર બિનહરીફ ચૂંટાયા



- ✓ અંદાજે વાર્ષિક ટર્ન ઓવર રૂ. ૪૪૦૦ કરોડ
- ✓ સ્થળ : આણંદ
- ✓ AMUL : આણંદ મિલ્ક યુનિયન લિમિટેડ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૯. નિમણૂક: ગુજરાતી સાહિત્ય પરિષદના નવા પ્રમુખ તરીકે પ્રકાશ ન. શાહ ચૂંટાયા




- ✓ **<u>કાર્યકાળ :</u>** ત્રણ વર્ષ માટે
- ✓ **<u>સંસ્થા :</u>** અમદાવાદ
- ✓ <u>મુખપત્ર :</u> પરબ
- ✓ સાહિત્ય પરિષદના પ્રથમ પ્રમુખ : ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

**<u>ગુજરાતી સાહિત્ય પરિષદ વિશે :</u>**

- ✓ ગુજરાતી ભાષા સાહિત્યના ક્ષેત્રમાં કામ કરતી એક સ્વૈચ્છિક સંસ્થા છે.

**<u>હેતુ :</u>**

- ✓ ગુજરાતી સાહિત્યનો વિસ્તાર વધારવા, લોકપ્રિય ઉત્કર્ષ સાધવા, સ્ત્રી-બાળકો, વેપારીઓ, કારીગરો વગેરેને વિનોદ સાથે ઉન્નત કરે તેવું સાહિત્ય ઉપજાવવા, રંગભૂમિ અને વર્તમાનપત્રો જેવી પ્રજાજીવન ઘડનારી પ્રણાલિકાઓમાં કર્તવ્યાકર્તવ્ય શી રીતે નક્કી કરવાં, આપણા પ્રજાજીવનને ઉન્નત, શીલવાન, રસિક અને ઉદાર શી રીતે કરી શકાય, એવા અનેક હેતુઓથી સ્થાપના

**<u>સ્થાપના-સ્થાપક :</u>**

- ✓ રણજિતરામ મહેતાના પ્રયત્નોથી ઈ.સ. ૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય

# ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૯૦૫ થી લઈને વર્તમાન પ્રમુખની યાદી

- સિતાંશુ યશશ્ચંદ્ર (સિકંદરાબાદ, ૨૦૧૭)
- ચન્દ્રકાન્ત ટોપીવાળા(ભુજ, ૨૦૧૫)
- ધીરુભાઈ પરીખ(આણંદ, ૨૦૧૩)
- વર્ષાબેન અડાલજા( - , ૨૦૧૨)
- ભોળાભાઈ પટેલ(જૂનાગઢ, ૨૦૧૧)
- ભગવતીકુમાર શર્મા(નવસારી, ૨૦૦૯)
- નારાયણ દેસાઈ(ગાંધીનગર, ૨૦૦૭)
- કુમારપાળ દેસાઈ (-, ૨૦૦૬)
- બકુલ ત્રિપાઠી (મુંબઈ, ૨૦૦૫)
- ધીરુબેન પટેલ (મહુવા, ૨૦૦૩)
- રઘુવીર ચૌધરી (પાટણ, ૨૦૦૧)
- ધીરુભાઈ ઠાકર (વિસનગર, ૧૯૯૯)
- નિરંજન ભગત (વડોદરા, ૧૯૯૭)
- વિનોદ ભટ્ટ (જામનગર, ૧૯૯૫)
- રાજેન્દ્ર શાહ (કોલકત્તા, ૧૯૯૩)
- ઉશનસ્ (કોઈમ્બતૂર, ૧૯૯૧)
- જયન્ત પાઠક (રાજકોટ, ૧૯૮૯)
- ભોગીલાલ સાંડેસરા (મુંબઈ, ૧૯૮૭)
- કે.કા.શાસ્ત્રી (પૂણે, ૧૯૮૫)
- યશવંત શુક્લ (સુરત, ૧૯૮૩)
- મનુભાઈ પંચોળી 'દર્શક'(હૈદરાબાદ, ૧૯૮૧)
- અનંતરાય મ. રાવળ (વડોદરા, ૧૯૭૯)
- ચંદ્રવદન ચી. મહેતા (કલ્યાણ, ૧૯૭૮)
- રામપ્રસાદ બક્ષી (પોરબંદર, ૧૯૭૬)
- ગુલાબદાસ બ્રોકર (વલ્લભવિદ્યાનગર, ૧૯૭૪)
- ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ'(ચેન્નાઈ, ૧૯૭૨)
- ત્રિભુવનદાસ લુહાર 'સુન્દરમ્'(જૂનાગઢ, ૧૯૭૦)
- ઉમાશંકર જોશી (દિલ્હી, ૧૯૬૮)
- જ્યોતીન્દ્ર હ. દવે (સુરત, ૧૯૬૬)
- રસિકલાલ છો. પરીખ (મુંબઈ, ૧૯૬૪)
- વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી (કોલકત્તા, ૧૯૬૧)
- કાકાસાહેબ કાલેલકર (અમદાવાદ, ૧૯૫૯)
- કનૈયાલાલ મા. મુનશી (નડિયાદ, ૧૯૫૫)
- હરસિધ્ધભાઈ વ. દિવેટિયા (નવસારી, ૧૯૫૨)
- કનૈયાલાલ મા. મુનશી (નડિયાદ, ૧૯૪૯)
- રામનારાયણ વિ. પાઠક (રાજકોટ, ૧૯૪૬)
- વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ (વડોદરા, ૧૯૪૩)
- અરદેશર ફરામજી ખબરદાર (મુંબઈ, ૧૯૪૧)
- કનૈયાલાલ માણેકલાલ મુનશી (કરાંચી, ૧૯૩૭)
- મોહનદાસ કરમચંદ ગાંધી (અમદાવાદ, ૧૯૩૬)
- કૃષ્ણલાલ મો. ઝવેરી (લાઠી, ૧૯૩૧)
- ભુલાભાઈ જીવણજી દેસાઈ (નડિયાદ, ૧૯૩૧)
- આનંદશંકર બા. ધ્રુવ (નડિયાદ, ૧૯૨૮)
- રમણભાઈ મ. નીલકંઠ (મુંબઈ, ૧૯૨૬)
- કમળાશંકર પ્રા. ત્રિવેદી (ભાવનગર, ૧૯૨૪)
- હરગોવિંદ દ્વા. કાંટાવાળા (અમદાવાદ, ૧૯૨૦)
- નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા (સુરત, ૧૯૧૫)
- રણછોડલાલ ઉદયરામ દવે (વડોદરા, ૧૯૨૧)
- અંબાલાલ સા. દેસાઈ (રાજકોટ, ૧૯૦૯)
- કેશવલાલ હ. ધ્રુવ (મુંબઈ, ૧૯૦૭)
- ગોવર્ધનરામ મા. ત્રિપાઠી (અમદાવાદ, ૧૯૦૫)

**ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન :**

- ✓ અમદાવાદમાં એનું પહેલું સંમેલન ગોવર્ધનરામ મા. ત્રિપાઠીના પ્રમુખપદે જૂન જુલાઈ ૧૯૦૫માં યોજાયું હતું. ત્યારથી આજ સુધી ગુજરાત-સૌરાષ્ટ્રમાં અનેક અને ગુજરાત બહાર કરાંચી, દિલ્હી, કોલકત્તા, ચેન્નઈ, હૈદરાબાદ, પૂના, કોઈમ્બતૂર જેવાં અનેક સ્થળોએ પરિષદે પોતાનાં સંમેલનો યોજ્યાં છે.
- ✓ અત્યાર સુધીમાં કુલ ૨૬ જ્ઞાનસત્રો અને ૪૫ અધિવેશનો (સંમેલનો) યોજાયા છે.
- ✓ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી પ્રથમ પ્રમુખ થયા બાદ અનેક મૂર્ધન્ય સાહિત્યકારો તેમજ ગાંધીજી પણ આ સંસ્થાના પ્રમુખપદે રહી ચૂકયા છે.

- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૧૦. જન્મ દિન વિશેષ : ૨૩ ઓક્ટોબર

## બળવંતરાય કલ્યાણરાય ઠાકોર



**જન્મ : તા. ૨૩ ઓકટોબર ૧૮૬૯**

**અવસાન : તા. ૨ જાન્યુઆરી ૧૯૫૨**

- ✓ ગુજરાતી સાહિત્યનાં મોટાં ગજાના કવિ , વિવેચક અને ઇતિહાસ ચિંતક બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનો આજે જન્મદિવસ છે.
- ✓ ઉપનામ : સેહેની
- ✓ બ.ક. ઠા. નાં ટુંકા નામે પ્રસિદ્ધ થયેલા બળવંતરાયનો જન્મ ભરૂચમાં થયો હતો.
- ✓ બ.ક. ઠાં વર્ષ ૧૮૯૦માં પ્રથમ વર્ગમાં વિનયન સ્નાતક થયાં હતાં.
- ✓ વર્ષ ૧૮૯૨માં પૂનાથી દક્ષિણા ફેલો તરીકે નિમાયા હતાં.
- ✓ વર્ષ ૧૮૮૩માં શાળાકીય ક્રિકેટ સ્પર્ધામાં તેઓ સૌથી નાની વયના ખેલાડી હતાં.
- ✓ બળવંતરાયએ વ્યવસાયી કારકિર્દીનો પ્રારંભ ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે સિંધની કરાંચી કૉલેજથી કર્યો હતો. તે પછી પ્રોફેસર ઠાકોર અજમેર, પૂનાની ડેક્કન કૉલેજ, રાજકુમાર કોલેજ, રાજકોટ વગેરે ઠેકાણે અધ્યાપન કાર્ય કર્યુ હતું.
- ✓ બળવંતરાય ઠાકોર સંસ્કૃતનાં જ્ઞાતા, ઇતિહાસ, રાજકારણ અને અર્થશાસ્ત્રનાં ગણ્યકોટીના વિદ્વાન અને ગુજરાતી તથા અંગ્રેજીના આરૂઢ અભ્યાસી હતાં.

**સાહિત્ય સર્જન-સંપાદન-વિવેચન :**

- ✓ ભણકાર, જૂનું પિયરઘર, મ્હારા સોનેટ, કવિતા, લિરિક ઝડપી આપણી કાવ્ય સમૃદ્ધિ, માલવિકાગ્નીમિત્ર, વિક્રમોવર્શિયમ, શાકુંતલ, પ્લૂટાકનું જીવનચરિત્ર, ઇતિહાસ દિગ્દર્શન, અંબાલાલભાઈ, લગ્નમાં બ્રહ્મચર્ય, વિવિધ વ્યાખ્યાનો (૨ ભાગ),

પંચોતેરમે, પ્રવેશકો જેવાં કવિતા, વિવેચન, અનુવાદ, જીવનચરિત્ર અને ઇતિહાસ વિષયક ગ્રંથો છે.

✓ ગુજરાતીમાં સોનેટના જનક અને કઠોર વિવેચક તરીકે પણ બ.ક. ઠાં જાણીતાં છે.

✓ કલાપી અને કવિ કાન્તના સંગાથી તથા મહાત્મા ગાંધીના સહાધ્યાયી એવાં બળવંતરાય ઠાકોરનું ૨ જાન્યુઆરી ૧૯૫૨ ના રોજ અવસાન થયું હતું.

**સન્માન :**

✓ બ.ક. ઠાકોરનું" ગગા ઓઝા પ્રાઈઝ " અને "દિવાન બહાદુર "જેવાં ઇલકાબોથી સન્માન થયું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૧૦-૨૦૨૦)

1. તાજેતરમાં ILO ગવર્નિંગ બૉડીના ચેરમેન પદે કયા ભારતીયની નિમણૂક કરાઈ- **શ્રમ સચિવ અપૂર્વ ચંદ્રા**
2. તાજેતરમાં ILO ગવર્નિંગ બૉડીના ચેરમેન પદે કેટલા વર્ષ બાદ ભારતીયની નિમણૂક કરાઈ - **35 વર્ષ**
3. ILOની ગવર્નિંગ બોડીના ચેરમેન પદે ભારતીય અપૂર્વ ચંદ્રાનો કાર્યકાળ જણાવો - **ઓક્ટોબર 2020થી જૂન 2021**
4. ILOનું વડુ મથક ક્યાં આવેલું છે - **જીનીવા**
5. ILOનું સ્થાપના વર્ષ જણાવો - **11 એપ્રિલ 1919**
6. તાજેતરમાં FATF દ્વારા પાકિસ્તાનને પુન: ક્યાં સુધી ગ્રે લિસ્ટમાં રાખવાનો નિર્ણય કરાયો છે - **ફેબ્રુઆરી 2021**
7. FATFની વૈશ્વિક ભૂમિકા જણાવો - **વિશ્વમાં આંતકવાદી પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવા**
8. FATFનું વિસ્તૃત નામ જણાવો - **ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ**
9. વિવિધ રોગોથી પીડાતા વડીલો માટે તેમના ઘરે સારવાર આપવા કઇ મહાનગર પાલિકામાં" વડીલ સુખાકારી સેવા"ની નવતર પહેલ કરવામાં આવી છે - **અમદાવાદ**
10. તાજેતરમાં ગુજરાતની કઈ એકમાત્ર સરકારી યુનિવર્સિટીને ઇંગ્લેન્ડ દ્વારા એકેડેમિક ડિજીટાઇઝેશનમાં "ઇ-લીડ" કેટેગરી માટે પસંદ કરવામાં આવી છે - **GTU**
11. તાજેતરમાં એકમાત્ર GTUની "ઇ-લીડ" કેટેગરી માટે પસંદ કરવામાં આવી છે તે શું છે - **"ઈ-લર્નિંગ એક્સેલેન્સ ફોર એકેડેમિક ડિજીટાઇઝેશન"**
12. GTUના વર્તમાન વાઇસ ચાન્સેલરનું નામ જણાવો - **પ્રોફેસર નવીન શેઠ**
13. USAના વિશ્વ વિખ્યાત ટાઇમ મેગેઝિને કેટલા વર્ષના ઈતિહાસમાં પહેલીવાર મેગેઝિનના કવર પર લોગોની જગ્યાએ "VOTE" મૂકયુ છે - **૯૭**
14. તાજેતર ઓકટોબર-૨૦૨૦માં ટાઇમ મેગેઝિને કયા હેતુસર મેગેઝિનના કવર પર લોગોની જગ્યાએ "VOTE" મૂકયુ હતુ - **લોકોને મતદાન માટે અપીલ કરવાના હેતુથી**
15. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભારતનો પ્રથમ કઈ ટેકનોલોજી સાથેનો સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ રીટ્રોફીટ પ્રોજેક્ટનો અમલ શરૂ કરાયો - **લોરાવન**
16. AMC દ્વારા લોરાવન ટેકનોલોજી સાથેનો સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ રીટ્રોફીટ પ્રોજેક્ટનો શરૂ કરાયો તેનાથી શો ફાયદો થશે - **રથયાત્રા રૂટ, તાજિયા રૂટ, સિંધુભવન રોડ, રિવરફ્રન્ટ રોડ સહિતના રોડ ઉપરની ૨૦ હજારથી વધુ સ્ટ્રીટ લાઇટ ૧૨,૦૮૭ કંટ્રોલર સાથે કંટ્રોલ રૂમથી જોડી કંટ્રોલ થશે**
17. ઇયુ, વર્લ્ડ બેન્ક, કાર્બન મોનિટરના આંકડા અનુસાર વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૦ સુધી વિશ્વમાં કાર્બન ઉત્સર્જન કેટલા ટકા ઘટ્યું છે - **૬.૫ ટકા**
18. ઇયુ, વર્લ્ડ બેન્ક, કાર્બન મોનિટરના આંકડા અનુસાર વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૦ સુધી ભારતમાં કાર્બન ઉત્સર્જન કેટલા ટકા ઘટયુ છે – **૧૩.૪૦ ટકા**
19. ઇયુ, વર્લ્ડ બેન્ક, કાર્બન મોનિટરના આંકડા અનુસારવિશ્વના કુલ પ્રદૂષણમાં ચીનનો હિસ્સો કેટલા ટકા છે - **30 ટકા**

20. અમેરિકા-ભારતમાં પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જનનું પ્રમાણ કેટલું છે - **૧૬.૫૬ તથા ૧૯૬ મેટ્રિક ટન**
21. ઓકટોબર-૨૦૨૦માં કોણ અમૂલ ડેરીના ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયા - **રામસિંહ પરમાર**
22. ગુજરાતની જાણીતી સહકારી કંપની AMULનું વિસ્તૃત નામ જણાવો - **આણંદ મિલ્ક યુનિયન લિમિટેડ**
23. ઓકટોબર-૨૦૨૦માં ગુજરાતી સાહિત્ય પરિષદના નવા પ્રમુખ તરીકે કોણ ચૂંટાયા - **પ્રકાશ ન. શાહ**
24. ગુજરાતી સાહિત્ય પરિષદના નવ નિયુક્ત પ્રમુખ પ્રકાશ ન. શાહનો કાર્યકાળ જણાવો - **ત્રણ વર્ષ**
25. ગુજરાતી સાહિત્ય પરિષદ ક્યાં આવેલી છે - **અમદાવાદ**
26. ગુજરાતી સાહિત્ય પરિષદનું મુખપત્ર કયુ છે - **પરબ**
27. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ પ્રમુખ કોણ હતા – **ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી**
28. ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના ક્યારે-કોણ કરી હતી – **વર્ષ-૧૯૦૫ તથા રણજીતરામ મહેતા**
29. ગુજરાતી સાહિત્યકાર બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનો જન્મ દિવસ જણાવો - **તા.૨૩ ઓકટોબર ૧૮૬૯**
30. ગુજરાતી સાહિત્યનાં મોટાં ગજાના કવિ, વિવેચક અને ઇતિહાસ ચિંતક બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનું જન્મ સ્થળ જણાવો – **ભરૂચ**
31. ગુજરાતી સાહિત્યકાર બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનું ઉપનામ જણાવો - **સેહેની**
32. ગુજરાતીના ક્યા સાહિત્ય સર્જક સોનેટના જનક/સોનેટના પિતા તરીકે જાણીતાં છે - **બ.ક. ઠાકોર**
33. બ.ક. ઠાકોરનું કયા એવોર્ડ-ઇલકાબોથી સન્માન થયું હતું - **ગગા ઓઝા પ્રાઈઝ અને દિવાન બહાદુર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**

# VIVEKANAND ACADEMY

## SECTOR-22 GANDHINAGAR

**DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 24-10-2020**




### ૧. ગુજરાતમાં ત્રણ ઐતિહાસિક યોજનાના ઈ-લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દિલ્હીથી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી જૂનાગઢથી જોડાયા




**(૧) કિસાન સૂર્યોદય યોજના :**

**હેતુ :**

✓ ગુજરાત બનશે દેશનું એવું રાજ્ય જ્યાં ખેડૂતોને રાતના ઉજાગરા બંધ, અને હવે દિવસે વીજળી મળશે.




**વિશેષતાઓ :**

✓ ખેડૂતોને હવે દિવસે વીજળી મળતાં, રાતના ઉજાગરા, વન્ય જીવજંતુના ભય, કડકડતી ઠંડી અને ચોમાસામાં પડતી મુશ્કેલીઓથી કાયમ માટે મુક્તિ.

✓ સૂર્ય ઊર્જા થકી દિવસે ઉત્પન્ન થતી વીજળીનો દિવસે જ વપરાશ. આવો વધાવીએ કિસાન સૂર્યોદય યોજના, દિવસે વીજળી-રાત્રે આરામ.

✓ યોજનાના પહેલા તબક્કામાં જુનાગઢ, ગીર સોમનાથ, પાટણ તેમજ દાહોદ જિલ્લાના કુલ ૧૦૫૫ ગામોના ખેડૂતોને તા.૨૪મી ઓક્ટોબર-૨૦૨૦થી જ દિવસે વીજ પુરવઠો આપવામાં આવશે.

✓ આગામી ૩ વર્ષમાં તબક્કાવાર રીતે સમગ્ર રાજ્યને આવરી લેવાશે.

✓ આ યોજના માટે રૂ. ૩૫૦૦ કરોડના ખર્ચે - ૬૬ કે.વી.ની ૩૪૯૦ સર્કીટ કિ.મી. જેટલી

૨૩૪ નવી ટ્રાન્સમીશન લાઇનો તથા ૨૨૦ કેવીના ૯ નવા સબસ્ટેશનો થકી ગુજરાતનું વીજ માળખું સુદ્રઢ કરાશે.

## (૨)વિશ્વનો સૌથી મોટો ગિરનાર ટેમ્પલ રોપવે




**રોપવેની વિશેષતાઓ :**

- ✓ વિશ્વનું સૌથી મોટું ગિરનાર ટેમ્પલ રોપવે
- ✓ કુલ ૨૫ કેબિન
- ✓ ૨૩૨૦ મીટરની લંબાઈ
- ✓ ૯૦૦ મીટરની ઊંચાઈ
- ✓ રૂ. ૧૩૦ કરોડની ગિરનાર રોપવે પરિયોજનાનો લાભ લઈને વધુને વધુ સંખ્યામાં દર્શનાર્થીઓ અંબાજી મંદિર સુધી પહોંચી શકશે.
- ✓ ૧ કલાકમાં ૧૦૦૦ વ્યકિતઓના વહનની ક્ષમતા ધરાવતું રોપવે યાત્રીને માત્ર ૮ મિનિટમાં ભવનાથની તળેટીથી. અંબાજીની ચોટી સુધી પહોંચાડશે.
- ✓ જુનાગઢ ખાતે આવનારા પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે અને રોજગારીની શક્યતાઓ પણ વધશે.

**પર્વત પર પવન વધારે, રોપવેની ડિઝાઇનમાં એનું જ ધ્યાન રખાયું**

- ✓ ગિરનાર પર્વતની ઊંચાઇ 3,500 ફૂટ છે.
- ✓ સર્વોચ્ચ શિખર 3,666 ફૂટ ઊંચું છે.
- ✓ અહીં પવનની ગતિ 180 કિ.મી. પ્રતિ કલાક રહે છે. એનો સામનો કરવા રોપવેની ડિઝાઇન એરોડાયનેમિક બનાવાઇ છે.
- ✓ રોપવે માટે 9 ટાવર લગાવાયા છે. એમાંથી 6 નંબરનો ટાવર સૌથી ઊંચો (અંદાજે 67 મી.) છે, જે ગિરનારના છેલ્લા પગથિયાની નજીક છે.
- ✓ દરેક ટાવર વચ્ચે એમની ઊંચાઇ 7-8 માળ જેટલી રખાઈ છે.

ગિરનાર રોપવે મંદિરોમાં સૌથી મોટો, પર્યટન સ્થળોમાં ત્રીજો મોટો રોપવે

| પ્રોજેક્ટ | લંબાઈ | ઊંચાઈ | રિટર્ન ટિકિટ | સમય |
|---|---|---|---|---|
| ગિરનાર | 2.13 કિમી | 900 મીટર | રૂ.700 | 7 મિનિટ |
| ગુલમર્ગ-ગોંડોલા (બે સ્ટેજ) | 5 કિમી | 3747 મીટર | રૂ.2000 | 21 મિનિટ |
| ઓલી | 4 કિમી | 3010 મીટર | રૂ.1000 | 24 મિનિટ |
| મનાલી | 1.6 કિમી | 500 મીટર | રૂ.500 | 5 મિનિટ |
| રાયગઢ | 760 મીટર | 420 મીટર | રૂ.315 | 5 મિનિટ |
| મસૂરી | 400 મીટર | 1600 મીટર | રૂ.75 | 5.10 મિનિટ |

## (3) ભારતની સૌથી મોટી હૃદય રોગ હોસ્પિટલ અમદાવાદ

- ✓ ભારતની સૌથી મોટી હૃદયરોગ હોસ્પિટલ




✓ મેડીસીટી, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ ખાતે યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર સંલગ્ન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રૂ. ૪૭૦ કરોડના ખર્ચે નિર્મિત

**વિશેષતાઓ :**

✓ હાલની ૪૫૦ બેડની સુવિધા વધીને ૧૨૫૧ બેડની થશે

✓ અદ્યતન પિડીયાટ્રીક, નિયોનેટલ અને એડલ્ટ કાર્ડિયાક મોડ્યુલર ઓપરેશન થિયેટર (હાર્ટ અને લંગ ટ્રાન્સપ્લાન્ટ મિનીમલ ઇન્વેસીવ)

✓ અદ્યતન કાર્ડિયાક કેથ લેબ અને ઇલેક્ટ્રોફિઝિયોલોજી

✓ અદ્યતન ન્યુમેટીક ટ્યુબ સિસ્ટમ (લેબોરેટરી અને ફાર્મસી માટે) વધુ નવા અદ્યતન સ્પેશિયલ રૂમ અને જનરલ વોર્ડ

✓ બેડ - ૧૨૫૧

✓ કાર્ડિયાક આઇસીયુ બેડ - ૫૩૧

✓ કાર્ડિયાક મોડ્યુલર ઓપરેશન થિયેટર્સ-૧૫

✓ કાર્ડિયાક કેથ લેબ - ૬

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. નિર્ણય : નાણા મંત્રાલય - કેન્દ્ર સરકાર (આર્થિક)

**રૂપિયા બે કરોડ સુધીની લોન ધારકનું વ્યાજનું વ્યાજ માફ કરવાનો કેન્દ્રનો નિર્ણય**

वित्तीय सेवाएं विभाग
DEPARTMENT OF FINANCIAL SERVICES
सत्यमेव जयते

✓ કેન્દ્ર સરકારે લોન અને ક્રેડિટ કાર્ડ ધારકો માટે વ્યાજનું વ્યાજ માફ કરવાની યોજનાને મંજૂરી આપી

**વિગતવાર માહિતી :**

✓ કોરોના મહામારીના પ્રસારને અટકાવવા કેન્દ્ર સરકાર દ્વારા દેશવ્યાપી લોકડાઉન જાહેર કરાયા પછી લોનધારકો માટે જાહેર કરાયેલા મોરેટોરિયમનો લાભ લેનાર અને નહીં લેનાર તમામ લોનધારકોને વ્યાજમાફીનો આ લાભ અપાશે.

**ગાઈડલાઈનમાં જોગવાઈ :**

✓ કેન્દ્ર સરકારની ગાઇડલાઇન અનુસાર ૧ માર્ચથી ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ના સમયગાળા માટે નક્કી કરાયેલા લોન એકાઉન્ટના લોનધારકોને આ યોજનાનો લાભ અપાશે.

- ✓ મંજૂર કરાયેલી લિમિટ અને રૂપિયા ૨ કરોડથી ઓછી આઉટ સ્ટેન્ડિંગ લિમિટ ધરાવતા લોન એકાઉન્ટ ધરાવતા લોનધારકોને લાભ મળશે
- ✓ પરંતુ તે માટે તેમનું લોન એકાઉન્ટ ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ લાભ મેળવવાની શરતો માટે યોગ્ય હોવું જોઈશે.
- ✓ તા. ૨૯ ફેબ્રુઆરીના રોજ જે લોન એકાઉન્ટ એનપીએ જાહેર થયેલું નહીં હોય તેને વ્યાજમાફીનો લાભ અપાશે.
- ✓ વ્યાજમાફી યોજના અંતર્ગત ધિરાણ સંસ્થાઓ તા.૨૭ માર્ચ ૨૦૨૦ના રોજ ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા જાહેર કરાયેલ લોનની પુનઃચુકવણી માટેના મોરેટોરિયમનો લાભ લીધો હોય કે નહીં તેને ધ્યાનમાં લીધા વિના ૧ માર્ચથી ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ના સમયગાળા માટે યોગ્ય લોનધારકોના સંબંધિત લોન ખાતાઓમાં સાદા વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજનો તફાવત જમા કરાવશે. વ્યાજમાફીનો આ લાભ ધિરાણસંસ્થાઓના માધ્યમથી અપાશે.

## કોને સરકારની વ્યાજમાફી યોજનાનો લાભ મળશે

1. રૂપિયા બે કરોડની લોન લેનાર લોનધારકને
2. ડયૂ ધરાવતા ક્રેડિટ કાર્ડ ધારકને
3. ૨૯ ફેબ્રુ. ૨૦૨૦ના રોજ લોન એકાઉન્ટ એનપીએ ન હોવું જોઈએ
4. મોરેટોરિયમનો લાભ ન લેનારને પણ વ્યાજમાફીનો લાભ

## વ્યાજ માફીમાં કોને આવરી લેવાયાં :

1. હાઉસિંગ લોન
2. એજ્યુકેશન લોન
3. ક્રેડિટ કાર્ડની બાકી રકમ
4. ઓટોમોબાઇલ લોન
5. એમએસએમઇ લોન
6. કન્ઝયુમર ડયૂરેબલ લોન
7. કન્ઝમ્પશન લોન
8. પર્સનલ-પ્રોફેશનલ લોન

## સરકારની વ્યાજમાફી યોજનાની હાઇલાઇટ્સ

- ✓ સરકારી બેન્કો, બેન્કિંગ કંપની, સહકારી બેન્ક, પ્રાદેશિક ગ્રામીણ બેન્ક, ફાઇનાન્શિયલ સંસ્થા, નોન ફાઇનાન્શિયલ સંસ્થા, હાઉસિંગ ફાઇનાન્સ કંપની અને માઇક્રો ફાઇનાન્સ કંપની દ્વારા લાભ અપાશે
- ✓ તમામ પ્રકારની લોનના કિસ્સામાં વ્યાજનો દર લોન એગ્રીમેન્ટ પ્રમાણે રહેશે
- ✓ ક્રેડિટ કાર્ડની બાકી રકમના કિસ્સામાં વ્યાજદર વેઇટેડ એવરેજ લેન્ડિંગ રેટ (WALR)ના આધારે નક્કી કરાશે
- ✓ વ્યાજમાફી યોજનાની નોડલ એજન્સી તરીકે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા કામ કરશે અને દાવાઓની રકમ સરકાર પાસેથી મેળવશે
- ✓ કોઈપણ ફરિયાદનો નિકાલ એસબીઆઇ દ્વારા નિયુક્ત સમિતિ નાણામંત્રાલય સાથે મળીને કરશે.

- ✓ ધિરાણકર્તા સંસ્થાએ લોનધારકના ખાતામાં વ્યાજનો તફાવત પાંચ નવેમ્બર સુધીમાં જમા કરાવી દેવાનો રહેશે.
- ✓ વ્યાજમાફીનો આ બોજો કેન્દ્ર સરકાર ઉઠાવશે. ધિરાણ સંસ્થાઓ ૧૫ ડિસેમ્બર સુધીમાં સરકાર પાસે વળતરનો દાવો કરી શકશે.
- ✓ જે લોનધારકોએ રૂપિયા બે કરોડથી વધુની લોન લીધી હશે તેમને વ્યાજમાફીનો લાભ અપાશે નહીં.
- ✓ **અંદાજે રૂપિયા ૬૫૦૦ કરોડનો બોજો**
- ✓ **સંસ્થા : ડિપાર્ટમેન્ટ ઓફ ફાઇનાન્સિયલ સર્વિસિઝ, નાણા મંત્રાલય**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૩. જાહેરાત : ગુજરાત સરકાર

## કેન્દ્રની આયુષ્યમાન ભારત યોજના હેઠળ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે મા અને મા વાત્સલ્ય કાર્ડ યોજનાનું એકત્રિકરણ (આરોગ્ય-વહીવટ)




**મા યોજના અને મા વાત્સલ્ય યોજના અંગે**




- ✓ અત્યાર સુધી ચાર કરોડ લોકોને આવરી લેવાયા. રાજ્યમાં મા અને મા વાત્સલ્ય કાર્ડ યોજના અંતર્ગત દર્દીઓને ગંભીર રોગની સારવાર મફત મળતી હતી, પરંતુ હવે દર્દીઓને ગંભીર રોગોની સારવારમાં સરળીકરણ રહે અને વધુ રોગોની સારવારને આવરી લેવાય તે માટે બંને કાર્ડને આયુષ્યમાન ભારત કાર્ડ સાથે જોડાયા છે.
- ✓ આ કાર્ડ સાથે આધાર કાર્ડ લઇને જનાર દર્દીઓને નિયત કરેલી હોસ્પિટલમાં રૂપિયા પાંચ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે મળશે.
- ✓ આ ત્રણ પૈકી કોઇપણ યોજનાનું કાર્ડ હશે તે લાભાર્થીને એકસરખો રૂ. ૫ લાખ સુધીની વિનામૂલ્ય સારવાનો લાભ મળશે.
- ✓ આરોગ્ય મંત્રી : શ્રી નીતિનભાઇ પટેલ
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૪. સિદ્ધિ : ખેલકૂદ

## ડાંગ એક્સપ્રેસ દોડવીર સરિતા ગાયકવાડની ગુજરાત પોલીસમાં નાયબ પોલીસ અધિક્ષક-Dysp તરીકે સીધી નિમણૂક




- ✓ સરિતાને ૧૫ મહિનાની તાલીમ અપાશે

**કારકિર્દી :**

- ✓ ૧૮મી એશિયન ગેમ્સની ૪×૪૦૦ મીટર રિલે દોડમાં મેડલ વિજેતા
- ✓ વન પ્રદેશ ડાંગ જિલ્લા પૂર્વપટ્ટીના કરાડી આંબા ગામની ગરીબ પરિવારમાં જન્મ લેનાર સરિતા ગાયકવાડ મતલબ ભારતની ગોલ્ડન ગર્લ ડાંગ એક્સપ્રેસ એક સામાન્ય પરિવારથી ભારતને ગોલ્ડ અપાવવાની લાંબી સફર કરી હવે ગુજરાતની કાયદો વ્યવસ્થાને મજબુત બનાવવાના સફર શરૂ કરશે.
- ✓ ગૃહ વિભાગ, ગુજરાત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. સુપ્રીમ કોર્ટ : નિશ્ચિત સમયમાં ચાર્જશીટ ન થાય તો આરોપીને જામીન મેળવવાનો મૂળભૂત અધિકાર (કાયદો)



**ચુકાદાના મહત્વના તથ્યો :**

- ✓ CRPCની કલમ ૧૬૭ મુજબ આરોપીને કરવામાં આવનાર સજા ૧૦ વર્ષની હોય કે આજીવન કેદની હોય તો તપાસ સંસ્થાએ ૯૦ દિવસમાં ચાર્જશીટ ફાઈલ કરવી પડશે જ્યારે કેદની સજાનો ગાળો ૧૦ વર્ષથી ઓછો હોય તો ૬૦ દિવસમાં ચાર્જશીટ ફાઈલ કરવી પડશે.
- ✓ ચાર્જશીટ ફાઈલ કરવામાં આવ્યા પહેલાં ૯૦ દિવસનો સમયગાળો પૂરો થયા પછી જો ડિફોલ્ટ જામીન માટેની અરજી કરવામાં આવી હોય તો તેવા સંજોગોમાં ડિફોલ્ટ જામીનનાં અધિકાર પૂરા થઈ જાય છે.

### સ્પેશિયલ કાયદા હેઠળ ૧૮૦ દિવસમાં ચાર્જશીટ થઇ શકે

- ✓ UAPA જેવા સ્પેશિયલ કાયદા હેઠળનાં કેસમાં તપાસ સંસ્થા દ્વારા ચાર્જશીટ ફાઈલ

કરવાનો સમયગાળો ૧૮૦ દિવસ સુધી લંબાવી શકાય છે.

- ✓ આવા સંજોગોમાં જો નક્કી કરેલી મુદતમાં તપાસ સંસ્થા ચાર્જશીટ ફાઈલ ન કરે તો આરોપી ડિફોલ્ટ જામીન મેળવવાને પાત્ર છે.
- ✓ કોર્ટે આ સંદર્ભમાં હત્યાનાં આરોપી બિક્રમસિંહનાં જામીન ફગાવતા પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટનાં આદેશને પડકારતી અપીલને માન્ય રાખી હતી.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૬. કોરોના રસી વિતરણ અંગે નવીન વૈશ્વિક પહેલ (આરોગ્ય)

**કોવાક્સ : ભેદભાવ વિના કોરોનાની રસી તમામ માટે ઉપલબ્ધ કરાવવા ભારત સહિત ૧૮૪ દેશોનું જોડાણ**




- ✓ કોવાક્સ : કોવિડ-૧૯ વેક્સિન્સ ગ્લોબલ એક્સપ્રેસ ફેસિલિટી

### કોવાક્સની રચના કોણે કરી?

- ✓ વિશ્વ આરોગ્ય સંગઠન, ગાવી અને સીઈપીઆઈ નામની સંસ્થાઓએ કોરોનાની રસી તમામ લોકો માટે ઉપલબ્ધ કરાવવા સંયુક્ત રીતે એક યોજના તૈયાર કરી.
- ✓ આ યોજનાને કોવાક્સનું નામ આપવામાં આવ્યું છે. જેનું પૂરું નામ કોવિડ-૧૯ વેક્સિન્સ ગ્લોબલ એક્સેસ ફેસિલિટી છે.
- ✓ વિશ્વ આરોગ્ય સંગઠનનું કહેવું છે કે, તમામ લોકો માટે રસી ઉપલબ્ધ કરાવવાથી આરોગ્ય વ્યવસ્થાને સ્થિર કરવામાં મદદ મળશે. જેનાથી એકંદરે વૈશ્વિક સ્તરે અર્થતંત્રને ફરી મજબૂત કરવાના પ્રયાસોમાં સહાય મળશે.
- ✓ કોવાક્સમાં જોડાનારા નવા દેશોમાં એક્વાડોર અને ઉરુગ્વે સામેલ.

### કેવી રીતે કામ કરે છે ?

- ✓ કોવાક્સ નવી રસી માટે રોકાણ કરીને તેમજ ફાર્માસ્યુટિકલ કંપનીઓ સાથે કિંમતોમાં વાટાઘાટો કરીને નવી રસીના સંશોધન અને વિકાસમાં સહાયરૂપ થાય છે.
- ✓ **૨૦૨૧ના અંત સુધીમાં બે અબજ ડોઝ તૈયાર કરીને લોકો માટે ઉપલબ્ધ કરાવવાનો કોવાક્સનો લક્ષ્યાંક છે.**
- ✓ આ રીતે મોટી સંખ્યામાં દેશોમાંથી એકત્રિત ભંડોળથી રસીના ઉત્પાદનની શરૂઆતમાં થતા ખર્ચને પહોંચી વળવામાં રસીના ઉત્પાદકોને મદદ મળે છે.
- ✓ તમામ સંશાધનોને એકત્રિત કરવાથી રસી ઝડપથી તૈયાર કરવાનો ઉદ્દેશ રહેલો છે.

### કોવાક્સમાં ભારતીય કંપનીઓનું યોગદાન

- ✓ કોવાક્સમાં ભારતીય ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓનું પણ નોંધપાત્ર યોગદાન છે.
- ✓ કોવાક્સ હેઠળ ભારતીય કંપની હિન્દુસ્તાન સીરિન્જીસ એન્ડ મેડિકલ ડિવાઇસીસ લિમિટેડને ૧૪ કરોડ ઓટો ડિસ્પોઝેબલ સીરિન્જનો ઓર્ડર આપવામાં આવ્યો હતો.
- ✓ જેમાંથી અત્યાર સુધીમાં ૫.૬૦ કરોડ સીરિન્જ પહેલાંથી જ મોકલી દેવામાં આવી
- ✓ કોવાક્સ હેઠળ પૂણે સ્થિત સિરમ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા દ્વારા એની રસીનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.
- ✓ આ કંપનીએ જણાવ્યું હતું કે, એ રસીનો વધુ ૧૦ કરોડ ડોઝ તૈયાર કરશે. આ સાથે જ આ કંપની દ્વારા કુલ ૨૦ કરોડ ડોઝ તૈયાર કરાશે. એક ડોઝની કિંમત ત્રણ ડોલર રહેશે.

**૨ અબજ ડોલરના લક્ષ્યાંક સામે માત્ર ૭૦ કરોડ ડોલર એકત્રિત થઈ શક્યા**

- ✓ કોવાક્સ માટે શરૂઆતમાં બે અબજ ડોલરનું ભંડોળ ઊભું કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. જોકે, એની સામે માત્ર ૭૦ કરોડ ડોલર જ એકત્રિત થઈ શક્યા છે.
- ✓ જેમાં સરકારો સિવાય ખાનગી ક્ષેત્રોમાંથી પણ મેળવવામાં આવેલું ભંડોળ સામેલ છે.
- ✓ કોવાક્સમાં હજી સુધી અમેરિકા, રશિયા, બેલારૂસ, કર્ગીસ્તાન, મલેશિયા તેમજ અન્ય કેટલાક નાના દેશો જોડાયા નથી.
- ✓ જેના લીધે વધુ ભંડોળ એકત્ર કરવાના પ્રયાસો પર અસર થઈ રહી છે.

**યુરોપ સહાયમાં અગ્રેસર**

- ✓ અમેરિકા કોવાક્સમાંથી નીકળી ગયા બાદ યુરોપિયન યુનિયન દેશો આ પહેલમાં અગ્રેસર રહ્યા છે.
- ✓ યુરોપિયન યુનિયન દેશોએ આ પહેલ માટે ૧૬ અબજ યૂરોનું ભંડોળ ફાળવ્યું છે.
- ✓ કોવાક્સમાં સામેલ હોવા છતાં ફ્રાન્સ અને જર્મનીએ તેમના દેશોના લોકો માટે રસી મેળવવા કેટલીક ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓની સાથે જોડાણ કર્યું છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૭. જન્મ દિન વિશેષ : ૨૪ ઓક્ટોબર

## મહારાજા : ગોંડલ નરેશ ભગવતસિંહ




**જન્મ : ૨૪ ઓક્ટોબર ૧૮૬૫**

**અવસાન : ૯ માર્ચ ૧૯૪૪**

- ✓ મહારાજા ભગવતસિંહજી સંગ્રામસિંહજી જાડેજા (ગોંડલના બાપુ)
- ✓ જન્મ : ૨૪ ઓક્ટોબર-૧૮૬૫,
- ✓ કારતક સુદ પાંચમ ધોરાજી
- ✓ અવસાન - ૯ માર્ચ ૧૯૪૪
- ✓ ઉપનામ :– ગોંડલ બાપુ
- ✓ માતા :– મોંઘીબા

- ✓ પિતા :– સંગ્રામસિંહ ભાણજી જાડેજા

<u>રાજ્યાભિષેક:–</u>

- ✓ ૨૫ ઓગસ્ટ ૧૮૬૯માં પિતા સંગ્રામજી બાપુનું અવસાન થતા ગોંડલની ગાદી પર બેઠા અને ત્યારબાદ ઈ.સ. ૧૮૮૪માં ગોંડલની સ્વતંત્ર સત્તા સંભાળી.

<u>અભ્યાસ :-</u>

- ✓ નવ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૮૭૫માં રાજકુમાર કોલેજમાં અભ્યાસ માટે દાખલ થયા.
- ✓ ૧૮૮૭–સ્કોટલેન્ડની એડિનબરો યુનિ.માંથી એલ.એલ.ડી (ડોકટરી અભ્યાસ)
- ✓ ૧૮૯૦–એડિનબરોમાંથી એમ.બી.સી.એમ અને એમ.આર.સી.પી.

<u>વ્યવસાય : રાજકર્તા</u>

- ✓ ૧૮૮૭માં સૌપ્રથમ ટેલીફોન લાઈન (દરબારગઢ થી હજૂર બંગલો) શરૂ કરી.
- ✓ ૧૮૯૫માં ફર્ગ્યુસન કોલેજ, પૂનાને દાન આપી ગોંડલ રાજ્યની સીટો ભવિષ્ય માટે રીઝર્વ કરાવી તથા ઓક્સફર્ડ યુનિવર્સીટીને પણ દાન આપ્યું.
- ✓ ૧૯૦૦માં ગોંડલ ગરાસીયા કોલેજની સ્થાપના કરી જે હાલ સંગ્રામજી હાઇસ્કુલ તરીકે ઓળખાય છે.
- ✓ ૧૯૧૯માં મફત અને ફરજીયાત શિક્ષણની શરૂઆત કરાવી.
- ✓ ૧૯૨૪માં ગોંડલમાં ઈલેક્ટ્રીસીટીનો પ્રારંભ કર્યો.
- ✓ ૧૯૩૪માં ગોંડલ કોઈપણ કરવેરા રહિતનું રાજ્ય બનાવ્યું.

<u>લોકોપયોગી કાર્યો –</u>

- ✓ પુલો, નિશાળો, રસ્તા, ધોરાજી અને ઉપલેટામાં જળી, ટ્રામની સગવડ; ગોંડલ, ધોરાજી અને ઉપલેટા દેશનાં શ્રેષ્ઠ શહેરો ગણાયા.
- ✓ ગોંડલ અને મોવિયા ગામને સાત ટાંકીમાંથી શુદ્ધ પાણી, ગોંડલમાં તે જમાનામાં અન્ડર ગ્રાઉન્ડ ગટર વ્યવસ્થા, અન્ડર ગ્રાઉન્ડ વીજળીનું પ્લાનીંગ અને રાજ્યનાં તમામ ગામડાંઓ ગોંડલ સાથે ટેલિફોનથી જોડાયેલાં હતાં,
- ✓ ૧૯૩૬માં વાઇસરોય લોર્ડ વિલિંગટનની ગોંડલ રાજ્ય ની મુલાકાત.

<u>વિશેષ પ્રદાન :-</u>

<u>વૃક્ષપ્રેમ</u>

- ✓ ગોંડલ સ્ટેટના રસ્તાઓની બંને બાજુએ અસંખ્ય વૃક્ષો વવડાવ્યાં હતાં,

<u>પુસ્તક પ્રકાશન</u>

- ✓ ૧૯૨૮માં કે.કા. શાસ્ત્રી અને અન્ય વિદ્વાનોને રાજ્યાશ્રય આપીને કોઇ પણ ભારતીય ભાષામાં ન હોય તેવા ભગવદ્ગોમંડલના કુલ નવ દળદાર ગ્રંથોના ૯૮૭૦ જેટલા વિશાળ પૃષ્ઠોમાં વિશ્વકોશ જેવી કક્ષાની ભારતીય સંસ્કૃતિની માહિતીનો સંગ્રહ.

<u>સન્માન :-</u>

- ✓ ૧૮૯૭માં મહારાણી વિક્ટોરિયાની ડાયમંડ જ્યુબિલીમાં કાઠીયાવાડના રાજાઓના પ્રતિનિધિતરીકે હાજરી અને GCIEનો ઇલકાબ

✓ ૧૯૧૫માં ૨૭ જન્યુઆરીમાં મહારાજાની હાજરીમાં ગોંડલ ખાતે રસશાળા ઔશધાલયમાં રાજવૈધ જીવનરામ કાલિદાસ શાસ્ત્રી અને આચાર્ય ચરણતીર્થ મહારાજ (ભુવનેશ્વરી પીઠ) દ્વારા ગાંધીજીને મહાત્માની પદવીથી નવાજ્યા હતા.

✓ ૧૯૩૪માં તેમના રાજ્યકાલના પચાસ વર્ષ પૂરા થતાં, પ્રજાએ પોતાના ખર્ચે તેમની સુવર્ણતુલા કરી, સોનું એકઠું કર્યું હતું જે જાહેર કામો માટે વાપરવામાં આવ્યું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

............જય હિન્દ............

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૧૦-૨૦૨૦)

1. તાજેતરમાં તારીખ 24 ઓક્ટોબર 2020ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગુજરાતમાં કઈ ત્રણ યોજનાઓનું ડિજિટલ ઇ-લોકાર્પણ કરાયું - **1.કિસાન સૂર્યોદય યોજના 2.વિશ્વનો સૌથી મોટો ગિરનાર ટેમ્પલ રોપ વે અને 3.ભારતની સૌથી મોટી હૃદય રોગ હોસ્પિટલ- અમદાવાદ**
2. કિસાન સૂર્યોદય યોજનામાં પ્રથમ તબક્કામાં કેટલાક ગામોને સમાવી લેવામાં આવ્યા છે - **1055**
3. કિસાન સૂર્યોદય યોજનામાં પ્રથમ તબક્કામાં કયા કયા જિલ્લા આવરી લેવાયા - **જુનાગઢ, ગીર સોમનાથ, પાટણ અને દાહોદ**
4. ગુજરાતના ખેડૂતોને સિંચાઈ માટે દિવસે વીજળી આપવા તાજેતરમાં કઈ યોજનાનો પ્રારંભ કરાયો - **કિસાન સૂર્યોદય યોજના**
5. કિસાન સૂર્યોદય યોજના માટે ગુજરાત સરકારે ત્રણ વર્ષ માટે કુલ કેટલી રકમ ફાળવી છે - **રૂ. 3500 કરોડ**
6. વિશ્વના સૌથી મોટા ગિરનાર ટેમ્પલ રોપ-વેની લંબાઈ જણાવો - **2320 મીટર**
7. વિશ્વના સૌથી મોટા ગિરનાર ટેમ્પલ રોપ-વેની ઊંચાઇ જણાવો - **900 મીટર**
8. ભારતની સૌથી મોટી હૃદયરોગ હોસ્પિટલ કયા કેમ્પસમાં કેટલાના ખર્ચે તૈયાર કરવામાં આવી છે - **સિવિલ હોસ્પિટલ અમદાવાદ અને રૂ. 470 કરોડ**
9. ભારતની સૌથી મોટી હૃદય રોગ હોસ્પિટલ અમદાવાદમાં હાલમાં કેટલા બેડની સુવિધા ઉપલબ્ધ કરાવી છે – **450 (આગામી સમયમાં 1251 કરાશે)**
10. કેન્દ્રના નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં કેટલા કરોડ સુધીની લોનના વ્યાજનું વ્યાજ માફ કરવાનો નિર્ણય કરાયો છે - **રૂ. બે કરોડ**
11. કેન્દ્રના નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં લોનના વ્યાજનું વ્યાજ માફ કરવાનો નિર્ણય કરાયો છે તેમાં કયા સમયગાળા માટે લોન ધારકોને આ લાભ આપવામાં આવશે - **તા. 1 માર્ચથી 31 ઓગસ્ટ 2020**
12. કેન્દ્રના નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં લોનના વ્યાજનું વ્યાજ માફ કરવાનો નિર્ણય કરાયો છે તેમાં કોને કોને આ યોજનાનો લાભ મળશે– **લોકડાઉન બાદ લોનધારકો માટે જાહેર કરાયેલા મોરેટોરિયમનો લાભ લેનાર અને નહીં લેનાર તમામ લોનધારકો**
13. કેન્દ્રના નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં લોનના વ્યાજનું વ્યાજ માફ કરવાનો નિર્ણય કરાયો છે તેમાં કઈ કઈ પ્રકારની લોન સમાવી લેવામાં આવી છે - **હાઉસિંગ લોન, એજ્યુકેશન લોન, ક્રેડિટ કાર્ડની બાકી રકમ, ઓટોમોબાઇલ લોન, એમએસએમઇ લોન, કન્ઝયુમર ડયૂરેબલ લોન, કન્ઝમ્પશન લોન, પર્સનલ-પ્રોફેશનલ લોન**
14. તાજેતર ઓકટોબર-૨૦૨૦માં ગુજરાત સરકાર દ્વારા કેન્દ્રની કઈ યોજના હેઠળ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે મા અને મા વાત્સલ્ય કાર્ડ યોજનાનું એકત્રિકરણ કરાયુ - **આયુષ્યમાન ભારત**
15. રાજ્યમાં આયુષ્યમાન ભારત કાર્ડ સાથે આધાર કાર્ડ લઇને જનાર દર્દીઓને નિયત કરેલી હોસ્પિટલમાં કેટલા રૂપિયા સુધીની સારવાર વિનામૂલ્યે મળશે - **રૂ. ૫ લાખ**
- ✓ "આત્મનિર્ભર ભારત" અંતર્ગત "સિક્યોર એપ્લીકેશન ફોર ઇન્ટરનેટ" (એસએઆઈ) નામની સરળ અને સુરક્ષિત મેસેજિંગ એપ વિકસાવાઈ.

✓ તેના દ્વારા જવાનો સુરક્ષિત વોઇસ, ટેકસ્ટ અને વીડિયો કૉલિંગ કરી શકશે.




✓ SAI : સિક્યોર એપ્લિકેશન ફોર ઈન્ટરનેટ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. નિધન : ભાજપના ભિષ્મ પિતામહ અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલનું ૯૨ વર્ષે ગાંધીનગર ખાતે નિધન

✓ ઉપનામ : બાપા

✓ ગુજરાતમાં RSSના પાયાના કાર્યકર તરીકે તેમનું મહત્વનું પ્રદાન

✓ જન્મ : તા. ૨૪-૦૭-૧૯૨૮

✓ અવસાન : તા. ૨૯-૧૦-૨૦૨૦




**રાજકીય કારકિર્દી :**

**ગુજરાતના બે વાર મુખ્યમંત્રી બનેલા અને આજના ભાજપ તથા જૂના જનસંઘના સ્થાપક એવા કેશુભાઈ સવદાસ પટેલના ૯૨ વર્ષના સુદીર્ઘ જીવનની તવારીખ :**

✓ ૨૪ જુલાઈ, ૧૯૨૮ના રોજ જૂનાગઢ જિલ્લાના વિસાવદર ખાતે સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મ.

✓ પરિવાર મૂળે ખેડા જિલ્લાના દેસાઈ વગાનો, બાદમાં એમનો પરિવાર જૂનાગઢમાં સ્થાયી થયો, કેશુભાઈએ સૌરાષ્ટ્રને કર્મભૂમિ બનાવી.

✓ ૧૯૫૨માં ભારતીય જનસંઘની સ્થાપનાકાળથી સભ્ય રહ્યાં, ૧૯૮૦માં જનસંઘ મટીને ભારતીય જનતા પાર્ટીની ગુજરાતમાં સ્થાપના થઈ ત્યારે તેના સ્થાપક પ્રમુખ બન્યાં.

✓ વિસાવદર, મોરબી, કાલાવડ અને ગોંડલથી ધારાસભ્ય રહ્યાં.

✓ ૧૯૭૫થી ૧૯૭૭ સુધીમાં બાબુભાઈ જશભાઈ પટેલની જનતા મોરચા સરકાર રહી, એમાં સૌ પ્રથમ વખત સિંચાઈમંત્રી રહ્યાં.

✓ તેઓએ ૧૯૯૦માં ચીમનભાઈ પટેલની જનતાદળ-ભાજપની સંયુક્ત સરકારમાં નાયબ મુખ્યમંત્રીપદ સંભાળ્યું હતું.

✓ તેઓ બે વાર મુખ્યમંત્રીપદે રહ્યાં. પ્રથમવાર માર્ચ ૧૯૯૫ થી ઓક્ટોબર ૧૯૯૫.

✓ પહેલી સરકાર લગભગ ૬ મહિના ચાલી.

✓ માર્ચ ૧૯૯૮માં બીજીવાર મુખ્યમંત્રી બન્યાં, જે કાળ લગભગ ત્રણ વર્ષ સુધી એટલે કે ઓક્ટોબર-૨૦૦૧ સુધી ચાલ્યો.

- ✓ એમના નેતૃત્વ હેઠળ ૧૯૯૮માં ભાજપને વિધાનસભામાં ૧૨૧ બેઠકો મળી અને એટલી બેઠકો ભાજપને આજ સુધી ક્યારેય મળી નથી. ૧૯૯૫માં ભાજપને ૧૧૯ બેઠકો મળી હતી.
- ✓ ૨૦૦૪માં તેઓ રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા.
- ✓ ૧૯૯૦થી તેઓએ ૧૯૯૮ સુધી ધારાસભ્ય તરીકે વિસાવદર વિધાનસભા બેઠકનું પ્રતિનિધિત્વ કર્યું.
- ✓ ૨૦૧૨માં તેઓ ગુજરાત પરિવર્તન પાર્ટીમાં જોડાયા અને ૬ માસ બાદ આવેલી વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં વિસાવદરથી લડી ધારાસભ્ય બન્યાં, એ વખતે જીપીપીને માત્ર બે જ સીટ આવી હતી. જો કે અધવચ્ચે જ એમણે ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતું.
- ✓ ઓક્ટોબર, ૨૦૦૧માં શ્રી કેશુબાપાને સ્થાને શ્રી નરેન્દ્ર મોદીને મુખ્યમંત્રીની ધુરા સોંપવામાં આવી હતી.
- ✓ તેમના મુખ્યમંત્રીના કાર્યકાળમાં 'ગોકુળ ગામ' યોજનાનો પ્રારંભ થયો હતો
- ✓ ગુજરાતનું પ્રથમ ગોકુળિયુ ગામ : રાયસણ-ગાંધીનગર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

…………જય હિન્દ…………

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૧૦-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતના નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે કોની નિમણૂક કરાઈ - **યશવર્ધન સિન્હા**
2. તાજેતરમાં ભારતના નવા માહિતી કમિશનર તરીકે કયા વરિષ્ઠ પત્રકારની નિમણૂક કરાઈ -**ઉદય માહુરકર**
3. CICનું વિસ્તૃત નામ જણાવો - **ચીફ ઇન્ફોર્મેશન કમિશન/કમિશનર**
4. ભારતમાં આર.ટી.આઈ.નો અમલ ક્યારે થયો હતો - **12 ઓક્ટોબર 2005**
5. ભારતમાં સૌ પ્રથમવાર કયા શહેરમાં હવા પ્રદૂષણ અટકાવવા તાજેતરમાં રાષ્ટ્રપતિ દ્વારા વટહુકમ બહાર પડાયો - **નવી દિલ્હી**
6. તાજેતરની જોગવાઈ મુજબ નવી દિલ્હીમાં હવામાં પ્રદૂષણ ફેલાવનારને કેટલા વર્ષની કેદ અને દંડની સુધીની જોગવાઇ કરાઇ છે - **પાંચ વર્ષ અને રૂપિયા 1 કરોડ સુધીનો દંડ**
7. કેન્દ્ર સરકારે પ્રથમ વાર એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એક્ટ 1986 અંતર્ગત ધારાકીય પંચની રચના કરવાની મંજૂરી આપી છે તેમાં કેટલા સભ્યો રહેશે - **18**
8. નવી દિલ્હીમાં પ્રદૂષણ અટકાવવા બહાર પાડવામાં આવેલા નવા વટહુકમ કયા વિસ્તાર સમાવી લેવામાં આવ્યા છે - **પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તાર**
9. દેશનું કયુ રાજ્ય વીજ ગ્રાહકોને 24 X 7 વીજ પુરવઠો પૂરો પાડવામાં અગ્રેસર છે - **ગુજરાત**
10. ઓક્ટોબર-૨૦૨૦માં કોના દ્વારા સંયુક્ત રીતે સ્માર્ટ પાવર ઇન્ડિયા ઇલેક્ટ્રિસિટી એક્સસે એન્ડ બેંચ માર્કિંગ ઓફ ડિસ્ટ્રીબ્યુશન યુટિલિટીઝ પર ૧૦ રાજ્યમાં અભ્યાસ હાથ ધરાયો હતો - **નીતિ આયોગ અને રોકફેલર ફાઉન્ડેશન**
11. ઓક્ટોબર-૨૦૨૦માં ભારતીય સૈન્યએ સરળ અને સુરક્ષિત કઈ મેસેજિંગ એપ વિકસાવી - **SAI**
12. ભારતીય સૈન્ય દ્વારા વકસિત મેસેજિંગ એપ SAIનું વિસ્તૃત નામ જણાવો - **સિક્યોર એપ્લિકેશન ફોર ઈન્ટરનેટ**
13. તા. ૨૯મી ઓક્ટોબર-૨૦૨૦ના રોજ ગુજરાતના કયા પૂર્વ મુખ્યમંત્રીનું ૯૨ વર્ષે ગાંધીનગર ખાતે અવસાન થયુ – **શ્રી કેશુભાઈ પટેલ**

14. કોણ ગુજરાત ભાજપના ભિષ્મ પિતામહ તરીકે ઓળખાય છે – **શ્રી કેશુભાઈ પટેલ**
15. ગુજરાના પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલનું ઉપનામ જણાવો - **બાપા**
16. શ્રી કેશુભાઈ પટેલનો જન્મ કયાં-ક્યારે થયો હતો – **વિસાવદર, જિ. જૂનાગઢ તથા તા. ૨૪-૦૭-૧૯૨૮**
17. શ્રી કેશુભાઈ પટેલ કયારથી ભારતીય જનસંઘના સભ્ય બન્યા હતા - **૧૯૫૨માં ભારતીય જનસંઘની સ્થાપનાકાળથી**
18. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના સ્થાપક પ્રમુખ કોણ હતા - **શ્રી કેશુભાઈ પટેલ**
19. પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ કયા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે - **વિસાવદર, મોરબી, કાલાવડ અને ગોંડલ**
20. શ્રી કેશુભાઈ પટેલ સૌપ્રથમ વખત કયારે-કયા મંત્રી બન્યા હતા – **વર્ષ ૧૯૭૫થી ૧૯૭૭ સુધીમાં બાબુભાઈ જશભાઈ પટેલની જનતા મોરચા સરકારમાં સિંચાઈ મંત્રી**
21. શ્રી કેશુભાઈ પટેલે કયારે-કોની સરકારમાં નાયબ મુખ્યમંત્રીપદ સંભાળ્યું હતું - **૧૯૯૦માં ચીમનભાઈ પટેલની જનતાદળ-ભાજપની સંયુક્ત સરકારમાં**
22. શ્રી કેશુભાઈ પટેલ કેટલી વાર-ક્યારે મુખ્યમંત્રીપદે રહ્યાં હતા – **બે વાર તથા પ્રથમવાર માર્ચ ૧૯૯૫ થી ઓક્ટોબર ૧૯૯૫ તેમજ માર્ચ ૧૯૯૮માં બીજીવાર મુખ્યમંત્રી બન્યાં**
23. શ્રી કેશુભાઈ પટેલના નેતૃત્ત્વ હેઠળ ૧૯૯૮માં ભાજપને વિધાનસભામાં કેટલી બેઠકો મળી હતી જે આજ સુધી ક્યારેય ભાજપને મળી નથી – **૧૨૧**
24. શ્રી કેશુભાઈ પટેલ કયા વર્ષે રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા - **૨૦૦૪**
25. વર્ષ-૨૦૧૨માં શ્રી કેશુભાઈ પટેલ કઈ પાર્ટીમાં જોડાયા હતા - **ગુજરાત પરિવર્તન પાર્ટી**
26. શ્રી કેશુભાઈ પટેલના મુખ્યમંત્રીના કાર્યકાળમાં કઈ મહત્વપૂર્ણ યોજનાનો પ્રારંભ થયો હતો - **'ગોકુળ ગામ'**
27. ગુજરાતનું પ્રથમ ગોકુળિયુ ગામ કયુ છે - **રાયસણ-ગાંધીનગર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**




### ૧.સ્ટેચ્યૂ ઓફ યુનિટી-SOU-કેવડિયા : મંત્ર:એક ભારત, શ્રેષ્ઠ ભારત (પ્રવાસન)

- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તા. 30 અને ૩૧મી ઓકટોબર-૨૦૨૦ બે દિવસના ગુજરાત પ્રવાસે
- ✓ તા. 30મી ઓકટોબર-૨૦૨૦ના રોજ કેવડિયા ખાતે વડાપ્રધાનશ્રીના હસ્તે કુલ એક હજાર કરોડથી વધુના વિવિધ ૧૧ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ૪ નવા પ્રોજેક્ટનો શિલાન્યાસ




- ✓ આ ઉદઘાટન પ્રસંગે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ખાસ ઉપસ્થિતિ
- ✓ કેવડિયા એટલે : ઈતિહાસ, વિકાસ, કુદરત, પર્યાવરણ અને પ્રવાસનનો અદભૂત સંગમ

**નવા પ્રવાસન આકર્ષણો :**

**(૧) યુનિટી ગ્લો ગાર્ડન :-**




ગ્લો ગાર્ડન

- ✓ પ્રવાસીઓને રોમાંચ, ઉત્તેજના અને આનંદ થાય તેવો ખાસ થીમ સાથેનો યુનિટી ગ્લો ગાર્ડન અહિં આકર્ષણનું કેન્દ્ર બને તેવો છે. આ પ્રકારનો દેશમાં સૌ પ્રથમ ગાર્ડન છે.
- ✓ ૩.૬૧ એકરમાં પથરાયેલા આ વિશાળ ગાર્ડનમાં LED લાઈટથી ઝગમગતાં પ્રાણીઓની પ્રતિકૃતિ, વૃક્ષો અને કુવારાઓ પ્રવાસીઓને મંત્ર મુગ્ધ કરી દે છે.

✓ કેવડિયા ખાતે મુલાકાત કરનાર પ્રવાસીઓને રાત્રે આ વિશિષ્ટ પ્રકારના ગાર્ડન જેમાં ઝળહળતી રોશનીની હારમાળાઓ અવિસ્મરણીય અનુભવ કરાવશે.

**(૨) એકતા ક્રૂઝ (ફેરી બોટ) :-**



એકતા ક્રૂઝ (ફેરી બોટ)

✓ પ્રવાસીઓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે આવે ત્યારે નર્મદા નદીમાં બોટીંગ દ્વારા સાતપુડા તથા વિધ્યાંચળ પર્વતમાળાની હરિયાળીનો આનંદ મળે તે હેતુથી ફેરી બોટ સર્વિસ - એકતા ક્રૂઝ પ્રોજેકટ કરવામાં આવ્યો છે.

✓ એકતા ક્રૂઝ દ્વારા પ્રવાસીઓ ૬ કિ.મી. સુધી અને ૪૦ મિનીટ બોટીંગનો આહલાદક આનંદ મેળવી શકે છે.

✓ એકતા ક્રૂઝની લંબાઈ ૨૬ મીટર અને પહોળાઈ ૯ મીટર છે અને ૨૦૦ પ્રવાસીઓની ક્ષમતા ધરાવે છે.

✓ આ ફેરી બોટ સર્વિસ માટે શ્રેષ્ઠ ભારત ભવન ખાતે અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે જેટ્ટી બનાવવામાં આવી છે.

**(૩) આરોગ્ય વન :-**



આરોગ્ય વન

✓ માનવ સમુદાયના સ્વાસ્થ્ય અને સુખાકારીના વિષય વસ્તુને ધ્યાનમાં રાખીને જુદા જુદા વૈદિક વૃક્ષો સાથેનું આ આરોગ્ય વન ૧૭ એકરમાં પથરાયેલું છે.

✓ આરોગ્ય વનમાં યોગ, આયુર્વેદ અને ધ્યાનને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે.

✓ ૩૮૦ પ્રજાતિના જુદા જુદા ૫ લાખ વૃક્ષો વાવવામાં આવેલા છે.

✓ આ વનમાં કમળ તળાવ, ગાર્ડન ઓફ કલર્સ, આલ્બા ગાર્ડન, લ્યુટીયા ગાર્ડન, એરોમા ગાર્ડન, યોગ અને ધ્યાન - સ્થળ, ઈન્ડોર પ્લાન્ટ સેકશન, ડિઝીટલ ઇન્ફર્મેશન સેન્ટર, સોવીનીયર શોપ, કાફેટેરિયા વગેરેનો સમાવેશ થાય છે.

✓ અહિના આરોગ્ય વેલનેસ સેન્ટરમાં કેરાલાના ડૉકટર અને નિષ્ણાત સ્ટાફ દ્વારા જુદી જુદી નેચર થેરાપીનો પ્રવાસીઓને લાભ મળે છે. આરોગ્ય વનમાં પ્રવાસીઓ શારિરીક સુખાકારી સાથે કુદરત સાથે તાદમ્ય પણ અનુભવે છે.

## (૪) ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક :-




**ચિલ્ડ્રન ન્યુટ્રીશીયન પાર્ક**

- ✓ અદ્યતન ટેકનોલોજી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક છે. આ થીમ બેઝ પાર્ક ૩૫૦૦૦ ચો.મી. વિસ્તારમાં પથરાયેલો છે.
- ✓ બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી આ પાર્ક ખાસ ડિઝાઈન કરવામાં આવેલો છે. જેમાં બાળકો મીની ટ્રેન દ્વારા ૬૦૦ મીટર પ્રવાસ કરે છે.
- ✓ પ્રવાસ દરમિયાન ફળ-શાક ગૃહમ્, પાયોનગરી, અન્નપૂર્ણા, પોષણપુરમ્, સ્વસ્થ ભારતમ્ અને ન્યુટ્રી હંટ જેવા સ્ટેશનો છે.
- ✓ આ સ્થળોમાં જુદી જુદી ૪૭ જેટલી ટેકનોલોજીનો ઉપયોગ કરી બાળકોને મનોરંજનની સાથે માહિતી મળે અને ‘‘સહિ પોષણ-દેશ રોશન’’ ચરિતાર્થ થાય તે પ્રયાસ કરવામાં આવ્યો છે.
- ✓ વધુમાં નાના-મોટા તમામ પ્રવાસીઓને મનોરંજન માટે મીરર મેઈઝ, 5-D થિયેટર,ભૂલ-ભુલૈયાં પણ છે.

## (૫) જંગલ સફારી (સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્ક) અને ડોમ એવીયરીઝ :-




**જંગલ સફારી અને ડોમ એવિએરી**

- ✓ વિશ્વમાં રેકર્ડ સમયમાં ઝડપથી પૂર્ણ કરવામાં આવેલ જંગલ સફારી ૩૭૫ એકરમાં અને ૭ જુદી જુદી સપાટીએ બનાવવામાં આવેલું ‘‘સ્ટેટ ઓફ આર્ટ’’ ઝુઓલોજીકલ પાર્ક છે.
- ✓ જંગલ સફારીમાં પ્રવાસીઓ દેશના અને વિદેશના કુલ-૧૧૦૦ પક્ષીઓ અને ૧૦૦ પ્રજાતિઓના પ્રાણીઓ જોવાનો આનંદ માણી શકશે.
- ✓ આ પ્રોજેકટમાં જુદા જુદા ૨૯ પ્રાણીઓ માટે ખાસ નિયત વિસ્તાર અને વિશ્વમાં સૌથી મોટા બે ‘‘જીઓડેસીક ડોમ એવીયરીઝ’’નો સમાવેશ. જેમાં પ્રવાસીઓ પોતાની આજુબાજુ ઉડતાં પક્ષીઓ જોવાનો રોમાંચ માણી શકે.
- ✓ જંગલ સફારી પ્રોજેકટમાં પ્રવાસીઓ ખાસ કરીને બાળકો પણ પક્ષીઓ અને નાના પ્રાણીઓને અડી અને રોમાંચ અનુભવી શકે તેવો ‘‘પેટીંગ ઝોન’’ નો સમાવેશ છે.
- ✓ પેટીંગ ઝોનમાં મકાઉ, કોકેટુ, પરીશયન બિલાડી, સસલાઓ, ગુનીયા પીગ, નાનો

અશ્વ, નાના ઘેંટા અને બકરા, ટર્કી અને ગીઝનો સમાવેશ છે.

**(૬) એક્તા મોલ :-**




**એકતા મોલ**

- ✓ દેશ-વિદેશના પ્રવાસીઓ કેવડિયાની મુલાકાત દરમિયાન ખરીદીનો વિશિષ્ટ પ્રકારનો અનુભવ લઈ શકે તે માટે બે માળ અને ૩૫,000 ચો.ફુટમાં પથરાયેલ વિશાળ એકતા મોલનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- ✓ જેમાં દેશના <u>જુદાજુદા રાજયોમાંથી ૨૦ જેટલા પરંપરાગત હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ એમ્પોરીયા</u> છે. એકતા મોલમાં દેશના જુદા જુદા રાજ્યોની વખણાતી ચીજવસ્તુઓ એક જ જગ્યાએથી ખરીદીનો પ્રવાસીઓ આનંદ માણે છે.
- ✓ જેમાં ગરવી ગુર્જરી, પુરબશ્રી, કૈરાલી, મુર્ગનૈની, પુમ્પુહર, ગંગોત્રી, કાવેરી, ખાદી ઈન્ડિયા, કાશ્મીર અને CCI એમ્પોરિયમ આવેલું છે.

**(૭) કેક્ટ્સ ગાર્ડન :-**




**કેક્ટસ ગાર્ડન**

- ✓ સરદાર સરોવર ડેમ નજીક નર્મદા નદીના ડાબા કાંઠે <u>૨૫ એકરમાં આ ગાર્ડન પથરાયેલો</u> છે.
- ✓ જેમાં <u>૪૫૦ પ્રકારની કેક્ટી અને સેક્યુલન્ટસ પ્રજાતિ છે</u> અને <u>વિશ્વના જુદા જુદા ૧૭ દેશોના કુલ ૬ લાખ જેટલાં કેક્ટ્સના છોડવાઓ આવેલા</u> છે.
- ✓ કેક્ટ્સ ગાર્ડનમાં ૮૩૮ ચો.મી.નો અદ્વિતીય અષ્ટકોણીય ડોમ આવેલું છે જે પ્રવાસીઓનું મુખ્ય આકર્ષણ છે.
- ✓ અહિ પ્રવાસીઓને જુદી જુદી પ્રજાતિના કેક્ટ્સ અંગે જાણકારી મળે છે.
- ✓ કેક્ટ્સ ગાર્ડનમાં કેક્ટ્સમાંથી બનતી દવાઓ અને હર્બલ પ્રોડક્ટની ખાસ દુકાન છે અને પ્રવાસીઓ તેમાંથી કેક્ટ્સના છોડવાઓ તથા દવાઓ ખરીદી શકે છે.

**(૮) એક્તા નર્સરી :-**




એકતા નર્સરી

✓ <u>જુદા જુદા રોપાઓના પ્રદર્શન-વેચાણ થકી એકતાના વિચારના થીમ ઉપર ૧૦ એકરમાં પથરાયેલું</u> આ એકતા નર્સરી પ્રવાસીઓને અદ્વિતીય અનુભવ કરાવે છે.

✓ ઉચ્ચ કક્ષાની ટેકનોલોજીથી સજ્જ આ નર્સરીની ૧૦ લાખ રોપાઓ પ્રતિ વર્ષ ઉછેરવાની ક્ષમતા છે.

✓ એકતા નર્સરી "એકતા હેન્ડીક્રાફ્ટ" પ્રવાસીઓનું આકર્ષણ સ્થળ છે જેમાં બામ્બુ ક્રાફ્ટ્સ, સોપારીના પાંદડાઓમાંથી બનતી વસ્તુઓ અને ઓર્ગેનિક પોટ્સનું પ્રદર્શન-વેચાણ છે.

✓ આ જગ્યાએ પ્રવાસીઓ વસ્તુઓ જાતે બનાવવાનો અનુભવ અને આનંદ મેળવે છે. કાફેટેરીયામાં આદિવાસી મહિલાઓ દ્વારા સ્થાનિક સ્વાદિષ્ટ વ્યંજનોનો સ્વાદ ઉપલબ્ધ છે.

✓ સોવીનીયર શોપમાં પ્રવાસીઓને સાબુ, મધ, રોપાઓ વગેરેની ખરીદી પણ કરી શકે છે.

✓ <u>આ જુદી જુદી પ્રવૃત્તિઓ થકી મહિલાઓના "સેલ્ફ-હેલ્પ ગ્રુપ" થકી ૩૧૧ કુટુંબોને આર્થિક લાભ મળે છે.</u>

## <u>(૯) એકતા દ્વારથી ગ્લો ગાર્ડન સુધીના ડેકોરેટિવ લાઈટ્સ</u>



એકતા દ્વારથી ગ્લો ગાર્ડન સુધીના ડેકોરેટીવ લાઇટ્સ

## <u>ખલવાણી ઈકો-ટુરિઝમ :-</u>

✓ પ્રવાસીઓને કુદરતના સાનિધ્યમાં રહેવા અને સાહસિક પ્રવૃત્તિઓ કરવાનું આ એક ઉત્તમ સ્થળ છે.

✓ <u>ખલવાણી ઈકો-ટુરિઝમ સ્થળ ૧૦૦ એકર વિસ્તારમાં પથરાયેલ છે જેમાં ૮૨ એકર વિસ્તારમાં ૧.૩ લાખ વૃક્ષોની હરિયાળી</u> છે.

✓ આ સ્થળે ૧૦૦ જેટલા પ્રવાસીઓને રહેવા માટેની ઉત્તમ સગવડતા છે.

✓ જેમાં ટ્રી હાઉસ, ટેન્ટ વગેરેનો સમાવેશ છે.

✓ અહીં કાફેટેરીયામાં સેલ્ફ-હેલ્પ ગ્રુપ દ્વારા મહિલાઓને રોજગારી મળે છે અને આદિવાસી સ્થાનિક વિસ્તારના વ્યંજનનો સ્વાદ મળે છે.

✓ <u>એડવેન્ચર ટુરિઝમ માટે આદર્શ સ્થળ છે જેમાં ગુજરાતનું એકમાત્ર રીવર રાફ્ટીંગ</u>

ઉપલબ્ધ છે. ૪.૫ કિ.મી. લંબાઈ અને ૯ રેપીડ ધરાવતું આ રીવર રાફટીંગ યુવાનો માટે રોમાંચક અનુભવ છે.

**ગરૂડેશ્વર વિયર:-**

- ✓ સરદાર સરોવર ડેમમાં જળ વિદ્યુત મથકના રીવર્સેબલ ટર્બાઈનના સંચાલન માટે નીચે વાસમાં તળાવનું નિર્માણ કરવા માટે ગરૂડેશ્વર વિયર બનાવવામાં આવ્યું.
- ✓ ગરૂડેશ્વર વિયર નર્મદા ડેમથી ૧૨.૧૦ કિ.મી. નીચે વાસમાં આવે છે.
- ✓ ગરૂડેશ્વર વિયરની લંબાઈ ૬૦૯ મીટરનાં સ્પીલવે સાથે કુલ- ૧૨૧૮ મીટર છે.
- ✓ વિયરની સંગ્રહ શક્તિ ૮૭.૨૦ મીલીયન કયુબીક મીટર છે.
- ✓ ગરૂડેશ્વર વિયરમાં ૯ મે.વો. જળવિદ્યુત ઉત્પન્ન કરવાની ક્ષમતા છે.

**નવો ગોરા બ્રીજ :-**

- ✓ ગોરા ગામ નજીક નર્મદા નદી પર લો લેવલનો કોઝવે ગરૂડેશ્વર વીયરના કારણે ડુબમાં આવતો હોવાથી નવો ગોરા બ્રીજ બનાવવામાં આવ્યો છે.
- ✓ જેમાં મુખ્ય ભાગની લંબાઈ ૯૨૦ મીટર છે અને એપ્રોચીઝની લંબાઈ ૧.૬ કિ.મી. છે.
- ✓ આ બ્રીજમાં વાહનોની સરળતાથી અવરજવર માટે ચાર લેન કરવામાં આવ્યા
- ✓ ગોરા બ્રીજ સરદાર સરોવર ડેમથી ૬.૩૦ કિ.મી. નીચે વાસમાં છે. આ બ્રીજ કેવડિયાથી રાજપીપળા રસ્તાને જોડે છે.

**સરકારી વસાહતો :-**

- ✓ સરદાર સરોવર નર્મદા નિગમના કર્મચારી-ઈજનેરોને વસવાટ માટે કુલ-૧૧૨ ફ્લેટ બનાવવામાં આવ્યા છે.
- ✓ જેમાં જુદી જુદી કેટેગરીનો સમાવેશ છે. આ વસાહત બનતા કર્મચારી/અધિકારીઓને કેવડિયા ખાતે રહેવા માટે સગવડતા ઉપલબ્ધ થશે.

**બસ બે ટર્મિનસ:-**

- ✓ પ્રવાસીઓને વિવિધ સ્થળોએથી લેવા અને મુકવા માટે ૧૦ સબ-બસ સ્ટેન્ડ ધરાવતું વિશાળ ટર્મિનસ બનાવવામાં આવ્યું છે.
- ✓ પ્રત્યેક બસ સ્ટેન્ડની સાઈઝ ૨૦ મીટર X ૮ મીટર છે. બસ બે સ્ટેન્ડની ક્ષમતા એક જ સમયે ૧૫૦૦ પ્રવાસીઓ માટેની છે, જે માટે ૧૨૦૦ મીટર લંબાઈની સ્ટેનલેસ સ્ટીલ રેલીંગ નાખવામાં આવી છે.
- ✓ અહીં પ્રવાસીઓ માટે ૬૦૦ જેટલા લોકર પણ ઉપલબ્ધ છે.

**હોમ સ્ટે પ્રોજેકટ :-**

- ✓ હોમ સ્ટે એટલે કે કોઇકના ઘરમાં ટુંક સમય માટે ભાડેથી રોકાણ કરવું.
- ✓ શહેરની ભીડ-ભાડ અને વૈભવી વિસ્તારોથી વિપરીત ગામડાના શાંત અને કુદરતી વાતાવરણમાં આવેલ આ હોમ સ્ટેના મકાનો પ્રવાસીઓના રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

✓ આ મકાનોમાં સુંદર અને સ્વચ્છ વાતાવરણ તેમજ નજીવી કિંમતે જમવાનું પણ પ્રવાસીઓને મળી રહેશે.

✓ હોમ સ્ટેમાં રોકાનાર પ્રવાસીઓ આદિવાસી સમાજના લોકોના પરિચયમાં આવશે તથા તેમને આદિવાસી સમાજની પરંપરા અને સંસ્કૃતિ વિશે જાણવા મળશે.

✓ જે મકાનોમાં પ્રવાસીઓ રોકાશે તે કુટંબોને આજીવિકા મળી રહેશે.

✓ આ પ્રોજેકટથી શહેરમાં રહેતા લોકોને ગામડાનું જીવન માણવાની તક મળશે.

✓ આવા સુંદર વિચાર સાથે "ટ્રાયબલ હોમ સ્ટે પ્રોજેકટ" ગરૂડેશ્વર તાલુકામાં આવેલ "સ્ટેચ્યુ ઓફ યુનિટિ"ની આસપાસના વિસ્તારમાં રહેતા ગરીબ આદિવાસી કુંટબોના સામાજીક અને આર્થિક વિકાસ માટે શરૂ કરવામાં આવ્યો છે.

**આદર્શ ગામ :-**

✓ ૬ ગામોનાં અસરગ્રસ્ત કુટુંબોને જરૂરી તમામ સવલતો સાથે વસવાટ કરવાની "આદર્શ ગામ" યોજના અંતર્ગત ગોરા ગામ પાસે ૪૦૦ કુટુંબોને પાકા મકાનો સાથે પ્રાથમિક નિશાળ, આંગણવાડી, દવાખાનું, પશુઓ માટે અવેડો, કોમ્યુનિટી હોલ, બાળકોને રમવા માટે ખાસ જગ્યાઓ વિગેરે સવલતો ઉપલબ્ધ થશે.

✓ સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજુબાજુ પ્રવાસીઓ માટે આકર્ષણ સમાન પ્રોજેકટને ખાસ "મિશન મોડ"થી રેકર્ડ સમયમાં પૂર્ણ કરાયુ. અને સ્થાનિક વિસ્તારના યુવાનો અને મહિલાઓ સહિત ૩૦૦૦ કુટુંબને રોજગારીની તકો ઉભી થઇ છે.

✓ કેવડિયા સંકલિત વિકાસ હેઠળ સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજુબાજુ ૧૦૦ કિ.મી.ની ત્રિજયામાં ખાસ કરીને આદિવાસી વિસ્તારને પરોક્ષ રીતે સને ૨૦૨૦-૨૨ દરમિયાન અંદાજી રૂા.૯૦૦૦/- કરોડનો લાભ થશે.

**SOUના વિવિધ પ્રવાસન સ્થળો અને તેમની ટિકિટોના દર**

એક જ સ્થળે સમગ્ર વિશ્વની ઝલક, વ્યક્તિ દીઠ ફરવાનો ખર્ચ રૂ. ૩૨૮૦, ટેન્ટનું ભાડું રૂ. ૫૫૦૦.

| સ્થળ | ટિકિટ રૂ. મોટા | ટિકિટ રૂ. બાળકો |
|---|---|---|
| SOU | ૧૫૦ | ૯૦ |
| SOU ગેલેરી | ૩૮૦ | ૨૦૦ |
| જંગલ સફારી | ૨૦૦ | ૧૨૫ |
| ક્રૂઝ | ૪૩૦ | ૪૩૦ |
| રાફટિંગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| કેક્ટસ ગાર્ડન | ૬૦ | ૪૦ |
| નર્સરી | ૩૦ | ૨૦ |
| ન્યુટ્રિશન પાર્ક | ૨૦૦ | ૧૨૫ |
| વિશ્વ વન | ૩૦ | ૨૦ |
| નૌકા વિહાર | ૨૯૦ | ૨૯૦ |

| | | |
|---|---|---|
| આરોગ્ય વન | ૩૦ | ૨૦ |
| ઝરવાણી ખલવાણી | ૩૦૦ | ૨૫૦ |
| ચિલ્ડ્રન પાર્ક | ૨૦૦ | ૧૨૫ |
| કુલ | ૩૨૮૦ | ૨૭૨૫ |

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૨. 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' : ગુજરાત સરકાર (શિક્ષણ)

**ગુજરાતમાં શિક્ષણને વધુ સુદ્રઢ બનાવવા આગામી ૬ વર્ષમાં ૧ અબજ ડોલરનું રોકાણ કરાશે.**




**હેતુ :**

✓ તાલુકા, જિલ્લા ક્લસ્ટરમાં વિશ્વકક્ષાનું શિક્ષણ પુરુ પાડવાનો પ્રયાસ

✓ રાજ્યમાં મહત્તમ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તેવી શાળાઓની પસંદગી કરીને તે શાળાઓના ઉત્કૃષ્ટ શાળાઓ કરીકે વિકસાવવાનો 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' મુખ્ય હેતુ છે.

✓ આ મિશન હેઠળ પસંદ કરાયેલી સ્કુલોને ખાનગી શાળા કરતાં પણ વધુ સારી અને ઉત્કૃષ્ટ શાળા બનાવાશે.

**કઈ સંસ્થા કેટલું રોકાણ કરશે :**

✓ 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' માટે વર્લ્ડ બેન્ક દ્વારા ૫૦૦ મિલિયન ડોલર

✓ એશિયન વિકાસ બેંક દ્વારા ૧૦૦ મિલિયન ડોલર

✓ એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા ૨૫૦ મિલિયન ડોલર તેમજ રાજ્ય સરકાર તથા અન્ય સ્રોત મારફતે રોકાણ કરવામાં આવશે.

✓ રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩ હજાર કરોડ સહિત ૬ વર્ષમાં કુલ રૂ. ૧૦ હજાર કરોડનું રોકાણ કરાશે.

**કેટલી શાળાઓને સાંકળી લેવાશે :**

✓ રાજ્યમાં ૩૩,૫૦૦ સરકારી પ્રાથમિક શાળાઓ પૈકી ૧૫ હજાર પ્રાથમિક શાળાઓ, ૬,૫૦૦ સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી ૫ હજાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની પસંદગી કરાશે.

✓ આગામી ૬ વર્ષમાં દરેક તાલુકામાં ધોરણ-૬થી ૧૨ માટે એક એવી ૨૫૦ રેસીડેન્શિયલ સ્કુલ સ્થપાશે.

✓ ૬ હજાર પ્રાથમિક શાળાઓને ઈમર્જિંગ સ્કુલ ઓફ એક્સેલન્સમાં પરિવર્તીત કરાશે.

- ✓ <u>૯ હજાર પ્રાથમિક શાળા અને ૫ હજાર માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક સરકાર અને ગ્રાન્ડ ઈન એઈડ શાળાઓને એસ્પાયરિંગ સ્કુલ્સ ઓફ એક્સેલન્સ તરીકે વિકસાવવામાં આવશે.</u>
- ✓ સમગ્ર મિશનમાં ‘ડેટા’ મહત્વનો ભાગ ભજવશે. કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર દ્વારા આર્ટિફિસિયલ ઈન્ટેલીજન્સ અને મશીન લર્નિંગનો ઉપયોગ કરીને સતત ડેટા એનાલિસીસ કરીને નિર્ણય લેવામાં આવશે.
- ✓ શિક્ષણ મંત્રી : શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૩. ભારતીય નેવી : એન્ટી-શિપ કાર્વેટ મિસાઈલનું સફળ પરિક્ષણ</u>



<u>વિગત :</u>

- ✓ ઈન્ડિયન નેવીએ પોતાની તાકાત વધારતા એન્ટી-શિપ મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું
- ✓ <u>બંગાળના અખાતમાં INS કોરા ખાતેથી કાર્વેટ મિસાઈલ છોડવામાં આવી હતી</u>
- ✓ જે જહાજ પર છોડાઈ હતી તે સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયુ હતુ.
- ✓ મિસાઈલે મહતમ રેન્જનો ઉપયોગ કર્યો હતો
- ✓ પરીક્ષણ સ્થળ : બંગાળનો અખાત
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૪. ૭૩મો કાન્સ ફિલ્મ ફેસ્ટિવિલ-૨૦૨૦ (ફિલ્મ)</u>




- ✓ તા. ૨૮મી ઓક્ટોબરથી ત્રણ દિવસીય ખાસ એડિશનની ઉજવણી
- ✓ <u>ખાસ :</u> કાળી કાર્પેટ બિછાવીને ફ્રાન્સના નીસના કટ્ટરપંથી હુમલાનો વિરોધ કરાયો
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૫.મલબાર નેવી ડ્રીલ -૨૦૨૦ (સંરક્ષણ)</u>



✓ અભ્યાસ : કુલ બે તબક્કામાં નૌકા કવાયાત-૨૦૨૦ યોજાશે

**પ્રથમ તબક્કો :**

✓ માલાબાર નેવી ડ્રિલનો પ્રથમ તબક્કો 3 થી 6 નવેમ્બર દરમિયાન વિશાખાપટ્ટનમના દરિયાકાંઠા નજીક બંગાળના અખાતમાં યોજાશે.

✓ તેમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાના નૌકાદળો ભાગ લેશે.

**બીજો તબક્કો :**

✓ ચારેય દેશો બીજા તબક્કાની ડ્રિલ 17 થી 20 નવેમ્બર દરમિયાન અરબી સમુદ્રમાં કરશે.

✓ ભારતે જાહેરાત કરી હતી કે ઓસ્ટ્રેલિયા આ નવી ડ્રિલનો હિસ્સો હશે.

✓ હવે આ અસરકારક રીતે ક્વાડના તમામ 4 સભ્ય દેશની ડિલ બની ગઇ છે.

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ၆. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 : કેન્દ્ર સરકાર (સુશાસન)

**પબ્લિક અફેર્સ સેન્ટર દ્વારા રાજ્યોનું સુશાસન રેન્કિંગ જાહેર**

**સુશાસનમાં મોટા રાજયોમાં કેરળ અને નાના રાજ્યોમાં ગોવા પ્રથમ સ્થાને**

**હેતુ :**

✓ ભારતમાં આર્થિક અને સામાજિક મુદ્દાઓ પર આપણી સમક્ષ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની પર પ્રકાશ પાડે છે.

**રાજ્યોની રેન્કિંગની વિગતો :**

**મોટા રાજ્યોની કેટેગરી અને તેનો સ્કોર**

✓ દક્ષિણના ચાર રાજ્યો કેરળ (1.388 પોઈન્ટ) તમિલનાડુ (0.912), આંધ્ર પ્રદેશ (0.531) અને કર્ણાટક (0.468).

નકારાત્મક સ્કોર ધરાવતા **છેલ્લાં મોટા રાજ્યો**

✓ ઉત્તર પ્રદેશ માઈનસ 1.461, ઓડિશા માઈનસ 1.201 અને બિહાર માઈનસ 1.158 પોઈન્ટ.

**નાના રાજ્યો**ની કેટેગરી અને તેનો સ્કોર

✓ ગોવા 1.742 પોઈન્ટ

✓ મેઘાલયે 0.797 પોઈન્ટ

✓ હિમાચલ પ્રદેશે 0.725 પોઈન્ટ

<u>નકારાત્મક સ્કોર ધરાવતા **છેલ્લાં નાના રાજ્યો**</u>

✓ મણિપુર (-0.363)

✓ દિલ્હી (-0.289)

✓ ઉત્તરાખંડ (-0.277).

**<u>કેન્દ્ર શાસિત પ્રદેશનું રેન્કિંગ અને તેનો સ્કોર:</u>**

✓ ચંડીગઢ 1.05 પોઈન્ટ

✓ પુડુચેરી (0.52)

✓ લક્ષ્યદ્વિપ (0.003)

<u>નકારાત્મક સ્કોર ધરાવતા **કેન્દ્ર શાસિત પ્રદેશ**</u>

✓ દાદરા નગર હવેલી (-0.69)

✓ જમ્મુ-કાશ્મીર (-0.50)

✓ આંદામાન, અને નિકોબાર (-0.30).

<u>માપદંડ :</u>

✓ ઈક્વિટી, વૃદ્ધિ અને સાતત્યપૂર્ણ વિકાસના પરિપ્રેક્ષ્યમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શાસનનું વિશ્લેષણ.

✓ સર્વવ્યાપક વિકાસના પરીપ્રેક્ષ્યમાં કોમ્પોસાઈટ ઈન્ડેક્સ પર આધારિત શાસનના પરફોર્મન્સ પર રાજ્યોને રેન્કિંગ આપવામાં આવ્યું છે.

✓ <u>PAIના અધ્યક્ષ : ઈસરોના પૂર્વ ચેરમેન કે. કસ્તુરીરંગન</u>

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૭. તમિલનાડુ : સરકારી શાળાના વિદ્યાર્થીઓને વિવિધ તબીબી કોર્સમાં 7.5 ટકા અનામત અપાશે</u>



✓ રાજયપાલ દ્વારા અનામત કોટા બિલને મંજૂરી

✓ વિવિધ કોર્સ : એમબીબીએસ, બીડીએસ સહિતના સ્નાતક મેડિકલ કોર્સ

**<u>વિગત :</u>**

✓ <u>તમિલનાડુ સરકારે વર્તમાન 2020-21 શૈક્ષણિક વર્ષથી મેડિકલ કોર્સ (અન્ડર ગ્રેજ્યૂએટ)માં એડમિશન માટે રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સરકારી સ્કૂલોના વિદ્યાર્થીઓ માટે 7.5 ટકા અનામત</u>નો આદેશ જાહેર કર્યો છે.

✓ હવેથી જે વિદ્યાર્થીઓ સરકારી સ્કૂલમાં અભ્યાસ કરેલો હોય અને નેશનલ એલિજિબિલિટી-કમ એન્ટ્રાન્સ ટેસ્ટ પાસ કરી લીધી હોય તેઓને અન્ડર ગ્રેજ્યૂએટ મેડિકલ કોર્સમાં 7.5 ટકા કોટાનો લાભ મળશે

✓ રાજધાની : ચેન્નઈ

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૮. જન્મ દિન વિશેષ : 30 ઓક્ટોબર

## અણુશક્તિના જનક : હોમીભાભા




**જન્મ : 30 ઓક્ટોબર 1909**

**અવસાન : 24 જાન્યુઆરી 1966**

- ✓ મુંબઈમાં પારસી પરિવારમાં જન્મેલા હોમીભાભાએ શિક્ષણ મુંબઈ અને કેમ્બ્રિજ યુનિ.માંથી લીધું હતું.
- ✓ કેમ્બ્રિજમાં અભ્યાસ દરમિયાન 1939માં બીજું વિશ્વયુદ્ધ ચાલુ થઇ જતાં બ્રિટન છોડવું પડ્યું હતું.
- ✓ ભારત આવ્યા હોમી પછી બેંગ્લોરમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં દાખલ થયા એ જ વર્ષે સી.વી.રામનના નેતૃત્વમાં અને કોસ્મિક રે ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી હતી.
- ✓ જે.આર.ડી ટાટાની મદદથી મુંબઈમાં ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ સંસ્થાની સ્થાપના કરી હતી.
- ✓ આઝાદી પછી હોમીભાભાએ કેન્દ્ર સરકારની સંમતિથી અણુશક્તિના શાંતિમય ઉપયોગ અંગેના સંશોધનો શરૂ કર્યા, આ યોજના અંતર્ગત 1948મા એટોમિક એનર્જી ઓફ ઇન્ડિયાની સ્થાપના થઇ અને ભારતની અણુશક્તિયાત્રા શરૂ થઈ હતી.
- ✓ તેમણે આંતરરાષ્ટ્રીય અણુશક્તિ સભાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ✓ 1955માં તેઓ જીનીવામાં આયોજિત સંયુક્ત રાષ્ટ્રની અણુશક્તિના શાંતિમય ઉપયોગની સભાના પ્રમુખ રહ્યા હતા.
- ✓ તેમનું રોયલ એશિયાટિક સોસાયટીના ફેલો અને પદ્મભૂષણથી સન્માન થયું હતું.
- ✓ 24 જાન્યુઆરી 1966ના રોજ વિમાની દુર્ઘટનામાં તેમનું અવસાન થયું હતું.
- ✓ આજે આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીની પુણ્યતિથિ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૧૦-૨૦૨૦)**

1. SOU સ્થિત યુનિટી ગ્લો ગાર્ડન કેટલા વિસ્તારમાં પથરાયેલુ છે જેમાં LED લાઈટથી ઝગમગતાં પ્રાણીઓની પ્રતિકૃતિ, વૃક્ષો અને ફુવારાઓ આકર્ષણનું કેન્દ્ર બને છે - **૩.૬૧ એકર**
2. પ્રવાસીઓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે આવે ત્યારે નર્મદા નદીમાં બોટીંગ દ્વારા સાતપુડા તથા વિધ્યાંચળ પર્વતમાળાની હરિયાળીનો આનંદ મળે તે હેતુથી કયો પ્રોજેક્ટ કાર્યરત છે - **ફેરી બોટ સર્વિસ - એકતા ક્રૂઝ**
3. SOU સ્થિત એકતા ક્રૂઝ દ્વારા પ્રવાસીઓ કેટલા કિ.મી. સુધી અને કેટલી મિનીટ બોટીંગનો આનંદ મેળવી શકશે – **૬ તથા ૪૦**
4. એકતા ક્રૂઝની લંબાઈ-પહોળાઈ કેટલી છે તથા કેટલા પ્રવાસીની ક્ષમતા ધરાવે છે - **૨૬ મીટર, ૯ મીટર તથા ૨૦૦ પ્રવાસીની ક્ષમતા**
5. માનવ સમુદાયના સ્વાસ્થ્ય અને સુખાકારીના વિષય વસ્તુને ધ્યાનમાં રાખીને જુદા જુદા વૈદિક વૃક્ષો સાથેનું

SOU સ્થિત આરોગ્ય વન કેટલા વિસ્તારમાં પથરાયેલું છે - **૧૭ એકર**

6. SOU સ્થિત આરોગ્ય વનમાં કયા બાબતોને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે-**યોગ, આયુર્વેદ અને ધ્યાન**
7. SOU સ્થિત આરોગ્ય વનમાં કેટલી પ્રજાતિના જુદા જુદા ૫ લાખ વૃક્ષો વાવવામાં આવેલા છે - **૩૮૦**
8. SOU સ્થિત આરોગ્ય વનના આરોગ્ય વેલનેસ સેન્ટરમાં કયા રાજ્યના ડૉકટર-નિષ્ણાત સ્ટાફ દ્વારા જુદી જુદી નેચર થેરાપીનો પ્રવાસીઓને લાભ મળે છે - **કેરળ**
9. અદ્યતન ટેકનોલોજી સંચાલિત વિશ્વનો સૌ પ્રથમ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક કયાં આવેલો છે – **SOU, કેવડિયા**
10. ચિલ્ડ્રન ન્યુટ્રિશન થીમ બેઝ પાર્ક કેટલા વિસ્તારમાં પથરાયેલો છે - **૩૫૦૦૦ ચો.મી.**
11. SOU ખાતે બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી કયો ખાસ પાર્ક તૈયાર કરાયો છે જેમાં બાળકો મીની ટ્રેન દ્વારા ૬૦૦ મીટર પ્રવાસ કરી શકે છે - **ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક**
12. SOU સ્થિત જંગલ સફારી જાણીતુ છે - **સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્ક**
13. SOU સ્થિત જંગલ સફારી પાર્ક કેટલા વિસ્તારમાં વિસ્તરેલું છે - **૩૭૫ એકર**
14. જંગલ સફારીમાં કેટલા પક્ષીઓ-પ્રાણીઓ જોવા મળશે -**કુલ-૧૧૦૦ પક્ષીઓ અને ૧૦૦ પ્રજાતિઓના પ્રાણીઓ**
15. જંગલ સફારીમાં વિશ્વમાં સૌથી મોટા કયા બે ડોમ છે - **"જીઓડેસીક ડોમ એવીયરીઝ"**
16. દેશ-વિદેશના પ્રવાસીઓ કેવડિયાની મુલાકાત દરમિયાન ખરીદીનો વિશિષ્ટ પ્રકારનો અનુભવ લઈ શકે તે માટે બે માળ અને ૩૫,૦૦૦ ચો.ફુટમાં પથરાયેલ કયા મોલનું નિર્માણ કરવામાં આવ્યું છે - **એકતા મોલ**
17. SOU સ્થિત એકતા મોલમાં જુદાજુદા રાજયોમાંથી કેટલા પરંપરાગત હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ એમ્પોરીયા છે - **૨૦**
18. SOU સ્થિત એકતા મોલમાં પરંપરાગત હેન્ડલુમ અને હેન્ડીક્રાફટના કયા એમ્પોરીયા આવેલા છે - **ગરવી ગુર્જરી, પુરબશ્રી, કૈરાલી, મુર્ગનૈની, પુમ્પુહર, ગંગોત્રી, કાવેરી, ખાદી ઈન્ડિયા, કાશ્મીર અને CCI**
19. સરદાર સરોવર ડેમ નજીક નર્મદા નદીના ડાબા કાંઠે કેટલા વિસ્તારમાં કેકટ્સ ગાર્ડન પથરાયેલો છે. - **૨૫ એકર**
20. કેકટ્સ ગાર્ડનમાં કઈ-કેટલી પ્રજાતિ તથા કેકટ્સના કેટલા છોડ આવેલા છે - **૪૫૦ પ્રકારની કેક્ટી અને સેક્યુલન્ટસ પ્રજાતિ તથા ૧૭ દેશોના કુલ ૬ લાખ જેટલાં કેકટ્સના છોડ**
21. જુદા જુદા રોપાઓના પ્રદર્શન-વેચાણ થકી એકતાના વિચારના થીમ ઉપર બનેલું એક્તા નર્સરી કેટલા વિસ્તારમાં પથરાયેલું છે - **૧૦ એકર**
22. એકતા નર્સરીમાં આવેલુ "એકતા હેન્ડીકાફ્ટ"માં શાનું પ્રદર્શન-વેચાણ આવેલુ છે - **બામ્બુ કાફ્ટ્સ, સોપારીના પાંદડાઓમાંથી બનતી વસ્તુઓ અને ઓર્ગેનિક પોટ્સ**
23. એકતા નર્સરીમાં આવેલા સોવીનીયર શોપમાં કઈ વસ્તુઓ પ્રવાસીઓના વેચાણ અર્થે મૂકવામાં આવી છે - **સાબુ, મધ, રોપાઓ**
24. એકતા નર્સરીમાં આવેલા સોવીનીયર શોપ મહિલાઓના "સેલ્ફ-હેલ્પ ગૃપ" થકી કેટલા કુટુંબોને આર્થિક લાભ મળે છે - **૩૧૧**
25. SOU ખાતે પ્રવાસીઓને કુદરતના સાનિધ્યમાં રહેવા અને સાહસિક પ્રવૃત્તિઓ કરવા માટે કયુ સ્થળ આવેલું છે - **ખલવાણી ઈકો-ટુરિઝમ**
26. ખલવાણી ઈકો-ટુરિઝમ સ્થળ કેટલા વિસ્તારમાં પથરાયેલ છે જેમાં ૮૨ એકર વિસ્તારમાં ૧.૩ લાખ વૃક્ષોની હરિયાળી છે - **૧૦૦ એકર**
27. ગુજરાતનું એકમાત્ર રીવર રાફટીંગ કયા આવેલું છે – **ખલવાણી ઈકો-ટુરિઝમ, SOU**
28. ગુજરાતનું એકમાત્ર રીવર રાફટીંગની લંબાઈ કેટલી છે - **૪.૫ કિ.મી.**
29. સરદાર સરોવર ડેમમાં જળ વિદ્યુત મથકના રીવર્સેબલ ટર્બાઈનના સંચાલન માટે નીચે વાસમાં તળાવનું નિર્માણ કરવા માટે શું બનાવવામાં આવ્યું છે - **ગરૂડેશ્વર વિયર**
30. ગરૂડેશ્વર વિયર નર્મદા ડેમથી કેટલા નીચે વાસમાં આવેલુ છે - **૧૨.૧૦ કિ.મી.**
31. ગરૂડેશ્વર વિયરની લંબાઈ જણાવો - **૬૦૯ મીટરનાં સ્પીલવે સાથે કુલ- ૧૨૧૮ મીટર**

32. ગરૂડેશ્વર વિયરની સંગ્રહ શક્તિ જણાવો - **૮૭.૨૦ મીલીયન ક્યુબીક મીટર**
33. ગરૂડેશ્વર વિયરમાં કેટલું જળવિદ્યુત ઉત્પન્ન કરવાની ક્ષમતા છે - **૯ મે.વો**
34. હોમ સ્ટે પ્રોજેક્ટ એટલે શુ - **કોઇકના ઘરમાં ટુંક સમય માટે ભાડેથી રોકાણ કરવું**
35. હોમ સ્ટે પ્રોજેક્ટથી પ્રવાસી-સ્થાનિકોને શો લાભ થશે - **પ્રવાસીઓ આદિવાસી સમાજના પરિચયમાં આવશે અને આદિવાસી સમાજની પરંપરા અને સંસ્કૃતિ વિશે જાણી શકશે તથા સ્થાનિક કુટંબોને આજીવિકા મળશે**
36. કેવડિયામાં આવેલા ૬ ગામોનાં અસરગ્રસ્ત ૪૦૦ કુટુંબોને કઈ યોજના અંતર્ગત જરૂરી તમામ સવલતો સાથે વસવાટ ઉપલબ્ધ કરાવાશે - **"આદર્શ ગામ" યોજના**
37. ઓક્ટોબર-૨૦૨૦માં વડાપ્રધાન શ્રી મોદી ક્યા બે દિવસ દરમિયાન ગુજરાત પ્રવાસે હતા – **તા.૩૦ તથા ૩૧ ઓક્ટોબર**
38. તા.૩૦મી ઓક્ટોબર-૨૦૨૦ના રોજ કેવડિયા ખાતે વડાપ્રધાનશ્રીના હસ્તે કુલ કેટલા રૂપિયાના કેટલા પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ૪ નવા પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો – **૧ હજાર કરોડથી વધુના ૧૧ પ્રોજેક્ટ્સ**
39. તા.૩૦મી ઓક્ટોબર-૨૦૨૦ના રોજ કેવડિયા ખાતે કોની ખાસ ઉપસ્થિતિમાં વડાપ્રધાનશ્રીના હસ્તે વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-શિલાન્યાસ કરવામાં આવ્યો - **રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**
40. ગુજરાતમાં સરકારી શાળા-શિક્ષણને વધુ સુદઢ બનાવવા નવું મિશન લોન્ચ કરાશે - **"મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ"**
41. ગુજરાતમાં "મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ" અંતર્ગત આગામી છ વર્ષમાં કેટલું રોકાણ કરાશે - **1 અબજ ડોલર**
42. ગુજરાતમાં "મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ" અંતર્ગત કઈ કઈ વૈશ્વિક સંસ્થાઓ રોકાણ કરશે - **વર્લ્ડ બેંક, એશિયન ડેવલપમેન્ટ બેંક, એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક અને ગુજરાત સરકાર**
43. ગુજરાતમાં "મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ" અંતર્ગત કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની પસંદગી કરાશે - **6,500 અને 5,000**
44. ગુજરાતમાં "મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ" અંતર્ગત ધોરણ ૬ થી ૧૨માં કેટલી નિવાસી શાળાઓ સ્થપાશે - **250**
45. ગુજરાતમાં "મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ" અંતર્ગત કેટલી પ્રાથમિક શાળાઓને ઇમર્જિંગ સ્કૂલ ઓફ એક્સલન્સમાં પરિવર્તિત કરાશે - **6,000**
46. ગુજરાતના વર્તમાન શિક્ષણ મંત્રીનું જણાવો - **ભુપેન્દ્રસિંહ ચુડાસમા**
47. તાજેતરમાં બંગાળના અખાતમાંથી ભારતીય નેવી દ્વારા કયા એન્ટિ-શિપ મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું - **કાર્વેટ**
48. ભારતે તાજેતરમાં કયા જહાજમાંથી એન્ટિ- શિપ મિસાઈલ કાર્વેટનું સફળ પરીક્ષણ કર્યું - **INS કોરા**
49. તાજેતરમાં તારીખ 28 ઓક્ટોબરથી ત્રણ દિવસ માટે કેટલામો કાન્સ ફેસ્ટિવલ-2020 યોજાયો - **73મો**
50. તાજેતરમાં કાન્સ ફેસ્ટિવલ-2020 ક્યાં યોજાયો - **ફ્રાંસ**
51. મલાબાર નૌકા કવાયત 2020 કુલ કેટલા તબક્કામાં યોજાશે - **બે**
52. મલાબાર નૌકા કવાયત 2020 કયા બે તબક્કામાં યોજાશે - **તારીખ 3 થી 6 નવેમ્બર અને તારીખ 17થી 20 નવેમ્બર**
53. આગામી સમયમાં મલાબાર નૌકા કવાયત 2020 બે તબક્કામાં કયા સ્થળે યોજાશે - **વિશાખાપટ્ટનમ અને અરબી સમુદ્ર**
54. મલાબાર નૌકા કવાયત 2020માં કયા કયા દેશ જોડાશે - **ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા**
55. કેન્દ્ર સરકારનો પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 શું છે - **રાજ્યોનું સુશાસન રેન્કિંગ**
56. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 અનુસાર સુશાસનમાં મોટા-નાના રાજ્યોમાં પ્રથમ સ્થાને કોણ છે - **કેરળ અને ગોવા**
57. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020નો હેતુ જણાવો - **ભારતમાં આર્થિક અને સામાજિક મુદ્દાઓ પર રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોની સ્થિતિ પર પ્રકાશ પાડવાનો**

58. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 મુજબ દેશના મોટા રાજ્યોની કેટેગરીમાં પ્રથમ ચાર સ્થાન મેળવનારા રાજ્યો અને તેનો સ્કોર જણાવો - **કેરળ(1.388 પોઈન્ટ), તમિલનાડુ (0.912), આંધ્ર પ્રદેશ (0.531) અને કર્ણાટક (0.468)**
59. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 મુજબ દેશના મોટા રાજ્યોની કેટેગરીમાં નકારાત્મક સ્કોર ધરાવતા છેલ્લાં મોટા રાજ્યો અને તેનો સ્કોર જણાવો - **ઉત્તર પ્રદેશ માઈનસ 1.461, ઓડિશા માઈનસ 1.201 અને બિહાર માઈનસ 1.158 પોઈન્ટ**
60. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 મુજબ દેશના નાના રાજ્યોની કેટેગરીમાં પ્રથમ ચાર સ્થાન મેળવનારા રાજ્યો અને તેનો સ્કોર જણાવો - **ગોવા 1.742 પોઈન્ટ, મેઘાલયે 0.797 પોઈન્ટ, હિમાચલ પ્રદેશે 0.725 પોઈન્ટ**
61. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 મુજબ દેશના નાના રાજ્યોની કેટેગરીમાં નકારાત્મક સ્કોર ધરાવતા છેલ્લાં નાના રાજ્યો અને તેનો સ્કોર જણાવો - **મણિપુર (-0.363), દિલ્હી (-0.289), ઉત્તરાખંડ (-0.277)**
62. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 મુજબ પ્રથમ ત્રણ સ્થાન મેળવનારા કેન્દ્ર શાસિત પ્રદેશ-તેનો સ્કોર જણાવો - **ચંડીગઢ 1.05 પોઈન્ટ, પુડુચેરી (0.52), લક્ષ્યદ્વિપ (0.003)**
63. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2020 મુજબ નકારાત્મક સ્કોર ધરાવતા કેન્દ્ર શાસિત પ્રદેશ-તેનો સ્કોર જણાવો - **દાદરા નગર હવેલી (-0.69), જમ્મુ-કાશ્મીર (-0.50), આંદામાન, અને નિકોબાર (-0.30).**
64. કયા માપદંડને આધારે પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ જાહેર કરવામાં આવે છે - **ઈક્વિટી, વૃદ્ધિ અને સાતત્યપૂર્ણ વિકાસના આધારે શાસનના પરફોર્મન્સ અનુસાર**
65. PAIના વર્તમાન અધ્યક્ષ કોણ છે - **ઈસરોના પૂર્વ ચેરમેન કે. કસ્તુરીરંગન**
66. ઓક્ટોબર-૨૦૨૦માં કઈ રાજ્યની સરકારે સરકારી શાળાના વિદ્યાર્થીઓને એમબીબીએસ, બીડીએસ સહિતના સ્નાતક મેડિકલ કોર્સમાં 7.5 ટકા અનામત આપવાનો નિર્ણય કર્યો - **તમિલનાડુ**
67. તમિલનાડુ સરકાર દ્વારા કયા શૈક્ષણિક વર્ષથી મેડિકલ કોર્સ (અન્ડર ગ્રેજ્યૂએટ)માં એડમિશન માટે સરકારી સ્કૂલોના વિદ્યાર્થીઓ માટે 7.5 ટકા અનામતનો આદેશ જાહેર કર્યો છે - **વર્ષ 2020-21**
68. તામિલનાડુની રાજધાની કઈ છે - **ચેન્નાઈ**
69. ક્યા વૈજ્ઞાનિકને ભારતમાં અણુશક્તિના જનક તરીકે ઓળખવામાં આવે છે – **ડૉ. હોમીભાભા**
70. જાણીતા વૈજ્ઞાનિક ડૉ. હોમીભાભાનો જન્મ દિવસ જણાવો - **30 ઓક્ટોબર 1909**
71. જાણીતા વૈજ્ઞાનિક ડૉ. હોમીભાભાનો જન્મ ક્યાં-કયા પરિવારમાં થયો હતો – **મુંબઈ તથા પારસી પરિવાર**
72. ડૉ. હોમીભાભાએ કોના નેતૃત્વમાં કોસ્મિક રે ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી હતી - **સી.વી.રામન**
73. જાણીતા વૈજ્ઞાનિક ડૉ. હોમીભાભાએ કોની મદદથી મુંબઈમાં ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ સંસ્થાની સ્થાપના કરી હતી - **જે.આર.ડી ટાટા**
74. ક્યા વર્ષે એટોમિક એનર્જી ઓફ ઇન્ડિયાની સ્થાપના થવાની સાથે ભારતની અણુશક્તિયાત્રા શરૂ થઈ હતી – **વર્ષ 1948**
75. હોમીભાભા કયા વર્ષે જીનીવામાં આયોજિત સંયુક્ત રાષ્ટ્રની અણુશક્તિના શાંતિમય ઉપયોગની સભાના પ્રમુખ રહ્યા હતા – **વર્ષ 1955**
76. આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીની પુણ્યતિથિ કઈ છે – **30 ઓકટોબર**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**

**DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 31-10-2020**




## ૧. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫મી જન્મજયંતી : ૩૧ ઓક્ટોબર




**સ્ટેચ્યૂ ઓફ યુનિટી-કેવડિયા ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિતે રાષ્ટ્રીય એકતા પરેડનું CRPF દ્વારા આયોજન : PM દ્વારા પરેડને સલામી અપાઈ**

SOU ખાતે PM દ્વારા તા. ૩૧-૧૦-૨૦૨૦ના રોજ વિવિધ પ્રકલ્પોનો પ્રારંભ

- ✓ સરદારની પ્રતિમાનું પૂજન
- ✓ રાષ્ટ્રીય એકતા પરેડનું નિરીક્ષણ કરી રાષ્ટ્રજોગ સંબોધન, રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા
- ✓ પ્રોબેશનલ IASની વર્ચ્યુઅલ સ્પીચ આપી-મસુરી
- ✓ સી-પ્લેન સેવાનો પ્રારંભ

**વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે દેશની પહેલી સી-પ્લેન સર્વિસ**

- ✓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી સાબરમતી રિવરફ્રન્ટ-અમદાવાદ સુધીની સી-પ્લેન સર્વિસનું ઉદ્ઘાટન.
- ✓ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સી-પ્લેન દ્વારા ગુજરાત ભારતના ઉડ્ડયન સેક્ટરમાં અને ટૂરિઝમ સેક્ટરમાં એક નવું સોપાન લખી રહ્યું છે.
- ✓ સી-પ્લેન દ્વારા ગુજરાતની ભૌગોલિક સુંદરતાને માણી શકાશે અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના અદભૂત એરિયલ વ્યૂને નિહાળી શકાશે.

**વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ભારતની એકતા અને અખંડિતતાનું પ્રતિક "સ્ટેચ્યૂ ઓફ યુનિટી"**




- ✓ વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીમાં ૪૫ લાખથી વધુ લોકો SOU મુલાકાત લઈ ચૂક્યાં છે.
- ✓ શાંઘાઈ કો-ઓપરેશન-SCO દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને વિશ્વની આઠમી અજાયબી જાહેર કરાઈ હતી

<u>કેવડિયામાં પ્રથમ વોટર એરોડ્રોમનું ઉદઘાટન તથા સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ વચ્ચે જળવિમાન સેવાઓનો શુભારંભ</u>

- ✓ ભારતની પહેલી વાણિજ્યિક જળવિમાન સેવા
- ✓ સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કેવડિયા અને સાબરમતી રિવરફ્રન્ટ વચ્ચે યાત્રાનો સમય ૪ કલાકથી ઘટાડી ૪૫ મિનિટ

<u>જળ હવાઈ મથકની મુખ્ય વિશેષતાઓ</u>

- ✓ ટર્મિનલ બિલ્ડિંગ ક્ષેત્રફળ-૭૦૦ ચો.મી.
- ✓ પ્રતિ વિમાન ૧૪ યાત્રીની ક્ષમતાવાળા શ્રેણી ૨બી ટાઈપ ફલોટપ્લેન
- ✓ આઠ ટ્રિપ પ્રતિ દિન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૨. નિધન : પ્રથમ જેમ્સ બોન્ડ અભિનેતા સર શોન કોનેરીનું ૯૦ વર્ષે અવસાન</u>




- ✓ હોલિવૂડના પ્રથમ જેમ્સ બોન્ડ - ૭ વાર જેમ્સ બોન્ડની ભૂમિકા ભજવી

**<u>જેમ્સ બોન્ડ મૂળ એક કાલ્પનિક જાસૂસી પાત્ર</u>**

**<u>કારકિર્દી :</u>**

- ✓ વર્ષ ૧૯૬૨માં પ્રથમવાર 'ડૉ. નો' - ફિલ્મમાં જેમ્સ બોન્ડનું પાત્ર ભજવ્યું હતુ.

**<u>પ્રસિદ્ધ ડાયલોગ :</u>**

- ✓ The names bond... James bond
- ✓ બ્રિટિશ એજન્ટ – 007 તરીકે

**<u>શોન કોનેરીની કેટલીક સિદ્ધીઓ</u>**

- ✓ વર્ષ 1988માં અનટચેબલ્સમાં પોલીસની ભૂમિકા માટે ઓસ્કાર
- ✓ વર્ષ 2000માં ક્વિન એલિઝાબેથ દ્વારા નાઇટહૂડનો ખિતાબ એનાયત
- ✓ બે વાર બાફ્ટા અને ૩ ગોલ્ડન ગ્લોબ એવોર્ડથી સન્માનિત
- ✓ સ્થાન : લંડન (UK)
- ✓ જન્મ : સ્કોટલેન્ડ (UK)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## 3. નિમણૂક : નિવૃત્ત IAS સંગીતા સિંઘની ગુજરાતના નવા વિજિલન્સ કમિશનરપદે નિમણૂક




- ✓ રાજ્ય તકેદારી આયોગ-ગાંધીનગર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૪. નિર્ણય : કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય

**વર્ષ ૨૦૨૧-૨૨થી દેશભરની ૩૧ સૈનિક સ્કૂલોમાં OBC - નોન ક્રિમિલિયર માટે ૨૭ ટકા બેઠકો અનામત**

**વર્તમાન સ્થિતિ :**

- ✓ **ખાસ:** અનામત બેઠક ન ભરાય તો હોમ સ્ટેટના મિલિટરી અને જનરલ કેટેગરીનાને પ્રવેશ




- ✓ અત્યારે સૈનિક સ્કૂલોમાં એસસીને ૧૫ ટકા, એસટીને ૭.૫ ટકા અને ડિફેન્સ કેટેગરી અંતર્ગત મિલિટરી કર્મચારીઓના સંતાનો માટે ૨૫ ટકા બેઠકો અનામત રખાય છે.
- ✓ આ અનામતો ઉપરાંત હવે ઓબીસીને ૨૭ ટકા અનામત અપાશે. આ સાથે સૈનિક સ્કૂલોમાં અનામતનું પ્રમાણ ૭૪.૫ ટકા પર પહોંચી જશે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૫. માઈક્રો ક્રેડિટ યોજના – કેન્દ્ર સરકાર (સહાય)




- ✓ **હેતુ:** સામાજિક યોજનાઓનો લાભ આપવા ભારતના ફેરિયાઓ અને પાથરણાવાળાઓ સામાજિક અને આર્થિક ડેટા બેઝ તૈયાર કરવા માઈક્રો ક્રેડિટ સ્કીમ

**જિલ્લા અને શહેર સ્તરે સમિતિઓ રચાશે**

- ✓ લાભાર્થીઓનો ડેટાબેઝ તૈયાર કરવાથી તેઓ કોણ છે અને સરકારની કલ્યાણ યોજના હેઠળ કેટલા લોકોને આવરી લેવામાં આવ્યા છે તેની વિગતો તૈયાર કરાશે.

- ✓ આ માટે સરકાર કલેક્ટર્સ સમિતિઓ બનાવવા માગે છે આ પછી દરેક શહેરમાં નોડલ ઓફિસર્સની નિયુક્તિ કરાશે.
- ✓ તમામ લાભાર્થીઓને સરકારની તમામ કલ્યાણ યોજનામાં સામેલ કરાશે.
- ✓ સમાજ કલ્યાણ યોજનાઓના સ્ટ્રીટ વેન્ડર્સ સ્વનિધિ યોજનાને કાયમી સ્થાન અપાશે.
- ✓ માઈક્રો ક્રેડિટ કાર્યક્રમ હેઠળ સ્ટ્રીટ વેન્ડર્સને વર્કિંગ કેપિટલ તરીકે રૂ. ૧૦,૦૦૦ આપવામાં આવે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૬. અક્ષયપાત્ર : બ્રિટનમાં ગરીબ બાળકોને ભોજન આપશે (સેવા)




વિગત :

- ✓ ભારતમાં ગરીબ બાળકોને ભોજન પૂરું પાડતી સંસ્થા અક્ષયપાત્ર ચેરિટી હવે બ્રિટનના જીએમએસપી ફાઉન્ડેશન સાથે મળીને જરૂરિયાતમંદ બાળકોને મફત ભોજન પૂરું પાડશે.
- ✓ ઉત્તર પશ્ચિમ લંડનના વોટફોર્ડ કિચનમાંથી પ્રથમ જથ્થો વહેંચાયો હતો.
- ✓ ઇંગ્લેન્ડમાં 30 લાખથી વધુ બાળકોને શાળામાં રજા દરમિયાન ભોજનની જરૂર પડતી હોય છે.
- ✓ ગુજરાતમાં મધ્યાહ્ન ભોજન અંતર્ગત અક્ષયપાત્ર દ્વારા સ્કૂલના બાળકોને ભોજનની સુવિધા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૭. ઓપરેશન મેડલ : કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા પોલીસકર્મીઓ માટે વિશેષ 'ઓપરેશન મેડલ'ની જાહેરાત (સુરક્ષા-સન્માન)




**કોનુ સન્માન કરાશે અને રાજ્ય**

- ✓ ગુજરાત : ગુજરાત ATSના નવા વડા હિમાંશુ શુક્લા સહિત પાંચ અધિકારીઓ
- ✓ દિલ્હી : ૧૫
- ✓ કેરળ : ૦૮
- ✓ કર્ણાટક : ૦૬
- ✓ તામિલનાડુ : ૦૫
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૮. કેસર દિવસ : 27 ઓક્ટોબર (કૃષિ)
## વિશ્વની સૌથી મોંઘી કૃષિ પેદાશ-કેસર : શ્રીનગર-કાશ્મીરમાં લણણીનો પ્રારંભ




**કેસર પાક વિશે :**

- ✓ શ્રીનગર-કાશ્મીરમાં હજારો એકર જમીનમાં કેસરની ખેતી.
- ✓ કેસર દિવસ એટલે કે 27 ઓક્ટોબરથી પાકની લણણીનો પ્રારંભ.
- ✓ ઓક્ટોબરમાં જેવા જ કેસરના ફૂલ ખીલે છે એવી જ રીતે ખેડૂત પરિવાર ટોકરીઓની સાથે ખેતરોમાં પહોંચવા લાગે છે અને ફૂલો વીણે છે.
- ✓ નેશનલ સેફ્રોન મિશન સાથે સંકળાયેલા કૃષિ વિજ્ઞાની જણાવે છે કે કેસર દુનિયાનો સૌથી મોંઘો પાક છે. કેસર 1.60 લાખથી 3 લાખ રૂપિયા કિલોના ભાવે વેચાય છે.
- ✓ ભારતમાં તેનું ઉત્પાદન ફક્ત કાશ્મીરમાં થાય છે. અહીં દર વર્ષે 3715 હેક્ટરમાં કેસરનો પાક લેવાય છે. તેનાથી આશરે 5 ટન કેસરના ઉત્પાદનનો અંદાજ છે.
- ✓ આ ખેતીથી 16 હજાર પરિવારોને રોજગાર.

**લણણીની પ્રક્રિયા :**

- ✓ પહેલા ખેતરોમાંથી ફૂલ વીણવામાં આવે છે. પછી તેમાંથી સ્ટિગ્માને અલગ કરાય છે. તે સ્ટિગ્માને ઓછામાં ઓછા 5 દિવસ સુકવાય છે જે પછી કેસર કહેવાય છે.
- ✓ કેસરના એક ફૂલમાં બેથી ત્રણ સ્ટિગ્મા હોય છે. આશરે 1.60 લાખથી 1.70 લાખ ફૂલોથી એક કિલો કેસર નીકળે છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૯. જન્મ દિન વિશેષ : 31 ઓક્ટોબર
## રાષ્ટ્ર નિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલ
### જન્મ : 31 ઓક્ટોબર 1875
### અવસાન : 15 ડિસેમ્બર 1950

- ✓ 'કણબી પાછળ કરોડો અને કણબી કોઈની પાછળ નહિ' તેવી કહેવતને સાર્થક કરનાર અને ભારતનો દરેક નાગરિક જેઓને પોતાના નેતા તરીકે જુએ છે. તેવા સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિવસ.




- ✓ રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાન, દેશી રિયાસતોનું એકીકરણ વગેરે અત્યંત જાણીતા તથ્યો વચ્ચે તેમના જીવનનું આદિવાસી પરિમાણ જોઈએ.

- ✓ 'તાડ જેવું ઝાડ જેમા એક પણ ડાળખું નથી હોતું તેના પર બંદુકની ગોળીની પેઠે ચડી જનારો અને જંગલમાં વાઘ અને વરુઓ જેવા હિંસક પ્રાણીઓ સાથે રહેનારો આદિવાસી અંગ્રેજો, શાહુકારો-શોષકોથી ડરીને ચાલશે.' આ શબ્દો બારડોલી ખેડૂત સત્યાગ્રહ સમયે આદિવાસીઓની સભામાં કહ્યા અને હજારોની સંખ્યામાં આદિવાસીઓ રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામ માટે તૈયાર થઈ ગયા.
- ✓ આદિવાસી સમાજને ગજબનો સધિયારો પૂરો પાડનાર અને માળખાકીય સુવિધાના માસ્ટર, રાષ્ટ્ર નાયક સરદારની વૈચારિક નિશ્રામાં આદિવાસીઓમાંથી અગ્ર વર્ગ તૈયાર થયો હતો.
- ✓ જેઓએ પ્રત્યેક ક્ષેત્રે આદિવાસી સમાજને કુશળ નેતૃત્વ પૂરું પાડ્યું હતું.
- ✓ સરદાર પટેલનું 15 ડીસેમ્બર 1950ના રોજ મુંબઈ ખાતે અવસાન થયું હતું.

## ૧૦. દિન વિશેષ : 31 ઓક્ટોબર

**પૂણ્યતિથિ : પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી**

- ✓ ઈન્દિરા ગાંધીનું સમાધિ સ્થળ-શક્તિ સ્થળ, નવી દિલ્હી
- ✓ એસ. ડી. બર્મન, અને અમૃતા પ્રીતમની પણ પુણ્યતિથિ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૧-૧૦-૨૦૨૦)**

1. તા.૩૧ ઓકટોબર-૨૦૨૦ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની કેટલામી જન્મજયંતીની ઊજવણી કરવામાં આવી - **૧૪૫**
2. રાષ્ટ્રીય એકતા દિવસ કયારે ઉજવવામાં આવે છે - **તા. ૩૧ ઓકટોબર સરદાર પટેલના જન્મ દિવસે**
3. તા. ૩૧ ઓકટોબર-૨૦૨૦ના રોજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી-કેવડિયા ખાતે કોની ઉપસ્થિતિમાં CRPF દ્વારા રાષ્ટ્રીય એકતા પરેડનું આયોજન કરાયું હતુ - **વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી**
4. PM મોદી દ્વારા તા.૩૧-૧૦-૨૦૨૦ના રોજ SOU-કેવડિયાથી અમદાવાદ રિવરફ્રન્ટ વચ્ચે કઈ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો - **દેશની પહેલી સી-પ્લેન સર્વિસ**
5. ગુજરાત સ્થિત કઈ પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી તેમજ ભારતની એકતા અને અખંડિતતાનું પ્રતિક સમાન છે - **"સ્ટેચ્યૂ ઓફ યુનિટી"**
6. વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીમાં કેટલા લોકોએ SOUની મુલાકાત લઈ ચૂક્યાં છે - **૪૫ લાખથી વધુ**
7. કોના દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને વિશ્વની આઠમી અજાયબી તરીકે જાહેર કરવામાં આવી હતી - **SCO**
8. સી-પ્લેનના માધ્યમથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કેવડિયા અને સાબરમતી રિવરફ્રન્ટ વચ્ચે ૪ કલાકની યાત્રા કેટલા સમયમાં પૂર્ણ થશે - **૪૫ મિનિટ**
9. ઓકટોબર-૨૦૨૦માં કયા પ્રથમ જેમ્સ બોન્ડ અભિનેતાનું ૯૦ વર્ષે અવસાન થયું - **સર શોન કોનેરી**
10. સૌપ્રથમવાર કયારે ડૉ. નો-ફિલ્મમાં જેમ્સ બોન્ડનું પાત્ર ભજવ્યું હતુ - **વર્ષ ૧૯૬૨**
11. અભિનેતા શોન કોનેરી કયા નામે પ્રસિદ્ધ હતા - બ્રિટિશ એજન્ટ – **007**
12. હોલિવૂડમાં પ્રચલિત કાલ્પનિક જેમ્સ બોન્ડના પાત્રની મુખ્ય ભૂમિકા કઈ છે – **જાસૂસી પાત્ર**
13. અભિનેતા શોન કોનેરીને ક્યા વર્ષે અનટચેબલ્સમાં પોલીસની ભૂમિકા માટે ઓસ્કાર મળ્યો હતો - **વર્ષ 1988**
14. અભિનેતા શોન કોનેરીને વર્ષ 2000માં ક્વિન એલિઝાબેથ દ્વારા કયો ખિતાબ એનાયત કરાયો હતો - **નાઇટહૂડ**

15. અભિનેતા શોન કોનેરી જન્મ કયાં થયો હતો - **સ્કૉટલેન્ડ (UK)**

16. ઓકટોબર-૨૦૨૦માં ગુજરાતના નિવૃત્ત IAS સંગીતા સિંઘની કયા પદે નિમણૂક કરાઈ હતી - **વિજિલન્સ કમિશનર**

17. કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨થી દેશભરની ૩૧ સૈનિક સ્કૂલોમાં OBCને નોન ક્રિમિલિયર માટે કેટલા ટકા બેઠક અનામત રાખવાનો નિર્ણય કરાયો - **૨૭ ટકા**

18. સૈનિક સ્કૂલોમાં અનામત બેઠક ન ભરાય તો કોને પ્રવેશ અપાશે - **હોમ સ્ટેટના મિલિટરી અને જનરલ કેટેગરી**

19. હાલમાં સૈનિક સ્કૂલોમાં SC, ST અને ડિફેન્સ કેટેગરી અંતર્ગત મિલિટરી કર્મચારીઓના સંતાનો માટે કેટલા ટકા બેઠકો અનામત રાખવામાં આવે છે – **અનુક્રમે ૧૫ ટકા, ૭.૫ ટકા અને ૨૫ ટકા**

20. કેન્દ્ર સરકાર દ્વારા સામાજિક યોજનાઓનો લાભ આપવા ભારતના ફેરિયાઓ અને પાથરણાવાળાઓ સામાજિક અને આર્થિક ડેટા બેઝ તૈયાર કરવા કઈ યોજના કાર્યાન્વિત કરશે - **માઈક્રો ક્રેડિટ સ્કીમ**

21. માઈક્રો ક્રેડિટ કાર્યક્રમ હેઠળ સ્ટ્રીટ વેન્ડર્સને વર્કિંગ કેપિટલ તરીકે કેટલી રકમ આપવામાં આવશે - **રૂ. ૧૦,૦૦૦**

22. રાષ્ટ્ર નિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ દિવસ જણાવો – **તા.31 ઓક્ટોબર 1875**

23. તા.૩૧મી ઓકટોબરે કોની પૂણ્યતિથિ મનાવવામાં આવે છે - **પૂર્વ PM ઈન્દિરા ગાંધી, એસ. ડી. બર્મન, અને અમૃતા પ્રીતમ**

24. કઈ જાણીતી સામાજિક સંસ્થા ભારતમાં ગરીબ બાળકોને ભોજન પૂરું પાડે છે - **અક્ષયપાત્ર ચેરિટી**

25. જાણીતી સંસ્થા અક્ષયપાત્ર ભારત બાદ હવે કયા દેશના ગરીબ બાળકોને ભોજન આપશે – **બ્રિટન**

26. ઓકોટોબર-૨૦૨૦માં કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા પોલીસકર્મીઓ માટે ક્યા મેડલની જાહેરાત કરાઈ - **વિશેષ ઓપરેશન મેડલ**

27. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા પોલીસકર્મીઓ માટે જાહેર કરવામાં આવેલા વિશેષ ઓપરેશન મેડલ માટે ગુજરાતના ક્યા કર્મીઓની પસંદગી કરવામાં આવી - **ગુજરાત ATSના નવા વડા હિમાંશુ શુક્લા સહિત પાંચ અધિકારી**

28. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા પોલીસકર્મીઓ માટે જાહેર કરવામાં આવેલા વિશેષ ઓપરેશન મેડલ અંતર્ગત કયા રાજ્યોના કેટલા પોલીસની પસંદગી કરવામાં આવી – **દિલ્હી : ૧૫, કેરળ : ૦૮, કર્ણાટક : ૦૬, તામિલનાડુ : ૦૫**

29. શ્રીનગર-કાશ્મીરમાં કયારે કેસર દિવસ મનાવવામાં આવે છે - **27 ઓક્ટોબર**

30. શ્રીનગર-કાશ્મીરમાં કયા દિવસથી સૌથી મોંઘા કેસરના પાકની લણણી શરૂ કરવામાં આવે છે - **27 ઓક્ટોબર - કેસર દિવસથી**

31. ભારતમાં એક માત્ર કેસરની ખેતી કયા પ્રદેશમાં થાય છે – **શ્રીનગર-જમ્મુ કાશ્મીર**

32. કેસરનો એક કિલોનો કેટલો ભાવ હોય છે - **રૂ.1.60 લાખથી 3 લાખ**

વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**............વંદે માતરમ્............**